卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી ગ્રંથમાલા-ગ્રંથાંક નં. ૧૧૬

# ઉપાધિમલતર્જના

-યાને-

# પ્રરુપણા-વિચાર

## સાનુવાદ ગ્રંથ

卐

: સંશોધક-અનુવાદક :

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક-સિદ્ધહસ્ત
લેખક-શાસન પ્રભાવક-શાસનકંટકોદ્ધારક

પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર
જ્યોતિર્વિદ્ પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.

卐

: પ્રકાશક :

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
વ્ય. શા. જીતેન્દ્રકુમાર લહેરચંદ
જી. ભાવનગર-વાયા તળાજા-મુ. ઠળીયા-૩૬૪૧૪૫

卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી ગ્રંથમાલા-ગ્રંથાંક નં. ૧૧૬

# ઉપાધિમતતર્જના

—યાને—

# પ્રરૂપણા-વિચાર

## સાનુવાદ ગ્રંથ

卐

: સંશોધક-અનુવાદક :

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક-સિદ્ધહસ્ત
લેખક-શાસન પ્રભાવક-શાસનકંટકોદ્ધારક
પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર
જ્યોતિર્વિદ્ પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.

卐

: પ્રકાશક :

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
વ્ય. શા. જીતેન્દ્રકુમાર લહેરચંદ
જી. ભાવનગર-વાયા તળાજા-મુ. ઠળીયા-૩૬૪૧૪૫

## સહાયકોની શુભ નામાવલી

રૂા. ૨૦૦૦=૦૦ પૂ. આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિ મ. ના ઉપદેશથી શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ–રાણપુર

રૂા. ૧૫૦૦=૦૦ પૂ. આ.શ્રી નરદેવસાગરસૂરિજી મ. ના ઉપદેશથી શ્રી આદિનાથ શ્વે. મૂ. પૂ. સંઘ–કતારગામ, સુરત

રૂા. ૧૦૦૦=૦૦ પૂ. ગણિ શ્રી પૂર્ણચંદ્રસાગરજી મ. ના ઉપદેશથી શ્રી આગમોદ્ધારક ફાઉન્ડેશન–સુરત

રૂા. ૨૦૦૦=૦૦ પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રી અંજનાશ્રીજી આરાધના ભવનની આરાધક બહેનો–પાલીતાણા

રૂા. ૧૫૦૦=૦૦ પૂ. સા. શ્રી ણિરંજનાશ્રીજી મ. ના સ્મરણાર્થે તેઓશ્રીના શિષ્યા પૂ. સા. શ્રી ધર્મરસાશ્રીજી મ. ના ઉપદેશથી ભક્તગણ–અમદાવાદ


વીર સં. ૨૫૩૩
કિંમત રૂા. ૩૦=૦૦

મૌન એકાદશી

વિ. સં. ૨૦૬૩
કોપી : ૫૦૦

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળા**
ઠે. ગિરિરાજ સોસાયટી, મુ. પાલીતાણા ૩૬૪૨૭૦

: મુદ્રક :

કહાન મુદ્રણાલય
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ-૩૬૪૨૫૦ ✆ : (2846) 244081

# 'પ્રરૂપણાવિચાર' ગ્રન્થ અંગેનો પૂર્વ ઈતિહાસ અને મનનીય પ્રસ્તાવના

*લે. 'શાસનકંટકોદ્ધારક' સૂરિશિશુ નરેન્દ્રસાગરસૂરિ*

પાલીતાણા ૨૦૬૩ કારતક સુદ ૫

આ 'ઉપાધિમત તર્જના'યાને પ્રરૂપણાવિચાર ગ્રંથના કર્તા અજ્ઞાતનામધેય કોઈ મહોપાધ્યાય જણાય છે અને તેઓએ આ ગ્રંથ તત્કાલીન પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજની મનઃ પ્રસન્નતા ખાતર વિક્રમ સંવત્ ૧૬૭૫મા બનાવેલ છે. તેમ પ્રશસ્તિમાંના શ્લોકોના આધારે નિશ્ચિત થાય છે.

યથાર્થનામા આ 'પ્રરૂપણાવિચાર' ગ્રંથમાં વિક્રમની ૧૭ મી શતાબ્દિના પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની પ્રરૂપણાઓ અંગેની મધ્યસ્થભાવે વિચારણા કરવામાં આવેલ છે. તેમાં પૂર્વપક્ષ તરીકે વિક્રમની ૧૭ મી શતાબ્દિમાં થયેલ નિર્નાયક એવા પૂ. મહો. શ્રી સોમવિજયજી મ. ની પ્રરૂપણાઓને અને ઉત્તરપક્ષ તરીકે પૂ. મહો. શ્રી ધર્મ સાગરજી ગણિવરની પ્રરૂપણાઓને લીધેલ છે.

પ્રભુ મહાવીરદેવની ૫૬મી પાટે થએલા પૂ. આ. શ્રી આનંદવિમલસૂરિજી મ. ની ૫૭મી પાટના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મ., ૫૮મા પટ્ટધર પૂ. આ શ્રી વિજય હીરસૂરિજી મ., ૫૯મા પટ્ટધર પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મ. અને ૬૦મા પટ્ટધર પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજ : આમ ૫૬-૫૭-૫૮-૫૯-૬૦ પટ્ટધરોના એકછત્રીય સામ્રાજ્યના કાલમાં વિદ્યમાન એવા પૂ. શાસનસ્તંભ, શાસન અને સ્વસમુદાયના હિતને માટે સદાય જાગ્રત, સમર્થ તાર્કિક શિરોમણિ એવા પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિવર તેમજ સમુદાયમાં

સારૂં વર્ચસ્વ ધરાવતા એવા પૂ. મહો. સોમવિજયજી મહારાજ : આ બંને પૂજ્યોનું દરેક પટ્ટધરોના તત્કાલીન સમુદાયના મુનિઓ તેમજ પ્રકાંડ મહોપાધ્યાયો ઉપર વર્ચસ્વ સારું હતું.

તેવી જ રીતે ૫૭–૫૮–૫૯ અને ૬૦ મા પટ્ટધર ગચ્છાધિપતિઓ પણ આ બંને મહોપાધ્યાયશ્રીઓની પ્રકૃતિથી સંપૂર્ણ માહિતગાર હતા, કે– "પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિ, સમર્થ તાર્કિક, વાદિપરાભવકારી, શાસન તથા સમુદાય માટે પ્રાણ ન્યોછાવર કરનાર છે અને આ મહો. શ્રી સોમવિજય ગણિ સમર્થ શક્તિશાળી–ગીતાર્થ હોવા છતાં પોતાના જ માન, સ્થાન અને ઉત્કર્ષની ખેવનાવાળા હોવા સાથે 'જો બીજા કોઈનું સ્થાન, ગચ્છાધિપતિની પાસે થાય, સમુદાયમાં કે શાસનમાં તેને માન, સન્માન મળે કે તે ઉત્કર્ષ પામે તો તેની અદેખાઈવાળા છે અને સાથોસાથ વધતા માન-સ્થાન ઉત્કર્ષ કે તેજને સહન કરવાને બદલે યેનકેન પ્રકારેણ તેની લઘુતા કેમ થાય? તેની ખાસ કાળજી રાખવાવાળા અને તેવી પેરવી કરનારા પણ છે!!"

આ પરિસ્થિતિના સંપૂર્ણ જાણ એવા તે તે પૂર્વ પૂજ્ય ગચ્છનાયકો —'दुर्जनं प्रथमं वंदे सज्जनं तदनंतरं ના ન્યાયે સામુદાયિક કે પર સામુદાયિક કોઈપણ મહત્વનું કામ ઉપસ્થિત થાય ત્યારે અથવા પ્રતિસ્પર્ધી વાદિ આદિનો પ્રસંગ આવે ત્યારે સમુદાયના પ્રકાંડ પંડિત મહોપાધ્યાયો તથા મહો. શ્રી સોમવિજય મ. ની સલાહ સૂચના લેતા હતા–પૂછતા હતા છતાં પણ છેવટે પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિની સલાહ સૂચનાને જ માન્ય રાખીને જ ચાલતા હતા. (કારણ કે તેમની સલાહ–સૂચના, સમુદાયના ઉત્કર્ષ માટેની જ હોવાથી) તેમજ આ પ્રરૂપણાવિચાર ગ્રંથના અજ્ઞાતનામા કર્તા પણ પૂ. મહો. શ્રી સોમવિ. મ. ની પદ્ધતિથી માહિતગાર હતા તેમ તેમની આ નીચેની વાતથી જણાઈ આવે છે. કારણ કે તે ગ્રંથ કરતાં તે ગ્રંથકાર લખે છે કે—

"अद्येह श्री प्रवचने ये केचन बुद्धेर्विपर्यासात् व्यापन्नदर्शनास्तेषां मूलभूतो निर्नामकः (निर्नायकः) प्रबलतरमिथ्यात्वमोहनीयोदयवशं-

वदः, पंचमारकविहितसहायकः, 'माऽयं गणभेदं करोतु' इति शंकमानैः भट्टारक श्री विजयसेनसूरिभिः प्रदत्तबहुमानजाताजीर्णः'' અર્થ :—"આ શ્રી જૈન શાસનમાં જે કોઈ પોતાની બુદ્ધિના વિપર્યાસ=ઉલટાપણાના કારણને લઈને વ્યાપન્નદર્શન=સમ્યક્ત્વભ્રષ્ટ (મિથ્યાત્વી) થયેલા આત્માઓ છે તે બધાયના મૂળ સ્વરૂપ એવો 'નિર્નામક' (નિર્નાયક ઉ. સોમવિ.) કે જે પ્રબલતર મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયને વશ છે અને જેને પાંચમા આરાએ સહાય કરેલ છે તે આત્મા, 'આ આત્મા, ગણનો ભેદ=સમુદાયની ચ્છિન્નભિન્નતા કરનારો ન થાવ' એવી શંકાએ કરીને સહિત એવા ભટ્ટારક પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મહારાજે જેમને બહુમાન આપેલ છે અને તે બહુમાનનું અજીર્ણ જેમને થયેલ છે તે ++'' આમ પ્રરૂપણાવિચાર ગ્રંથમાંના પૂર્વપક્ષની પ્રરૂપણાઓના વિચારના પ્રારંભમાં જ લખે છે તેથી તે મધ્યસ્થ અને ગીતાર્થ ગ્રંથકાર પણ પૂ. મહો. શ્રી સોમવિ. ગણિની પ્રકૃતિના પૂર્ણ જાણકાર હતા તેમ આપણે માની શકીએ છીએ.

અને તેથી જ તે ૧૭મી શતાબ્દિના પૂ. ભટ્ટારક પટ્ટધરો પણ–સમુદાયમાંના તે પૂ. મહો. શ્રી સોમ વિ. મ. ને અને તેમના પક્ષકાર એવા પંડિત પ્રવર મહોપાધ્યાયોની સલાહ, સૂચના, કાર્ય વિશિષ્ટ પ્રસંગે પહેલાં લેવાનું રાખતા હતા. અને આખરી સલાહ સૂચના પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજની લેવાનું રાખતા હતા. અને તેમની સમુદાય અંગેના ઉત્કર્ષને કરનારી હિતસ્વી સલાહ-સૂચના જ માન્ય રાખતા હતા. જેમકે....

૧. પ્રભુ મહાવીર દેવની ૫૭મી પાટે આવેલા ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજ, પોતાની પ્રીતિસંપાદન કરેલ 'પૂ. મહો. શ્રી રાજવિમલગણિ' ને જ પોતાની પાટે સ્થાપવાની ઈચ્છાવાળા હોવા છતાં અને સમુદાયના મહોપાધ્યાયો આદિની પણ તેવી જ ગણત્રી હોવા છતાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મ. ની વાતને જ માન્ય રાખીને પં. હીરહર્ષને આચાર્યપદવીદાન કરવાપૂર્વક 'વિજયહીરસૂરિજી'નામ સ્થાપના કરીને પોતાની પાટે સ્થાપ્યા.

૨. વિજયદાનસૂરિજી મ. ની પાટે આવેલા ૫૮મા પટ્ટધર પૂ. આ શ્રી વિજય હીરસૂરિજી મહારાજે પણ દેવીવચન અને તે અંગે પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિનું પ્રોત્સાહન મળતાં પર્યાય અને જ્ઞાને કરીને વૃદ્ધ એવા પ્રકાંડ મહોપાધ્યાયો સમુદાયમાં હોવા છતાં તે બધાયને છોડીને બાલસાધુ એવા 'જયવિમલ' ને આચાર્યપદ આપીને અને 'વિજયસેનસૂરિ' નામ સ્થાપીને પોતાની પાટે સ્થાપ્યા.

## પ્રતિપક્ષી ઉપાધ્યાયોની પ્રચારનીતિ

પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજયદાનસૂરિજી મ., પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજી મ. તથા પૂ. આ. શ્રી વિજયસેન સૂરિજી મ. આદિ પૂજ્યોના દિલમાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિનું આવા પ્રકારનું સ્થાન અને માન જોઈને અતિશય ક્રોધે ભરાયેલા એવા પૂ. મહો. શ્રી સોમવિ. મહારાજ અને તેમના પક્ષકાર પૂ. મહો. શ્રી રાજવિમલ ગણિ, પૂ. મહો. શ્રી માનવિજય, પૂ. મહો શ્રી કલ્યાણ વિ., પૂ. મહો શ્રી ભાનુચંદ્રજી, પૂ. મહો. શ્રી સિદ્ધિચંદ્રજી, પં. શ્રી નંદિ વિ ગણિ આદિએ પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિનું માન-મહત્વ-પ્રતિભા-સ્થાન અને વર્ચસ્વને ધક્કો પહોંચાડવા તેમ જ તેમને બદનામ કરવા માટે તેઓશ્રીના બનાવેલા 'પ્રવચન પરીક્ષા' તથા 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણ ઠરાવવા માટે—

"આ ગ્રંથોમાં અન્ય ધર્મોની અને અન્ય ગચ્છોની નિંદા કરવામાં આવેલ છે, પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજે જે 'ઉત્સૂત્રકુંદકુદાલ' ગ્રંથને જલશરણ કરાવેલ છે તે ગ્રંથને આ ગ્રંથોમાં 'આગમાનુસારી વચનવાળો' જણાવેલ છે, પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજી મ. તથા પૂ. આ શ્રી વિજયસેનસૂરિજી મ. ને ગાળો આપી છે, મિથ્યાત્વી કહ્યાં છે, પાંચ બોલ–બારબોલની છડેચોક અવગણના કરી રહ્યા છે, અને વિપરીત પ્રરૂપણાઓ કરેલી છે!! માટે આવા શાસનહીલનાકારી, ભટ્ટારકોની અવહેલનાકારી ગ્રંથોને વહેલી તકે અપ્રમાણિક ગ્રંથો તરીકે જાહેર કરવા જોઈએ તેમ જ તેવી અવહેલના કરનારા સાગરોને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ" આવો સ્વ તથા પર સમુદાયના મુનિઓમાં તેમજ શ્રાવકવર્ગમાં

પ્રચાર આદરી દીધો. તેમજ ૫૮, ૫૯ મા પટ્ટધર પૂ. આ. શ્રી વિજય હીરસૂરિજી મ., પૂ. આ શ્રી વિજયસેનસૂરિ મહારાજને પણ રૂબરૂ જણાવ્યું.

## પ્રવચન પરીક્ષા ગ્રંથાધારે જ ખરતરોનો કરેલો પરાજય

આ વાતોના પ્રતીકાર માટે પૂ. ભટ્ટારક શ્રી હીરસૂરિજી મહારાજે આગરાસ્થિત પૂ. આ. શ્રી સેનસૂરિજી મ. ને પાટણ આવીને ખરતરો સાથે વાદ કરીને પરાભવિત કરવાની આજ્ઞા પાઠવી. આ આજ્ઞાનુસાર પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મહારાજે સં. ૧૬૪૨ માં પાટણ આવીને પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિના બનાવેલ 'પ્રવચન પરીક્ષા' ગ્રંથના આધારે જ વાદ કરવાપૂર્વક ખરતરોને પરાભવિત કર્યા અને સં. ૧૬૪૩માં અમદાવાદ ખાતે સૂબાની સભા સમક્ષ એ જ 'પ્રવચન પરીક્ષા' ગ્રંથાનુસારે ખરતરો અને તેમની સાથે મૈત્રી સંબંધ રાખતા એવા પોતાના ઉપાધ્યાયવર્ગ આદિનો સજ્જડ પરાભવ પોતાના શિષ્યને મોકલી કરાવ્યો. આમ તે પ્રવચન પરીક્ષા ગ્રંથને અપ્રમાણ કરાવાના બદલે અમરપદ અપાવ્યું.

## સર્વ સંમતિથી સર્વજ્ઞશતકાદિ ગ્રંથોને પ્રમાણિક ઠરાવ્યા.

પોતાની પ્રચારનીતિને ફળ બેસારવાને બદલે આવી રીતનું પગલું પૂ. ભટ્ટારકો તરફથી લેવાતાં નાખુશ થયેલા પ્રતિસ્પર્ધી વર્ગે પૂ. હીરસૂરિજી મ. ના સ્વર્ગવાસ બાદ પૂ. આ. શ્રી સેનસૂરિજી મહારાજ ઉપર વધુ પડતું દબાણ કરતાં તે વર્ગને પૂજ્યશ્રીએ એટલું જ જણાવ્યું કે 'અમદાવાદમાં સમુદાયના સર્વગીતાર્થોનું સંમેલન વૈશાખ માસમાં બોલાવીશ અને તેઓ સર્વસંમતિથી જે નિર્ણય આપશે તે જાહેર કરીશ.' આમ કહીને પૂજ્યશ્રીએ અમદાવાદમાં ગીતાર્થ મહોપાધ્યાયોનું સંમેલન બોલાવ્યું અને તેમાં બધી વાતોની રજુઆત કરી અને સં. ૧૬૭૧ના વૈશાખ શુદિ ૩ના દિવસે ચતુર્વિધ સંઘ સમક્ષ બંને પક્ષના ગીતાર્થ સાધુઓના સંમેલનમાં ચર્ચા-વિચારણાઓ થયા બાદ સર્વ ગીતાર્થોએ—"પ્રવચન પરીક્ષા, સર્વજ્ઞશતક, ઈર્યાપથિકીકુલક અને ધર્મતત્ત્વવિચાર" આ ચાર ગ્રંથોને 'પ્રમાણિક ગ્રંથો' તરીકે જાહેર કરીને અમદાવાદ-પાટણ-ખંભાત-

ગંધાર આદિ નગરોના જ્ઞાનભંડારોમાં તેની નકલો કરાવીને પણ મૂકાવ્યા.—[જુઓ વીરવંશાવલી, આણસૂરગચ્છયતિકૃત સાગર ગચ્છપટ્ટાવલી આદિ]

## પરિણામે પ્રતિપક્ષયૂથમાં વ્યાપક બનેલી કીન્નાબુદ્ધિ

પૂ. ગચ્છનાયક શ્રી વિજયસેનસૂરિજી મ.ના હાથે જ 'સર્વજ્ઞશતક' આદિને અપ્રમાણ જાહેર કરાવવાની પૂ. મહો. શ્રી સોમવિ. ગણિ આદિની ધારણા અને યોજના હતી તેને ભટ્ટારક વિજયસેનસૂરિજી મહારાજે 'ગીતાર્થસંમેલન' કરીને 'પ્રમાણિક ગ્રંથો' તરીકે જાહેર કરાવ્યા અને તેમાં પોતાના પક્ષકારોને પણ સંમતિ આપવી પડે! એક પ્રતની નકલને બદલે અનેક નકલ થાય! અને પ્રસિદ્ધ શહેરોના જ્ઞાનભંડારોમાં પણ મૂકાય!! આ બધું પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયોને અતિશય અસહ્ય થઈ પડ્યું. આથી તે સંમેલન બાદ વિશાળ પરિવાર સાથે ખંભાત ચોમાસુ પધારી રહેલા પૂ. ભટ્ટારક વિજયસેનસૂરિજી મહારાજને સોજીંત્રા ગામે નવકારશી વખતે પ્રતિસ્પર્ધી સાધ્વાભાસે વિષ આપી દઈને પૂ. ગચ્છાધિપતિને મૃત્યુના ઘાટે ઉતારી દીધા!!

આ પછી પૂ. આ. શ્રી વિજયસેનસૂરિજી મ. ની પાટે આવેલા પૂ. આ. શ્રી વિજય દેવસૂરિજી મહારાજ પણ આ કિન્નાખોરીભર્યા કાવતરાં બાદ વધુ સજાગ બની ગયા અને પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયો સાથે ઉપરછલ્લો સંબંધ અને સ્નેહ રાખવા લાગ્યા!! પૂ. મહો. શ્રી સોમવિ. મહારાજે તો સામેથી–'સેવામાં' આવવાની માંગણી કરી ત્યારે પૂ. ગચ્છાધિપતિ વિજયદેવસૂરિજી મહારાજે 'અમારી પાસે તમારું કામ નથી' એમ જણાવી સ્પષ્ટ ના સુણાવી દીધી!! (વિજય તિલકસૂરિ રાસ કડી ૧૦૬૧)

આમ છતાં કપટકલાનિષ્ણાત અને ખટપટી એવા પૂ. મહો. શ્રી સોમવિજયજી મહારાજે નિર્ધાર કર્યો કે –"જહાંગીર બાદશાહ પાસે મહો. શ્રી ભાનુચંદ્રગણિ તથા મહો. શ્રી સિદ્ધિચંદ્ર ગણિની લાગવગ ઘણી હોવાથી તેઓની દ્વારા બાદશાહને ઠસાવી દેવું જરૂરી છે કે 'કજીયાનું મૂળ'

વર્તમાન ગચ્છાધિપતિ આ. શ્રી વિજયદેવસૂરિજી તથા સાગરો છે તેમજ સાગરના બનાવેલા પ્રવચન પરીક્ષા અને સર્વજ્ઞશતક ગ્રંથમાં બીજા બીજા ગચ્છો-સંપ્રદાયો તેમજ પરદર્શનીઓને ખૂબજ ભાંડ્યાં છે તો તેને સદંતર ખોટા ગ્રંથો તરીકે જાહેર કરો કે-જેથી બીજા-બીજા દર્શનો અને જૈનદર્શન તથા બીજા ગચ્છોમાં શાંતિ થાય, ક્લેશ-કંકાસ મટે.''

આ નિશ્ચય કરીને પૂ. મહો. શ્રી ભાનુચંદ્રગણિને તાકીદ આપી. ભાનુચંદ્રજી ગણિ મારવાડમાં હોવાથી તેઓએ પૂ. મહો. શ્રી સિદ્ધિચંદ્ર ગણિને બધી વાતની જાણ કરીને માંડવગઢ પહોંચવાની આજ્ઞા પાઠવી. આથી ૧૬૭૩માં સિરોહીથી દડમજલ વિહાર કરીને તેઓ માંડવગઢ પહોંચી જઈને જહાંગીર બાદશાહને અરજ કરી કે ''પાદશાહ! એક અગત્યના કામે આવ્યો છું કે—''સાગરોએ 'સર્વજ્ઞશતક' નામનો ગ્રંથ બનાવીને તેમાં 'જગદ્‌ગુરુ તેમજ વિજયસેનસૂરિજી મ. ને ગાળો આપી છે, ખૂબ ભાંડ્યા છે, તેમ ઘણી ખોટી ખોટી વાતો લખી છે. અને તેવી જૂઠી વાતો લખનાર તે સાગરોને તેમજ તેમના પક્ષકાર સેનસૂરિજી મ. ની પાટે આવેલા વિજય દેવસૂરિજીને યોગ્ય સલાહ-સૂચના આપો અથવા 'સેનસૂરિ મ. ના ખરા વારસદાર એ નથી' તેમ જાહેર કરશો કે-જેથી દરેક ગચ્છોમાં ક્લેશ-કંકાસની શાંતિ થાય.''

પૂ. મહો. શ્રી સિદ્ધિચંદ્રજીએ ગણિની આવી ભંભેરણીથી ઉશ્કેરાયેલા બાદશાહ જહાંગીરે ખંભાત ચોમાસું રહેલા પૂ. ભટ્ટારક શ્રી વિજયદેવસૂરિજી મ. ને તેમજ રાધનપુર રહેલા પૂ. મહો. શ્રી નેમસાગરજી ગણિને આ ચોમાસામાં માંડવગઢ આવી જવા માટેનું તાકીદનું ફરમાન મોકલ્યું! આથી ખંભાતથી પૂ. ગચ્છનાયક સપરિવાર તેમજ રાધનપુરથી મહો. શ્રી નેમિસાગરજી ગણિ, પં. વીર સા., પં. ભક્તિસા., પં. કુશલ સા., પં. પ્રેમ સા., પં. શુભ સા., પં. શાંતિ સા., પં. ગુણ સા. આદિની સાથે ચોમાસામાં જ વિહાર કરી માંડવગઢ પધાર્યા—અને બાદશાહ જહાંગીરની રાજસભામાં પંડિતોની હાજરીમાં પ્રતિસ્પર્ધી એવા પૂ. મહોપાધ્યાયોની સમક્ષ પૂ. ગચ્છાધિપતિ તથા પૂ. મહો. શ્રી નેમસાગરજી ગણિએ વાદનો પ્રારંભ કર્યો. તેમાં સર્વજ્ઞશતક ગ્રંથમાંની-''<u>કેવલીની</u>

કાયાથી જીવ વિરાધના થાય નહિ, જમાલી–મરીચી આદિ દેવ-ગુરુની આશાતનાકારીને અનંતો સંસાર, મરીચીનું વચન, ઉત્સૂત્ર નહી પણ દુર્ભાષિત, ઉત્સૂત્રમિશ્ર વગેરે જે જે વાતો બાદશાહ સમક્ષ પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયોએ રજૂ કરી તે તે દરેક વાતોનો જડબાતોડ જવાબો, પૂ. મહો. શ્રી નેમિસાગરજી ગણિવરે આપવાથી તે ઉપાધ્યાયોને આખરે ચૂપકીદી પકડવી પડી.

તેથી બાદશાહે પોતાની પંડિત પર્ષદાથી યુક્ત એવી રાજસભામાં 'સર્વજ્ઞશતક' ગ્રંથને પ્રમાણિક ગ્રંથ તરીકે જાહેર કર્યો અને—આ પ્રરૂપણા વિચાર ગ્રંથમાંના श्रीमत्साहिसलीमभूमिपतिना श्रुत्वा नवीना स्थिती–रन्यायेष्वसहिष्णुना वरचरादीदाभिधे पर्वणि। रवर्यारोहणपूर्वकं कथनतः सूरित्वमुद्दालितं, गच्छो रासभिको ह्यसाविति जने प्राप प्रसिद्धिं ततः એ શ્લોકાનુસાર જહાંગીર બાદશાહે પ્રતિસ્પર્દ્ધિ મહોપાધ્યાય વર્ગે પોતાના નવા બનાવેલા આચાર્ય તિલકસૂરિજીને ગર્દભ ઉપર બેસાડીને તેમના સૂરિપદને ફોક કર્યું અને પૂ. ભટ્ટારક વિજયદેવસૂરિજી મ. ને 'જહાંગીર મહાતપાનું અને પૂ. મહો. શ્રી નેમિસાગરજી ગણિને 'વાદીજીપક' (જગજીપક)નું બિરુદ રાજ્યસભામાં એનાયત કરીને પોતાના પ્રધાન-મંત્રીઓ આદિને આદેશ આપ્યો કે—

"अन्यदा मंडपाचले श्री अकब्बरपातिशाहिपुत्र जहांगीर श्री सलेमशाहिः सूरीन् (विजयदेवसूरीन्) स्तंभतीर्थतः सबहुमानमाकार्य गुरूणां मूर्तिः, रुपस्फूर्तिं च वीक्ष्य वचनागोचरं चमत्कारमासवान्। ततः समये श्री गुरुभिः समं धर्मगोष्ठीक्षणे विचित्रधर्मवार्तां (महो. श्री धर्म सा. गणि सत्कां वार्ता) दृष्ट्वा साक्षाद् गुरुस्वरूपं निरूपमं च दृष्ट्वा स्वपक्षीयैः परैः (महो श्री सिद्धिचंद्राद्यैः) प्राक् किंचिद् व्युद्ग्राहितोऽपि साहिस्तदा तत्पुण्यप्रकर्षेण हर्षितस्सन् 'श्री हीरसूरीणां विजयसेनसूरीणां' च एते (विजयदेवसूरयः) एव पट्टधराः सर्वाधिपत्यभाजो भवन्तु, नापरः (विजयतिलकसूरिरादि) कोऽपि कूपमंडुकप्राय, इत्यादि भूयः प्रशंसां सृजन् 'जहांगीरी महातपा' बिरुदं दत्तवान्।

अनुज्ञापितवांश्च तपागच्छीयश्रावकेन्द्रचन्द्रपालादीन् 'यदस्मदीय दक्षिणी महावाद्यवादनपूर्वकं गुरून् (विजयदेवसूरीन्) स्वाश्रयं प्रेषयन्तु, यथा युष्मद्गुरून् वयमपि गवाक्षस्था निरीक्ष्य हृष्टा भवामः।' इत्यादि वचनोत्साहितैस्तैः राजमान्यसंघै-र्दाक्षिणात्य-मालवीयसंघैश्च तथा महोत्सवाः कृता यथा तपगणसंघमुखे पूर्णिमावतीर्णा, अन्येषां च गुरुद्विषां (महो श्री सोम वि. भानुचंद्रादीनां) मुखेऽमावास्येति किं बहुना ? यथा पुराऽकब्बरेण श्री हीरसूरिविरास्ततोप्याधिक्येन श्री विजयदेवसूरयः श्री शाहि जहांगीरेण सन्मानिताः (પટ્ટાવલી સમુચ્ચય, ભ્રા-૧ પૃ. ૮૩, 'પ્રાચીનાર્વાચીન ઇતિહાસોની સમીક્ષા' પૃ-૧૬૩) પ્રતિપક્ષવર્ગની હાજરીમાં જ હાથીની અંબાડીમાં 'સર્વજ્ઞશતક' ગ્રંથને પધરાવી બાદશાહી વાજીંત્રોના નાદપૂર્વક વરઘોડો માંડવગઢમાં કાઢી પૂ. દેવસૂરિજી મ. ને ઠાઠમાઠથી ઉપાશ્રયે પહોંચાડવાની આજ્ઞાનું પાલન કરવાની સાથે પૂ. આ. શ્રી વિજય દેવસૂરિજીને ઉપાશ્રયે પધરાવવાનું કાર્ય સંઘમુખ્ય ચંદ્રપાલ આદિ અને તે તે સંઘોએ કર્યું!!

આમ વારંવાર પ્રતિસ્પર્ધિ ઉપાધ્યાયો દ્વારા જ પૂ. ભટ્ટારક આ શ્રી વિજયસેનસૂરિજી મહારાજે સં. ૧૬૭૧માં અમદાવાદ મુકામે સમસ્ત ગીતાર્થોનું સંમેલન બોલાવીને તે સમસ્ત ગીતાર્થોની પૂર્ણ સંમતિથી 'સર્વજ્ઞશતક' આદિ ગ્રંથોને પ્રમાણિક ઠરાવ્યા છતાં પ્રતિસ્પર્ધિ ઉપાધ્યાયજીએ જહાંગીર પાતશાહની રાજસભામાં 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણ કરાવવાની પુષ્કળ કોશિષ કરવા છતાં, પોતાના પક્ષને નામોશી મળી! અને 'સર્વજ્ઞશતક' પ્રમાણિક ઠર્યા પછી પણ શાંત બેસી રહેવાને બદલે પાછી તેની ચર્ચા ચાલુ કરતાં તત્કાલીન પટ્ટધર પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજે સં. ૧૬૮૬ ના જેઠ શુ. ૧૩ શુક્રવારના રોજ ૭ બોલનો પટ્ટક જાહેર કર્યો હતો. જે નીચે મુજબ :—

॥ एर्द० ॥ સંવત્ ૧૬૮૬ વર્ષે શ્રી રાજનગરે જ્યે શુ, ૧૩ શુક્રે श्री विजयदेवसूरिभिः सपरिकरैर्लिख्यते ॥

૧—અપરં કેવલીના યોગથી જીવવિરાધના સર્વથા ન હુઈ-શ્રી

ઠાણાંગ-ભગવતીસૂત્ર પ્રમુખ સમસ્તગ્રંથની મેલઈ–એ પ્રથમબોલ"

૨ તથા ભગવતીસૂત્ર પ્રમુખ સમસ્ત ગ્રંથનઈ અનુસારઈ જમાલિનઈ અનંતા ભવ કહીઈ ॥ द्वितीयबोल २ ॥

૩ તથા મરીચિઈ 'कविला इत्थंपि इहयंपि ए कविला(वचन) दुर्भाषित कहीइं, પણિ સર્વથા ઉત્સૂત્ર ન કહઈ–શ્રી આવશ્યક નિર્યુક્તિ પ્રમુખ ગ્રંથની મેલઈ ॥ तृतीयबोल ॥

૪ તથા ઉત્સૂત્રભાસી અણઆલોઈ અણપડિક્કમઈ કાલ કરઈ તેહનઈ નિયમા અનંત સંસાર હોઈ, પંણિ અસંખ્યાતઓ તથા સંખ્યાત નહીં. ગચ્છાચાર પ્રમુખ ગ્રંથની મેલઈ ॥ चतुर्थबोल ॥

૫ તથા માર્ગાનુસારી ધર્મકર્તવ્ય અનુમોદવા જોગ્ય હુઈ, અન્યથા ન હુઈ. પંચાશક ગ્રંથની મેલઈ ॥ पंचमबोल ॥

૬ તથા બૃહત્‌કલ્પાદિક ગ્રંથનઈ અનુસારિં મિથ્યાદૃષ્ટિ ગ્રહીત ચૈત્ય અવંદનીક હુઈ. એહથી અન્યથા પ્રરૂપઈ તે ઉત્સૂત્રભાષી જાણીઈ છઈ સહીઈ ॥ षष्ठम बोल ॥

૭ તથા માંસભક્ષણ કરઈ તેહનઈ સમ્યકૃત્વ ન રહઈ ॥ सप्तमबोल ॥ श्रीरस्तु ॥ शुभं भवतु ॥

## આ પ્રરૂપણા વિચાર ગ્રંથ અંગે કિંચિત્ વક્તવ્ય

આ પછી તે પ્રતિસ્પર્ધી અને નિર્નાયક ઉપાધ્યાયકવર્ગને 'સર્વજ્ઞશતક' આદિને અપ્રમાણ કરવા કરાવવાનો પુરૂષાર્થ માંડી વાળવો પડ્યો હતો. આમ વિક્રમની સત્તરમી શતાબ્દિમાં પૂ. ગચ્છાધિપતિઓ અને સાગર મુનિઓ અને સામા પક્ષે નિર્નાયક પ્રતિસ્પર્ધી એવા ઉપાધ્યાયવર્ગ વચ્ચેની પ્રરૂપણાઓનો 'પ્રથમ પક્ષ અને દ્વિતીય પક્ષ વિચાર' રૂપે આ મધ્યસ્થ એવા કોઈ અજ્ઞાત કર્તાનો આ બનાવેલો પ્રરૂપણા વિચાર ગ્રંથ છે. તેમાં (૧) સં. ૧૬૭૧ની ગીતાર્થ સમિતિમાં તથા (૨) સં. ૧૬૪૩માં અમદાવાદમાં જહાંગીર બાદશાહના સુબાની રાજસભામાં પ્રતિસ્પર્ધી

ઉપાધ્યાયવર્ગનો પરાજય કરવામાં પૂ. ગચ્છનાયક વિજયસેનસૂરિજી મ. તેમજ સં. ૧૬૭૩માં વિજયદેવસૂરિજી મહારાજ મોખરે હતા અને સર્વજ્ઞશતક આદિ ગ્રંથોને પ્રમાણપદવી અપાવી હોવાનું ઈતિહાસ બોલી રહેલ છે. તેમાં—

આ અજ્ઞાતકર્તા કૃત પ્રરૂપણાવિચારમાં જે ૧ કેવલીની કાયાથી જીવ વિરાધના ન થાય તે વાતમાં સયોગી–અયોગીના ભેદ પાડીને સયોગી કેવલીને કથંચિત જીવવિરાધના ગણાવી ૨–ઉત્સૂત્ર અને દુર્ભાષિતને પર્યાયરૂપે ગણાવ્યા, ૩–ઉત્સૂત્રભાષીને અનંતા ભવ જ હોય એવા એકાંતનો નિષેધ કરવાનું જણાવેલ છે. ૪–જે સૂત્રમાં જે વાત હોય તે વાત તે પ્રમાણે કહેવી (પરંતુ તેમના કહેવા પ્રમાણે જો કરવામાં આવે તો કોઈ વાતનો નિર્ણય કે નિશ્ચય નહિ થાય તેનું શું?) ૫–જમાલી–મરિચિના અનંતા ભવ માનવા માટેની અનિશ્ચિતતાઃ આવી જે વાતોની રજૂઆતો કરી છે તે યોગ્ય જણાતી નથી. આ બધી વાતોનો નિર્ણય ૧૬૪૧-૪૩ અને ૧૬૭૩ની રાજસભામાં નિર્ણય થઈ ગયા પછી જ 'સર્વજ્ઞશતક' ગ્રંથને પ્રમાણિક ઠરાવાયો છે. માટે આ ગ્રંથમાંની આ બધી વાતોનો સમન્વય કરવાપૂર્વક ગીતાર્થ ગુરુભગવંતોએ ધ્યાનમાં લઈ 'પ્રરૂપણાવિચાર' ગ્રંથમાંની વાતોની યોગ્યાયોગ્યતાનો, નિશ્ચિતાનિશ્ચિતતાનો સમન્વય કરવો એવી પ્રાર્થના છે.

આ પ્રરૂપણાવિચાર ગ્રંથની હસ્તલિખિત પ્રત વિક્રમ સંવત ૨૦૧૮માં પૂ. શાસનકંટકોદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ખંભાત ચોમાસુ હતો ત્યારે 'પૂ. આ. શ્રી વિજય નેમિસૂરિજી જૈન જ્ઞાનશાલા'ના જ્ઞાનભંડાર નં ૨૪૮૯ની પ્રત પહેલ વહેલી મારા જોવામાં આવી અને મેં નકલ તાબડતોબ કરી પણ ખરી; પરંતુ તે હસ્તલિખિત પ્રતમાં ૧૦મું પાનું ન હતું. આ પછી કેટકેટલા જ્ઞાનભંડારોમાં તપાસ કરવા છતાં તે 'પ્રરૂપણા વિચાર ગ્રંથ' વિક્રમ સંવત્ ૨૦૬૨ સુધી ત્રુટક જ રહ્યો!! તેવામાં આ ૨૦૬૨ની સાલમાં પાલીતાણા ચાતુર્માસ સ્થિત પૂ. સ્વ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ. ના પ્રશિષ્ય શાંતમૂર્તિ પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી મહારાજનું મૈત્રીભાવપૂર્વકનું મીલન થતાં તેઓએ 'અમદાવાદ–પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર કોબા' ના હસ્તલિખિત પુસ્તકોના સૂચિપત્રરૂપે

બહાર પડેલા ત્રણ દળદાર ગ્રંથ મને ભેટ આપ્યા. તેમાં તપાસ કરતાં એક નં. ૨૧૪૨ સા. ક્ર. ૧૨૭૪૭ નંબરની પૂર્વપક્ષવાળી ૧૨ પાનાની પ્રત અને એક ૨૫૦૭ પૂર્વપક્ષ ઉત્તરપક્ષ સાથેની ૧૮ પાનાની પ્રત જોતાં મને અનહદ આનંદ થયો.

પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી મ. ને આ પ્રતની અને બીજી-બીજી પ્રતોની માંગણી કરતાં તેઓએ ઉદારદિલે ગ્રંથપાલકને તાકીદની આજ્ઞા કરી! અને મને બંને પ્રતોની ઝેરોક્ષ નકલો પૂરી પાડતાં મારા મનોરથની સિદ્ધિ થવા પામી છે અને આજે સત્તરમી સદીનું એક અપ્રકટ સાહિત્યનું ભાષાંતર કરવાપૂર્વક જૈન સમાજને ખોળે પીરસવા ભાગ્યશાળી બનવા પામ્યો છું. તે બદલ પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિ મ. નો જેટલો આભાર માનું તેટલો ઓછો ગણાશે. ભવિષ્યમાં મારા હાથે તેવા અપ્રસિદ્ધ ગ્રંથો કે સાહિત્ય પ્રસિદ્ધ થાય તો તેમાં પણ તેવો જ મૈત્રીભાવપૂર્વકનો મને સહયોગ તેઓશ્રી આપતા રહે એવી આકાંક્ષા રાખું છું.

આ ગ્રંથનું સંપૂર્ણ ભાષાંતર લખવાપૂર્વકની બબ્બે વાર નકલો કરનાર પૂ. મુનિશ્રી મહાભદ્રસાગરજીને તેમ જ મારા દરેક સાહિત્યની પ્રેસકોપીઓ કાળજીપૂર્વક અને ખંતથી કરી આપનાર સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ના પ્રશિષ્યા સાધ્વીજી શ્રી પૂર્ણકલાશ્રીજી આદિને જેટલા ધન્યવાદ પાઠવું તેટલા ઓછા જ ગણાશે.

अज्ञातनामा 'श्रीविजयदेवसूरि' शिष्यकृतः

# ।। प्ररूपणाविचारग्रन्थः ।।

**आर्हन्त्यमाधाय चिरं स्वचित्ते, प्रयुज्य तान् सुश्रुतसिद्धयोगान् ।।**
**प्रपीडितान् किंचन दुर्विदग्धै-र्निर्दोषतां बोधिमहं नयामि ।।१।।**

अपरापि (रा अपि) रोगदोषैः पीडिताः सती (न्तः) सुश्रुतग्रन्थोक्तयोगैर्निर्दोषा विधीयंते तथेयमपि इत्युक्तिलेशः ।।

अद्येह श्रीप्रवचने ये केचन बुद्धेर्विपर्यासाद् व्यापन्नदर्शनास्तेषां मूलभूतो **निर्नामकः** प्रबलतरमिथ्यात्वमोहनीयोदयवशंवदः, पंचमारक-विहितसाहायकः, 'माऽयं गणभेदं करोतु' इति शंकमानैः भट्टारक श्री विजयसेनसूरिभिः प्रदत्तबहुमानसंजाताजीर्णः सूत्रार्थोभयरहस्यमनालोच्य लोकलज्जामपहाय दुर्गतिप्रपतयालुतामवगणय्य "सेअंबरो अ आसंबरो अ बुद्धो अ अहव अन्नो वा। समभावभाविअप्पा, लहइ मुक्खं न संदेहो ।।१।।" त्ति। "पश्यंतु लोकाः—अत्र गाथायां माध्यस्थ्यापरनाम्ना समभावेन सर्वेष्वपि दर्शनेषु मोक्षो भवतीत्युक्तं, ततो माध्यस्थ्यमेवास्थेयं, न च वक्तव्यम्-'अयमेव धर्मः सत्यो नापर' इति रागद्वेष-संभवादि"त्यादि मायागर्भमृदुवचनैर्मुग्धजनान् विप्रतार्य चार्हत्प्रणीतमार्ग्गमाच्छादयति, दर्शनान्तरैः सह सख्यं कुर्वन्नस्ति।

परमेवं न वेत्ति। कः समभावः ? कथं ? कदा च भवति ?। तज्ज्ञापनाय किंचिदुच्यते। पातंजलिप्रमुखग्रन्थेषु यम १ नियम २ आसन ३ प्राणायाम ४ प्रत्याहार ५ धारणा ६ ध्यान ७ समाधि ८ इत्यष्टौ योगांगानि। तत्र यमाद्यभ्यासक्रमेण प्रान्ते समाधिर्जायते स एव समभावः। न्यायशास्त्रे च श्रवणादिक्रमेण साक्षात्कारापरपर्यायस्सम-

भावः। श्रीयोगशास्त्रे चायमर्थः साक्षात् समर्थितोऽस्ति। यथा 'एवं क्रमशोऽभ्यासावेशाद्, ध्यानं भजेन्निरालम्बं। समरसभावं प्राप्तः, परमानन्दं ततोऽनुभवेत्॥१॥' क्रमशोऽभ्यासावेशादिति-विक्षिप्ताच्चेतसः स्वाभाविकाद्यातायातं चित्तमभ्यसेत्। ततोऽपि विशिष्टं। ततोऽपि सुलीनम्। एवं पुनः पुनरभ्यासान्निरालम्बं ध्यानं भजेत्, ततः समरसभावप्राप्तेः परमानन्दमनुभवति। समरसभावप्राप्तिर्यथा भवति तथा हेत्यादि द्वादशप्रकाशे॥ 'यदा संलीयते प्राणो मानसं च प्रलीयते। तदा समरसं चेति' ग्रन्थान्तरे॥

जैनानां मते तु क्षपकश्रेणीमन्तरेण न कोऽपि सिद्धः, सेत्स्यति। तां च चतुर्थपंचमषष्ठसप्तमगुणस्थानस्थो जीवः प्रारभते। दशमगुणस्थानके तु रागद्वेषांशं निरवशेषं क्षिपति। एकादशं तु प्राप्नोत्येव न। ततो द्वादशे त्रयोदशे चतुर्दशे प्रतिपन्नसमभावः मोक्षमवाप्नोति। अत एव 'मुक्तिरष्टांगयोगेने' त्येतत्साधारणं वच इति॥

अन्यच्च –"हे हले ! मम तु चेतसि 'सर्व्वे पुरुषाः सदृशा एव' या तु रागद्वेषाक्रान्तः(न्ता) चिंतयति–'ममायं स्वकीयः परकीयश्चायमिति' तस्या माध्यस्थ्यं विशीर्यत इति"। अत्र द्वयोर्मध्ये माध्यस्थ्यं भावयन्ती आद्या सतीत्वं लभते शीलशालिनी, परा वा ? इति सूक्ष्मेक्षिकया विमर्शने सर्वं साक्षादेवावभासते। तस्माद्विप्रतारकं वाक्यं नाकर्णनीयमेव। **इत्यर्थमूलकमुत्सूत्रं निरस्तं** (॥१॥)

**अथ निर्मूलकमुत्सूत्रम्।** यन्माघस्नान-पंचाग्न्यादिकष्टानुष्ठानं वितन्वतां मिथ्यादृशां सकामनिर्जरा भवतीति। **तन्निरासश्चैवम्।** यदि व्युत्पत्तिमात्रेण सकामनिर्ज्जरोच्यते तदा तापसादीनां सकाममरणमपि वक्तव्यं भवेत्तथा चागमविरोधः। तथाहि "–संति मे अदुवे ठाणा अक्खाया मारणंतिआ। अकाममरणं चेव [१]तहे सकाममरणं तहा॥१॥

१ तह नथी કોબાજ્ઞાનભંદિર સા. क्रं. ૧૨૩૪૭ प्रतौ।

बालाणं अकामं तु, मरणं [१]असइ भवे। पंडिआणं सकामं तु उक्कोसेण [२]सइंभवे ।।२।।'' अत्र पंडितपदेन 'संयमी' सूत्रकारेणैव स्पष्टीकृतोऽस्ति। यथा–'मरणंपि सपुन्नाणं जहामेतमणुस्सुअं। विप्पसन्नामणाघायं संजयाणं [३]बुसीमओ ।।१८।। उत्तराध्ययन ५। तथा योगशास्त्रे–संसारबीजभूतानां, कर्म्मणां जरणादिह। निर्ज्जरा सा स्मृता द्वेधा, सकामाकामभेदतः ।।१८६ श्लोक ।। ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनां। कर्मणां फलवत्पाको, यदुपायात् स्वतोऽपि च ।।८७।। चतुर्थप्रकाशे। तथा। निर्जरा-कर्मनिर्ज्जरणरूपा, द्विधा-सकामा अकामा च। तत्र सकामा साधूनां, अकामा अज्ञानजीवानामित्यादि नवतत्त्वावचूर्णौ। प्रवचन-सारोद्धारवृत्तावप्येवमेव। यथा अथ निर्जरभावना। संसारहेतुभूतायाः, यः क्षयः क्रमसंततेः। निर्ज्जरा सा पुनर्द्वेधा, सकामाकामभेदतः ।।१।। श्रमणेषु सकामा स्या-दकामा शेषजन्तुषु। विपाकः स्वत उपायाच्च, कर्मणां स्याद्यदाम्रवत् ।।२।। 'कर्मणां नः क्षयो भूयादि'त्याशयवतां पुनः। वितन्वतां तपस्यादि, सकामा शमिनां मता ।।३।। तद्वृतौ प. १०० ।। पुनस्तत्रैव। अविरयमरणं बाल मरणं।८। विरयाणं पंडिअं बिंति।९। जाणाहि बाल-पंडिअमरणं पुण देसविरयाणं।१०। विरमणं-विरमः हिंसानृतादेरुपरमणं न विद्यते येषां ते अमी, तद्धि बाला इव बालाः अविरतास्तेषां मृतिसमयेऽपि देशविरतिमप्रतिपद्यमानानां मरणं बालमरणमिति ब्रुवते इति संबन्धः। प्रतिक्रमणसूत्रातीचारादौ मिथ्यादुष्कृतप्रदानमपि दृश्यते। तस्माद्रूढिरेवा-श्रयणीया। रूढिः-प्रक्रिया-प्रतीतिः परिभाषा इत्यनर्थान्तरं [पर्यायाः 卐]

तत्र शाब्दिकानां त्रिफलेति रूढितः।१। न्यायविदां स्मृतिव्यतिरिक्तं ज्ञानं प्रभा।२। तार्किकाणां प्रतीतिरेव भगवती बलीयसी।३। सिद्धांते च

१ असइयं भवे કહિતાં અસકૃત્ કહિતાં ઘણા ભવ વધારઈ। ખંભાત વિ. ને. સૂ. જ્ઞાનશાલા નં. ૨૪૮૯

२ सयं भवे કહિતાં ઉત્કૃષ્ટ १भवइं मुक्तइं जाइ सकाममरण करतुं हुंवउ।।

३ वश्यतां जितेन्द्रियाणाम् ખંભાત હ. લિ. प्रतौ.

पौषधं पर्वदिनमष्टम्यादि, तत्रोपवासोऽ भक्तार्थः, पौषधोपवास इति। इयं व्युत्पत्तिरेव, प्रवृत्तिस्तस्य शब्दस्य आहार-शरीरसत्कारा-ब्रह्मचर्य-व्यापारपरिवर्जनेष्विति समवायांगवृत्तौ। एवं स्थानांगेऽपि द्वितीयस्थानके। इर्यापथिकीव्याख्याने परिभाषा चैतद्गाथानुसारेण समवसेया। 'सदसद-विसेसणाओ, भवहेऊ जहिच्छिओवलंभाओ। नाणफलाभावाओ, मिच्छद्दिट्ठिस्स अन्नाणं ॥१॥' तत एव मतिअज्ञान-श्रुतअज्ञान-विभंगज्ञान-बालतप-अकाममरण -अकामसकामनिर्जरा इत्यादयो व्यवहाराः प्रवचने नियताः श्रूयन्ते।

न चेदं केनापि परंपरयापि श्रुतं यन्माघस्नानादे(दि) क्रियां कुर्वतां मिथ्यादृशामणुतोऽपि सकामनिर्जरा भवति। भवति चेत्तदा सम्यग्दृशां तत्कुर्वतां पंचगुणा सप्तगुणा वा निर्जरा भविष्यति। यदागमः। 'जं अन्नाणी कम्मं खवेइ, बहुआहिं वासकोडीहिं। तन्नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेण ॥१॥' एवं सति स्ववशीकृतोपासकानां कथं न तदुपदिशंति ?

किंच-मिथ्यादृशां तपोऽनुष्ठानादि विदधतामकामनिर्जरैव प्रति-पादितास्ति न तु सकामनिर्जरा। न चैकेन्द्रियादीनामव्यक्तानामेवाकाम-निर्जरा, न तापसादीनामिति वाच्यम्। सम्यक्त्वप्राप्तेरर्वाक् सर्वत्राप्यकाम-निर्जरायाः श्रवणात्। यदवादि श्री हेमसूरिणा। 'अकामनिर्जरारूपात्, पुण्याज्जंतोः प्रजायते। स्थावरत्वात् त्रसत्वं वा, तिर्यक्त्वं वा कथंचन ॥१॥' 'अकामनिर्जरा यथाप्रवृत्तिकरणेन गिरिसरिदुपलघोलना-कल्पेन अकामस्य निरभिलाषस्य निर्ज्जरा कर्मप्रदेशविचटनरूपा सैवरूपं यस्याः तस्मात्पुण्यादिति। पुण्यं न पुण्यप्रकृतिरूपं, किन्तु कर्मलाघवरूपं। यस्माज्जन्तोः शरीरिणः प्रजायते भवति किं तदित्याह। स्थावर-त्वादेकेन्द्रियजातिसहचारिस्थावरनामकर्मोदयात् पर्यायविशेषात् त्रसत्वं वा त्रसनामकर्मोदयजद्वीन्द्रियत्वादिसहचारितिर्यक्त्वं वा पंचेन्द्रियतिर्यग्रूपतां कथंचन विशिष्टकर्मलाघवात् ॥१०७॥ तथा-मानुषमार्यदेशश्च, जातिः

सर्वाक्षपाटवं। आयुश्च प्राप्यते तत्र, कथंचित्कर्मलाघवात् ॥१०८॥ प्राप्तेषु पुण्यतः श्रद्धा, कथक-श्रवणेष्वपि। तत्त्वनिश्चयरूपं तुष्व बोधिरत्नं सुदुर्लभं ॥१०९॥ पुण्यतः कर्मलाघवलक्षणाच्च प्राप्तेष्वासादितेषु केष्वित्यादि। इतिश्रीयोगशास्त्रवृत्तौ।

अत एव सुष्ठूक्तं श्रीहरिभद्रसूरिभिः। आह विज्ञानक्रिययोः समुदितयोरपि निर्वाणसाधकसामर्थ्यानुपपत्तिः प्रसज्यते प्रत्येकमभावात्। सिकतासु तैलवदित्यत्रोत्तरम्-न सर्वथैवानयोः साधनत्वं नेष्यति, देशोपकारित्वमभ्युपगम्यत एव। यत आह। 'अंधो अ पंगू अ वणे समिच्चा० अस्या गाथाव्याख्याने। अत्रैवाग्रे यथाप्रवृत्तकरणं ग्रंथिदेशं' यावदुक्तं तदेवाकामनिर्जरावंतो जीवा भवनपत्यादिष्वेव यांति न वैमानिकेष्विति वाच्यम्। अकामनिर्जरावतां नवमग्रैवेयकं यावद्गमनस्य सिद्धान्तसिद्धत्वात्। अपि च सम्यग्दृशां तपोऽनुष्टानादिकं ज्ञानकष्टमुच्यते, तत्फलं तु सकामनिर्जरा। मिथ्यादृशां तु तपोऽनुष्ठानादिकं अज्ञानकष्टं, तत्फलं त्वकामनिर्जरेत्यत्र कार्यकारणभावस्तद्विदां सुगम एव। उक्तमपि। 'अन्नाणकट्ठकम्मखओ उ जाइ मंडुकचुण्णतुल्लत्ति। सम्मकिरिआइ सा पुण नेओ तच्छारसारिच्छो ॥१॥' त्ति सम्यग्विचार्यम् ॥

यत्तु तत्त्वार्थवृत्तिमवलम्ब्य सकामनिर्जराव्यवस्थापनं, तत् पीपासापनोदार्थं मरीचिकाजलपानमिवाभाति। यतस्तत्र सकामाकाम-निर्जरयोर्नामापि नास्ति। तत्रत्योऽधिकारस्ताडपत्रतो लिख्यते। स चायम्। अथ निर्ज्जरानुप्रेक्षा। तत्र निर्जरा-वेदना-विपाक इत्यनर्थान्तरम्। स द्विविधः। अबुद्धिपूर्वः कुशलमूलश्च। तत्र नरकादिषु कर्मफलविपाको योऽबुद्धिपूर्वकः तमवद्यतोऽनुचिन्तयेत्। कुशलानुबन्ध इति तपःपरीषह-जयकृतः कुशलमूलस्तं गुणतोऽनुचिंतयेत्। शुभानुबन्धो निरनुबन्धो वेति एवमनुचिन्तयेत्। कर्मनिर्ज्जरणायैव घटते इति निर्जरानुप्रेक्षा। इति तत्त्वार्थभाष्ये।

वृत्तिर्यथा–निर्ज्जरानुप्रेक्षा स्वरूपावधारणमधुना निर्जरा वेदना इत्यादिना निर्ज्जरणं निर्ज्जरा। आत्मप्रदेशानुभूतरसकर्मपुद्गलपरिशाटना। निर्ज्जरयैकार्थाविमौ वेदना-विपाक इति। तत्र वेदनानुभवस्तद्रसास्वादनं। विपचनं विपाकः। विपच्यमाना विपक्वाः परिशटंति। स द्विविध इति। विपाकाभिसंबन्धः निर्जरया सहैकार्थत्वात्। द्वैविध्यप्रदर्शनायाह। अबुद्धिपूर्वः कुशलमूलश्च। तत्राबुद्धिपूर्व-'बुद्धिपूर्वा यस्य कर्म शाटयामी'-त्येवं लक्षणं बुद्धिः प्रथमं यस्य कर्मविपाकस्य स बुद्धिपूर्वः, न बुद्धिपूर्वोऽबुद्धिपूर्वः। तत्र तयोर्विपाकयोरयं तावदबुद्धिपूर्वः नरक-तिर्यङ्मनुष्यामरेषु कर्म ज्ञानावरणादि तस्य यत्फलमाच्छादिकादिरूपं तद्विपाकस्तदुदयः। त्कर्मफलाद्विपच्यमानाद् यो निर्ज्जरालक्षणो विपाकः, सति तस्मिन् कर्मफले विपच्यमाने स भवत्यबुद्धिपूर्वकः। न हि तैस्तपःपरीषहजयो वा नारकादिभिर्मनीषितः। तमेवंविधं विपाकं। अवद्यतः यापं-संसारा नुबन्धिनमेव चिन्तयेत्। नहि तादृशा निर्ज्जरया मोक्षः शाक्या(देः)गंतुं इत्येतदाह-अकुशलानुबन्ध इति। यस्माद-उपभुज्यापि तत्कर्मफलं पुनः संसृतावेव भ्रमितव्यम्॥

यः पुनः कुशलानुमूलो विपाकः तपसा द्वादशविधेन, परिषहजयेन वा कृतः सोऽवश्यंतया एव बुद्धिपूर्वकः, तमेवंविधं 'गुणत' इति गुणमुपकारकमेव चिन्तयेत्। यस्मात् स तादृशो विपाकः शुभमनुबध्नाति। अमरेषु तावदिन्द्रसामानिकादिस्थानान्यवाप्नोति। मनुष्येषु चक्रवर्त्ति-बल-महामांडलिकादिपदानि लब्ध्वा ततः सुखपरंपरया मुक्तिमवाप्नोतीति शुभानुबन्धो। वेति वाशब्दः पूर्वविकल्पापेक्षः। तपः परीषहजयकृतो विपाकः सकलकर्मक्षयलक्षणः साक्षान्मोक्षायैव कारणीभवतीति॥

ननु च यदि बुद्धिपूर्वो देवादिफलः शुभानुबन्धो विपाकस्तत आगमेन विरोधः। 'नो इहलोगट्ठयाए तवमहिट्ठिज्जा' भण्यते, प्रत्युत्तरम्-न मुमुक्षुणा देवादिफलमिष्टं सहितं फलं, मोक्षार्थमेव घटते।

यदान्तरालिकं देवादि, तदानुषंगिकं। इक्षुवणसेके तृणादिसेकवन्मनीषितम्। तेन तपःपरिषहजयाभ्यां मोक्षः प्राप्यः। तत्र प्रवृत्तिस्तपसि परीषहजये वा सा बुद्धिपूर्विका विपाकहेतुरिति। तस्मादेवं अनुचिन्तयन् कर्मनिर्ज्जरणा चैव घटते निर्ज्जरानुप्रेक्षा। इति तत्वार्थवृत्तौ।

अत्र योजना-(अबुद्धिपूर्वं)कुशलानुबन्धरूपं भेदद्वयमेव प्रदर्शितं, न सकामाकामानिर्जरे। तत्रापि सम्यग्ग्रहणं बालतपःप्रतिषेधार्थम्, वेत्यनेन चत्वारो अकुशलमूलस्वामिनः पृथक्कृताः, शेषभेदद्वयं कुशलस्वामितां भजति। एतदपि प्रदर्श्यते। अयं वृत्तिः-अनशनमवमौदर्यं वृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशाः बाह्यं तपः। अनशनमवमोदर्यं-वृत्तिपरिसंख्यानं रसपरित्यागः विविक्तशय्यासनता कायक्लेश इत्येतत् षड्विधं बाह्यं तपः। 'सम्यग्योगनिग्रहो गुप्ति' रित्यतःप्रभृति सम्यगित्यनुवर्त्तते। संयमरक्षणार्थं कर्म्मनिर्ज्जरार्थं चेति तत्त्वार्थभाष्ये ।।६१।।

"उक्तं चारित्रं प्रकीर्णकं च तपः, संप्रत्यनशादितपो भण्यते। अनशनावमौदर्यवृत्तिपरिसंख्यारसपरित्यागविविक्तशय्यासनकायक्लेशाः बाह्यं अभ्यंतरं च। तत्र बाह्याभ्यंतरशब्दार्थः प्राग् निरूपितः। तदेकैकं षोढा। तत्र बाह्यस्य तावद्भाष्यकारो भेदानाचष्टे। षडपि सूत्रं विवृण्वन्। अनशनं अवमौदर्यं वृत्तिपरिसंख्यानं इत्यादि प्राक्प्रकृतः सम्यक्शब्दोऽनुप्रवर्त्तते। स च विशेषणं। सम्यगनशनं सम्यगवमौदर्यमेवं सर्वत्र वृत्तिपरिसंख्यानादिष्वपि। किं पुनर्विशेषणेन व्यावर्त्तते? नृप-शत्रु-तस्करकृताहारनिरोधादि तथा पंक्तिनिमित्तमाजीवादिहेतोरुपहतभावदोषस्य हि न संयमरक्षणं, न च कर्मनिर्ज्जरेत्यतः सम्यग्ग्रहणम्। यस्तु प्रवचनोदितं शुद्धतया स्वसामर्थ्यापेक्षो, द्रव्यक्षेत्रकालभावाभिज्ञः, क्रियाश्च अहापयन्नहोरात्राभ्यंतरकार्याः करोत्यनशनादितपः सकामनिर्जराभाग् भवतीत्येनमर्थमनुवर्त्तते सम्यग्ग्रहणं, बालतपः प्रतिषेधार्थं च। संयमः सप्तदशभेद उक्तं। चारित्रं वा पंचप्रकारं संयमः। तत्परिपालनाय रसपरित्यागादि

सम्यक्तपो भवतीत्यादि'' इति तत्त्वार्थवृत्तौ ॥०॥

प्रागुद्दिष्टं भेदषट्कं यथा उक्तमपि शाब्दे विकल्पे षट्पुरुषप्रकृतयः इति। का पुनस्ता ? इत्येताः-अधमाधमः 'अधमः' विमध्यमः, मध्यमः, उत्तमः, उत्तमोत्तमः। इत्यासामाचार्यो निरूपणार्थमाह। कर्माहित-मित्यादि। अथवा किमन्यदपि कर्म्मास्ति यतो विशिष्यते कुशलानुबन्धमिति ?, ओमित्याह। चतुर्विधं। कथमिति ? षट्-पुरुषास्तेषामाद्यत्रयस्याकुशलानुबंधं, चतुर्थस्य कुशलाकुशलानुबन्धं, पंचमस्य कुशलानुबन्धं, षष्ठस्य निरनुबन्धमित्येषां स्वामिविकल्पमाह। पीठिकायाम् ॥ अत्राद्याश्चत्वारो मिथ्यादृक्संबंधिनः, पंचमस्तु श्राद्धयति-संबन्धी, षष्ठस्तु तीर्थंकर एवेति। नातो मिथ्यादृशां सकामनिर्जरा आशामात्रमपि कार्यम् ॥

अत्रार्थे समयसारप्रदर्शनं काशकुशावलम्बनमेव, तत्पाठस्त्वयम्-सकामनिज्जरा पुण निज्जराहिलासीणं। अणसण[१], ओमोअरिया[२] भिक्खायरिआ[३]। रसच्चाय[४] कायकिलेस[५] संलीणया[६] भेदं छव्विहं बाहिरियं ॥१॥ पायच्छित्तमिति गाथा ॥२॥ निर्जराभिलाषिणामनशनादि-भेदं षड्विधं बाह्यं, प्रायश्चित्तादिभेदं षड्विधमाभ्यन्तरं च तपस्तप्यमानानां सकामनिर्जरेति संटंकः। तपोभेदाः किंचिद् व्याख्यायंते। बाह्यषड्भेद-व्याख्यानंतरं च बाह्यत्वं बाह्यद्रव्यापेक्षत्वात् प्रायो बहिः शरीरस्य तापकृत्त्वात्, परप्रत्यक्षत्वात्। कुतीर्थिकैर्गृहस्थैश्च कार्यत्वात्। इत्यंतः त्वायत एतत्सूत्रं उभयोः सम्यग्मिथ्यादृशोः साधारणं। कः कस्या निर्जरायाः स्वामीति विभागाऽकरणात्तदपि प्रमाणं क्रियते। यद्यन्यत्र विशेषोपलब्धिर्न स्यात् ॥

अस्ति च योगशास्त्रे ज्ञेया सकामा यमिनामित्यादि। तथा अकामनिर्जरारूपादिति श्लोकस्य व्याख्याने ग्रन्थिदेशं यावदकामनिर्जराया एव प्रतिपादनात्। एवं बहुष्वपि ग्रन्थान्तरेषु। ततः 'सामान्याद्विशेषो बलीया' निति न्यायेन बाधितमेवैतत्सूत्रम्। यथा 'परदोषोपेक्षणमुपेक्षा[१]

पिट्ठिमंसं न खाइज्जा[२]' इत्यादीनि सामान्यसूत्राणि। 'साहूण चेइयाण य पडिणीयं तह अवन्नवायं वा जिणपवयणस्स अहिअं, सव्वत्थामेण वारेइ ॥१॥ इत्यादिविशेषसूत्रैर्बाध्यन्ते। तथेदमपि विषयविभागः सामान्यविशेषादिकमनवगम्य सूत्रस्य व्याख्यानं ऐहिकामुष्मिकदुःक्ख-निदानम्। यदुक्तम्। विहि-उज्जम-वन्नय-भय-उस्सग्गा-ववाय-तदुभयगयाइं। सुत्ताइं बहुविहाइं समये गम्भीरभावाइं ॥१॥

किंचास्य ग्रन्थकारस्याभिप्रायः शब्दार्थकरण एव, न तु विभागकरणे। प्रवचनसारोद्धारादौ तु द्वयमपि दृश्यते। तद्यथा–'कर्मणां न; क्षयो भूया-दित्याशयवतां पुनः। वितन्वतो तपस्या' दीति पदत्रयेण शब्दार्थमात्रकरणं, 'सकामा शमिना मते'ति पदेन रूढ्यनुसारेण विभागकरणम्। तच्चात्र नास्तीति। मिथ्यादृशां सकामा निर्जरा कुतो लभ्यते? यदि च 'तपस्तप्यमानाना' मित्यनंतरं गृहस्थानां कुतीर्थिकानां सकामा भवति तदा स्वीक्रियतेऽपि सन्मार्गनिविष्टचित्तानां न कोऽप्यभिनिवेशः। अपि चात्र गृहस्थपदेन मिथ्यादृगेव ग्राह्यः, कुतीर्थिकपदसन्निहितत्वात्। यदाह काव्यप्रकाशकारः। 'संयोगो विप्रलंभश्च शब्दस्यान्यस्य संनिधि' रिति। प्रवचनेऽपीत्थमेव रूढिः। 'गिहिलिंगकुलिंगदव्वलिंगिहिं' इत्यादौ।

ततश्च साधवः श्रावकाश्च अभ्यन्तरास्तैः क्रियमाण-त्वादभ्यन्तरत्वम्। गृहस्थाः कुतीर्थिकाश्च बाह्यास्तैः क्रियमाणत्वा-द्बाह्यत्वमित्युभयोर्व्युत्पत्तिमात्रमेव। तावता निर्ज्जरायाः किमागतं? किं केन संगतम्?। तथा 'पडिसिद्धाणं करणे' इति गाथाव्याख्याने 'सियवायमये समये परूवणमेगंतवायमहिगिच्च। उस्सग्गववायाइसु, कुग्गहरूवा मुणेयव्वा ॥१॥ पिंडं असोहयन्तो, अचरित्ती इत्थ संसओ नत्थि। चारित्तम्मि असंते, सव्वा दिक्खा निरत्थया ॥२॥ एवं उस्सग्गमेव केवलं, पन्नवेइ अववायं वा। निच्छयमेव वा ववहारं किरियं वा। एवंविहा एगंतवायपरूवणाए। अप्पाण परं च वुग्गाहेइ दुरंतानंत-

संसारकारणं।१। इअमयुक्ततरा, ततः सिद्धांतरीतिमनुसृत्यैव व्याख्येयं नान्यथा। नात्र कस्यापि दोषः। आपाततो मुग्धबुद्धीनां भ्रामकमेतत्सूत्रं, परं हार्दनिविष्टबुद्धीनां कदापि न कोऽपि व्यामोह इति सर्वं सुस्थं। विशेषार्थिना समयसारस्थलमन्वेष्टव्यम्।।०।। (अथ)**सूत्रार्थोभयमूलकमुत्सूत्रं** यथा–

कुपाक्षिकाणां ब्रह्मचर्यषष्टष्टमादि कथं नानुमन्यते? तदपि जिनवचनानुसारि भवत्येव, तत्र किं दूषणमिति?। तदित्थं विचारणीयम्– "अरिहत्तं अरिहंतेसु, जं च सिद्धत्तणं च सिद्धेसु। आयरिअत्तं आयरिए, उवज्झायत्तं उवज्झाए।।१।। साहूण साहुचरिअं, देसविरयं च सावयजणाणं। अणुमन्ने सव्वेसिं, सम्मत्तं सम्मद्दिट्ठीणं।।२।।' एताभ्यां यत्र यदनुमोदनीयं तदवसितम्। शेषेष्वपि जीवेषु किंचिदनुमोदनीयमस्तीत्यत आह–'अहवा सव्वं चिअ वीयरायवयणानुसारि जं सुकडं। कालत्तए वि तिविहं। अणुमोयेमो तयं सव्वं।।१।।' एतद्वृत्तिर्यथा–

"अथवेति सामान्यदर्शने। चिअ एवकारार्थे। ततः सर्व्वमेव जिनवचनानुसारि=जिनमतानुयायि यत्सुकृतम्=जिनभवन-बिम्बकारण-तत्प्रतिष्ठा-सिद्धान्तपुस्तकलेखन-तीर्थयात्रा-श्रीसंघवात्सल्य-जिनशासनप्रभावनाद्युपष्टंभ-धर्मसांनिध्य-क्षमा-मार्दव-संवेगादिरूपं मिथ्यादृक्संबन्ध्यपि मार्गानुयायि कृत्यं कालत्रये त्रिविधं मनोवाक्कायैः कृतकारितमनुमतं यद्भवति (यद्भूत्) भविष्यति चेति। तकत् इति तच्छब्दात् 'त्यादिसर्वादिस्वरेष्वन्त्या' दिति सूत्रेण स्वार्थे कप्रत्यये रूपं, तदित्यर्थः। तत्सर्वं-निरवशेषं अनुमोदयामो-हर्षगोचरतां प्रापयाम इत्यर्थः।। बहुवचनं चात्र पूर्वोक्तचतुःशरणादिप्रतिपत्योपार्जितपुण्य-संभारत्वेन स्वात्मनि बहुमानसूचनार्थम्।।५८।।"

नवस्या गाथायाः को विषयः को विभागः? यतो विषय-विभागमजानाना ये सूत्रं व्याख्यानयंति ते स्वं च परं दुर्गतिप्रणयिनं विदधति। उक्तं च! विहि[१] उज्जम[२] वन्नो[३] भय[४] उस्सग्ग[५] ववाय[६]

तदुभयगयाइं,' सुत्ताइं बहुविहाइं, समये गंभीरभावाइं ॥२॥ इति। अत्र परस्पराविरोधेन द्रव्यक्षेत्रकालभावानपेक्ष्य स्याद्वादमुद्रानुल्लंघयद्भिर्विचार्यं तच्छंकितादिपदं विषये च विध्यादिसूत्रगोचरे यत्रानुपतति तत् तत्र स्थापयितव्यमिति। श्राद्धदिनकृत्यवृत्ताविति। एवं प्रतिक्रमणसूत्र-चूर्णाविपीति॥ चेत्सत्यम्। परमस्या गाथायाः मिथ्यादृग्संबंधिकर्त्तव्यं विषयः। (यत्) तद्विभागश्च, मार्गानुसारि तदनुमोदनीयं नान्यत् इति।

अथ तदेव न ज्ञायते किं मार्गानुसारि किंवाननुसारी त्याशंकामपाकर्त्तुमेवाह वृत्तिकारः। जिनभवनेत्यादि संवेगादिरूपमिति पर्यन्तम्। अत्र कृत्यमिति विशेष्यम्। संवेगादिरूपं[१] मिथ्यादृक्संबन्ध्यपि[२] मार्गानुसारीति[३] त्रीण्यपि विशेषणानि। तत्र प्रथमं विशेषणं समासान्तम्। ततो 'द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकमभिसंबध्यते' इति वचनात् जिन-भवनोपष्टंभ-बिम्बकारणोपष्टंभ इत्येवं योजना कार्या॥

ततोऽत्रेदमैदम्पर्यम्। जिनभवनादिषु उपष्टंभदानं[१] धर्मसांनिध्य-करणं[२] स्वाभाविकक्षमामार्दवसंवेगादि[३] च अनुमोदनार्हं, न तु तत्प्रयुक्ता मिथ्या क्रिया। बोधिप्राप्तिमंतरेणैकस्यापि व्रतस्यासंभवात्। तदनुमोदने तु सर्वेषां दर्शनानामेकत्वप्रसंगश्च। एवं आराधनपताकायामपि 'सिवमग्ग-कारणं जं' अत्र शिवं=मोक्षस्तस्य मार्गो जिनशासनं सप्तक्षेत्री वा, तस्य कारणं तदाश्रितं यद्भवति परपक्षिसंबन्ध्यपि तदनुमोदनार्हमिति। एतद्विस्तरतस्तु द्वितीयपक्षे लिखितोस्ति ज्ञेयम्॥ अपि च 'कुपाक्षिक-संबंधिनी क्रिया तत्त्वत्रये अन्तर्भवति अतत्त्वत्रये वा?' आद्यश्चेत् तर्हि मार्गयोरैक्यापत्तिः। अन्त्यश्चेत्तर्हि कथमनुमोदनार्हमिति स्वयं विचार्यम्।

अन्यच्च-''सावज्जजोगपरिवज्जणाओ सव्वुत्तमो जइधम्मो। बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो॥१॥ सेसा मिच्छद्दिट्ठी गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं। जह तिन्नि अ मुक्खपहा, संसारपहा तहा तिन्नि॥२॥ ''अत्रापि तस्याः किं मोक्षमार्गे संसारमार्गे वान्तर्भावो विधातव्यः?। उभयोरपि पक्षयोर्दूषणं पूर्वोक्तमेवानुवर्तते। किंचातीचार-

प्रवचनसारोद्धारादिषु तदासेवनेन मिथ्यादुष्कृतदानमपि दृश्यते। तच्चानुमोदनं चेति द्वयं वक्तुं न युज्यते। यदुक्तम्-'दो पंथेहिं न गम्मइ' 'दोमुहसूई न सीवइ कंथा' इत्यादि ज्ञेयम्। यद्यनुमोद्यते तदाऽसेव्यते कथं न? ॥छ॥ भट्टारकश्रीहीरविजयसूरिभिर्द्वादशजल्पान्तर्गतद्वितीयजल्पेऽप्ययमेवार्थः समर्थितोऽस्तीति वक्ष्यते।

**एवमादि युक्तिविस्तरं जानानोऽपि स्वकपोलकल्पितं लोकानां पुरस्तात्प्रकाश्य श्रीहीरविजयसूरिविजयसेनसूरीणां नाम्ना प्रवर्त्तयति तदतीव दुस्सहतरम्। परं स्वच्छंदचारी कथं केन निगृहीतुं शक्यते?** ततो धर्मधनेन पुंसा उन्मार्गं परित्यज्य मार्गानुयायिना भाव्यम्। यदुक्तम्। 'यांति न्यायप्रवृत्तानां, तिर्यंचोऽपि सहायतां। अपन्थानं तु गच्छन्तं, सोदरोऽपि विमुँचति ॥१॥ इति। पन्थानममुंचन्नैवान्तिकात्यंतिकसौख्यान्यनुभविष्यंतीति तत्त्वम्॥

**अथ भ्रान्तिमूलमुत्सूत्रम्॥** यथा-'जमाली णं भंते! अणगारे आयरिअपडिणीए : इत्यादि। जाव चत्तारि पंच तिरिक्खजोणिअ-देव-मणुस्सभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति। इत्यत्र पंच त्रिगुणीकृताः पंचदश भवा भवन्तीति घटनां कृत्वा मुग्धलोकान् विभ्रमे पातयति तद् युक्तिमन्न। यतस्तदा 'चत्तारि' पदं क्वोपयुज्यते?। अपि च चत्तारि पंचेति नवानां त्रिगुणत्वे सप्तविंशति। चत्तारि पदस्य त्रिगुणत्वे द्वादशापि भवंति तथा 'सरूपाणामेकशेष' इति न्यायात् लक्षाः कोट्योऽपीति कल्पनान्तराणामपि संभवः। तथा केषांचित्परमभक्तानां भूयांसोऽपि भवा दृश्यन्ते। यदेतस्य महाप्रत्यनीकस्यापि पंचदशभिर्भवैः सिद्धिस्तदा प्रत्यनीकतायाः का भीतिः? दर्शयन्ति च तां भूयस्सु ग्रन्थेषु पूर्वाचार्याः। किंचैतत्कल्पनापि न युक्तितामंचति। यतः। पंचशब्दो यथाम्रेडितो भवति प्रत्येकशब्दसहायश्च तदा पंचदश लभ्यंते, केवलं पंचैव लभ्यँते चत्वारो वा। एतेन वीरचरित्राद्युक्तमपि विहितोत्तरं वेदितव्यं।

ततो यद्यभयदेवसूरिहेमसूरिप्रभृतयः कल्पनायां न प्रवृत्तास्तदा अस्मदादीनां कीटकप्रायाणां तत्र कोऽधिकारः ?। नन्वानन्त्यपक्षेऽपि असंख्येयाः संख्येयाः वा संभवति। सत्यं। संभवति, परं ओघादेशेनैव, नत्वेनमाश्रित्य। यथा 'पुव्वा नाभिस्स संखिज्जा'। अत्र ओघादेशेनैव शतसहस्रादयोऽप्यन्तर्भवति, परं नाभिमाश्रित्य संख्यानियमः कर्त्तुं न शक्यत इति। कस्मादात्मानं परं च क्लेशावेशवदं करोषि? भवपंचदशत्व(स्य)कदाग्रहं परित्यज्य सदा सुखीभवेति वृद्धवचः ॥

किंचायं **निर्नामकः** श्रीहीरविजयसूरिप्रसादितद्वादशजल्पेषु नव-जल्पान् साक्षादुत्थापयन्नस्ति तत्पत्रान्तरादवसेयम्। तेन श्रीवीरवचांसि श्रीहीरवचांसि श्रीसंघवचांसि चावजानन्नु**त्सूत्रवादिनां प्रथमरेखां प्राप्तवान्**। तथा तिलतुषमात्रमपि क्लेशं असभ्यवचनादिना, अभ्यारव्यानदानादिना, पाषाणक्षेपादिना, दीवानगमनादिना मेरुप्रायं संवर्द्धितवांश्च तावद्-यावत्साहिगमनम्। ततोऽस्य सर्वथा संसर्गोहियः। यतः। भवेन्मलिनसंसर्गान्निर्मलोऽपि मलिमसः। कनीनिकाप्रतिच्छाया, चक्रे चंद्रं कलंकिनम्॥१॥ न चैतावपि तुष्टिभागभूत्, किन्तु १६४३ वर्षे द्रव्यव्ययेन चौर्यान्नवीनमाचार्यमुत्थापितवान्, तदपि सूरिपदं साहिना राजनगरमध्ये वालेयारोपणपूर्वकं दूरीकृतम्। तत्संग्रहश्चैवम्–

"श्रीमद्विक्रमतोऽग्निवारिधिरसग्लौ (१६४३) संमिते हायने,–कस्मात् **सोमल**नामकेन विधियादहसूरः (र)सद्वासरे। पौषे रुद्रतिथौ कुजे कलिवशाद् भ्रष्टाद्दुराचारतः, क्रीत्वा द्युम्नबलेन **रामविजयः** सूरिकृतः स्तैन्यतः॥१॥ श्रीमत्साहिसिलीमभूमिपतिना श्रुत्वा नवीना स्थिती-रन्यायेष्वसहिष्णुना वरचरादीदाभिधे पर्वणि। [१]खर्यारोहणपूर्वकं कथनतः सूरित्वमुद्दालितम्, गच्छो रासभिको, ह्यसाविति जने प्राप प्रसिद्धिं ततः॥२॥ एवंकृते सर्वत्र लोकेऽतीववचनीयतां प्राप्तोऽपि लज्जालेशमपि नाभिजग्मिवान्।

१. खर्यारोपणतोऽत्र राजनगरे सूरित्वमुद्दालितं इति पाठांतरे।

किन्तु पुनरपि तथा प्रावर्त्तत यथा साहिसभायां चतुर्मासीमध्येऽपि गमनमापतितम्। तत्रापि तत्पक्षे ललाटे आग्नेयचिह्नकरणादिना धिक्कृत्य दूरीकृतः श्रीविजयदेवसूरयस्तु तथाविधसौम्यदर्शनवीक्षणात् लोकोत्तरगुण प्रकर्षात्, यथोचितवाग्वैभवाच्च परितुष्टेन न्यायनिष्ठेन साहिना वचनातिगमहत्त्वास्पदं चक्रिरे। तद्यथा–

अभ्याख्यान[१]-मसभ्यभाषणमथो[२] आज्ञा[३]-वचोलोपनं[४] श्रीमत्-साहिसमक्षराटिकरणं[५], पैशून्यविस्तारणं[६]। वीरात्पट्टपरंपरगतमपि श्रीसूरीशमुद्दिश्य हा, क्रोधाविष्टमनाः, **सोमविजय**श्चक्रे न किं वैशसं ? ।।३।। सर्व्वं प्रत्युत सद्गुरोः समभवत्तेजःपरिस्फूर्त्तये, य-**'ज्ञांगिरमहातपे'**ति बिरुदं दत्वा स्वयं पश्यता। निर्घोषेषु पतत्सु वाद्यनिवहैः संप्रापिताः स्वाश्रये, किं चित्रं यदि वर्द्धतेऽग्निपतनात् स्वर्णे क्रमाद्वर्णिका ।।४।। [भूताब्धिरसेन्दु (१६७५) मिते, वर्षे श्रीविजयदेवसूरीणां। तुष्टीकृते गणमध्ये, प्ररूपणाभेदनुदिहेतोः ।।५।। ❋(प्रतौ)] गच्छे प्ररूपणाभेद-मपाकर्त्तुं विनिर्मिता। जीयाद्दुःप्रसहं याव-**दुपाधिमततर्जना** ।।५।। अल्पधिया समदृष्टया, श्रुतानुसारेण तत्त्वमधिगम्य। पक्षोऽयं निर्णीतो, मध्यस्थाः शुद्धिकर्त्तारः ।।६।। जिनशासनानुरागात्कठोरमपि गुम्फितं वचः किंचित्। मिथ्या-दुःकृतदानात्, तद्गुणिनः क्षंतुमर्हति ।।७।। 卐प्रते] श्रीमज्जैनप्रवचनवचन-रहस्यप्रकाशिवचनगुणः। श्रीविजयदेवसूरिर्जयतु संघहितकर्त्ता ।।७।। सन्मार्गो सर्वथा नैव, परित्याज्यो मनीषिभिः। मार्गप्रणयिनां यस्मात्, सर्वत्र सुलभाः श्रियः ।।८।। **विचारितोऽयं प्रथमपक्षः** ।। **द्वितीयपक्षोऽपि विचारार्ह एव**। सोऽपि सम्यग् निर्णीतोऽस्ति, परं संप्रति जिनगदितानतिक्रमेण प्रसारणीयः। किन्तु स्याद्वाद एव चादरणीयः, तस्यैव सर्वेषां सर्वत्र सर्वदा श्रेयस्करत्वात्। यदवादिषमहं स्तुतौ। सा चेयम्–

शान्तिं सृजन्नेव जगज्जनाना-मवातरद्भूरितरार्जितायः। अनन्य-सामान्यकृपापराय, श्रीशान्तिनाथाय नमोऽस्तु तस्मै ।।१।। स्याद्वाद-

मुद्रामुल्लंघ्य, ये जल्पंति प्रमादतः। तेषां वचांसि वैतथ्यं, लभ्यं(भं)ते प्राज्ञपर्षदि ॥२॥ येन स्यात् सर्वशास्त्रेषु, संपृक्तेन प्रमाणता। स्याद्वादं तं प्रपद्यंते, न कथं बुद्धिशालिनः ? ॥३॥ भूधवगणकचिकित्सकसामुद्रिक-शाब्दिकादिशास्त्राणि। यमपेक्षते नियतं, कथं न तं जैनवचनानि ? ॥४॥ स्याद्वादप्रतिभासवासितवपुर्योगप्रयोगोद्भवन्, वाग्योगः प्रतिनादसत्वसुभगः प्राप्तः परामुन्नतिं। अंतर्गूढपदार्थसार्थविगलद्भेदः प्ररोहक्रमात्, संख्यातीत-रसानवाप्य जनतां प्रीणाति नभ्राडिव॥५॥ स्याद्वादमार्गः सकलेष्ट-सिद्धेर्निबन्धनं बुद्धिविशुद्धकारी। प्रदर्शितो यैः करुणां दधद्भि-र्देवाधिदेवत्वमतोऽस्ति तेषाम्॥६॥ स्याद्वादेऽपि कथंचित्ता स्याद्वादस्य सयुक्तिका। चक्रे यैस्ते जिनाः सर्वे, सन्तु कल्याणसंपदे॥७॥ इति प्रवचनप्रशंसा॥ एकांतवादप्रतिक्षेपेण स्याद्वादवादिनो जिना जयन्तु इति **प्ररूपणाविचारे प्रथमपक्षनिर्णयः** ॥०॥

द्वितीयपक्षोऽपि विचारार्ह एव। यतः केवलिनमाश्रित्य विप्रतिपत्तिः। तत्र केषांचिदयमाशयः, 'यत्केवलिकाययोगादेकेन्द्रियादयः केपि जीवाः सर्वथा न विपद्यन्ते'। अपरे तु 'केचिद्विपद्यन्तेऽपीति' वदन्ति। तत्राद्याः–'केवलीणं पंच अणुत्तरा पन्नत्ता। अणुत्तरे नाणे जाव अणुत्तरे चरित्ते इत्यादीनालापकान् दर्शयन्ति। अपरे प्रतिवंदति–जिन वचनवासितचेतसां विशेषसूत्रोपलंभे सति सामान्यसूत्रं पुरस्कर्त्तुं न युज्यते, जिनाज्ञाविलोपप्रसंगात्। 'सामान्याद्विशेषो बलीयान्' 'उत्तसर्गादपवादो बलीयानित्यादिन्यायानामवगणनापत्तेश्च, किंचैकान्तपक्षाश्रयणेन यदुच्यते तत्सर्वमुत्सूत्रभावं भजति। एगंते होइ मिच्छत्तमिति वचनात्।अस्य विस्तरश्चैतत्सूत्रवृत्तेरवसेयः।

'पडिसिद्धाणं करणे किच्चाणमकरणे अ पडिक्कमणं। असद्दहणे अ तहा, विवरीयपरूवणाए अ'त्ति। व्याख्या–चशब्दः पूर्वापेक्षया। विवरीअं–वितहं–उस्सुत्तं भन्नइ। परूपणा–पन्नवणा–देसणत्ति पज्जाया। विपरीता चासौ प्ररूपणा च विपरीतप्ररूपणा। तस्यां सत्यां प्रतिक्रमणं

भवतीति। सा चैवंरूपा—

'सियवायमए समए परूवणेगंतवायमहिगिच्व। उस्सग्गववाएसु, कुग्गहरूवा मुणेयव्वा ॥१॥ पिंडं असोहंयंतो अचरित्ती इत्थ संसओ नत्थि। चारित्तम्मि असंते, सव्वा दिक्खा निरत्थया ॥३॥ एवं उस्सग्गमेव केवलं पन्नवेइ अववाइयं वा। 'चेइअपूआ कज्जा जइणावि वइरसामिणुव्व' किल ॥३॥ 'अन्निअसूरीव बन्निया वासे वि न हु दोसो तहा।' लिंगावसेसमित्तेवि वंदणे साहुणावि दायव्वं ॥४॥ मुक्कधुरा सपागडसेवी, इच्चाइवयणाओ। अहवा। पासत्थो ओसन्नो अहाछंदो कुसीलसबले तहा। दिट्ठंतो को अन्नो वड्ढेइ अ मिच्छत्तं परस्स संकं जणेमाणो॥ इच्चाइ निच्छयमेव पुरओ करेइ। किरिआकारणं न नाणं, नाणं वा न किरियाकम्मं, पहाणं। न ववसाओ न कम्मं एगंतेण निच्चमनिच्चं वा। दव्वमयं पज्जायमयं सामन्नरूवं वा वत्थु पयासेइ। एवंविहा एगंतवायपरूवणा। अओ तेसिं पडिक्कमण ति चउत्थो हेऊ॥ इयमयुक्ततरा दुरंतानन्तसंसारकारणम्। यदुक्तमागमे प्रतिक्रमण-सूत्रचूर्णिप्रान्ते। एवं श्रावकदिनकृत्यवृत्तावपि॥

एतासु चोत्सूत्रभाषणा (द) र्हद्दुर्वाद्यवज्ञादि-र्मत्याशातना-अनंत-संसारहेतुश्च सावद्याचार्य-मरीचि-जमालिकादेरिव। यतः। उस्सुत्त-भासगाणं० उन्मार्गदेसणा इयं हि चतुरन्तान् भवभ्रमण-हेतुर्मरीच्यादेरिवेति श्रावकदिनकृत्यवृत्तौ। तदेवं प्रयोजनमन्तरेण किमर्थमात्मा क्लेशावेश-परंपरायां पात्यते? न हि प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि प्रवर्तते किं पुनः प्रेक्षावान्।

अथ किं तद्विशेषसूत्रमिति चेदाकर्ण्यताम्। जीवे णं भंते ! सया समियं एयति वेयति चलइ फंदइ घट्टइ खुब्भइ उदीरइ तं तं भावं परिणमइ? हंता मंडिअपुत्ता ! जीवे णं सया समियं एयति जाव तं तं भावं परिणमइ तावं च णं से जीवे आरभति सारभति समारभति। आरंभे वट्टति सारंभे वट्टत्ति समारंभे वट्टति। आरभमाणे सारभणे समारभमाणे। आरंभे

वट्टमाणे सारंभे वट्टमाणे समारंभे वट्टमाणे। बहूणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं दुक्खावणयाए सोयावणयाए झूरावणयाए तिप्पावणयाए परितावणयाए वट्टति। से तेणट्ठेणं मंडिअपुत्ता! एवं वुच्चति। जावं च णँ से जीवे सयासमियं एयति जाव परिणमति ताव च णं तस्स जीवस्स अंते अंतकिरिया ण (?) भवति। जाव च णं भंते से जीवे णो एयति जाव णो तं तं भावं परिणमई तावँ च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवति। हंता जाव (ण?) भवइ। इत्यादिद्वितीयसूत्रमपि ज्ञेयं। भगवतीसूत्र श. ३॥

विशिष्टतरं त्विदम्। से अभिक्कममाणे पडिक्कममाणे संकुचमाणे पसारेमाणे विणिअट्टमाणे संपलिज्जमाणे एगया गुणसमियस्स (रीयं) रियतो कायसंफासमणुचिन्ना एगतिया पाणा उद्दायंति। इत्याचारांगे प्रथमश्रुतस्कंधपंचमलोकसाराध्ययनचतुर्थोद्देशके॥ एतद्वृत्तिः। से इत्यादि स भिक्षुः सदा गुर्वादेशविधायी एतद्व्यापारवान् भवति। तद्यथा। अभिक्रामन्-गच्छन् 'प्रतिक्रामन्-निवर्त्तमानः। संकुचन् = हस्त-पादादिसंकोचनतः। प्रसारयन् हस्तपादाद्यवयवान्। विनिवर्त्तमानः समस्ता शुभव्यापारान् सम्यग् परिसमन्ताद्धस्तपादाद्यवयवान् तन्निक्षेपस्थानानि वा रजोहरणादिना मृजन् गुरुकुलवासे वसेदिति सर्वत्र संबंधनीयम्। तत्र निविष्टस्य विधिना भूम्यामेकमूरुं व्यवस्थाप्य द्वितीयमुत्क्षिप्य तिष्ठन्निश्चलस्थानासहिष्णुतया भूमिं प्रत्युपेक्ष्य च प्रमृज्य च कुक्कुटी-विजृंभितदृष्टान्तेन संकोचयेत् प्रसारयेद्वा। स्वपन्नपि मयूरवत्स्वपिति। स किलान्यसत्त्वभयादेकपार्श्वस्थायी (शायी) सचिन्तश्च स्वपिति। निरीक्ष्य च परिवर्त्तनादिकाः क्रियाः विधत्ते इत्येवमादि संपरिमृजन् सर्वक्रियाः करोति॥

एवं चाप्रमत्ततया पूर्वोक्ताः क्रियाः कुर्वन्तोऽपि कदाचिदवश्यं-भावितया(यत्) स्यात्तदाह। एगया इत्यादि। एकदा कदाचिद्गुणसमितस्य सम्यगनुष्ठानवतोऽभिक्रामतः प्रतिक्रामतः संकुचतः प्रसारयतो वा निवर्त्तमानस्य संपरिमृजतः कस्यांचिदवस्थायां कायसंस्पर्शमनुचीर्णाः

कायसंसर्गमागताः संपातिमादयः प्राणिनः एके परितापमाप्नुवंति। एके ग्लानतामुपयांति। एकेऽवयवविध्वंसमापद्यते। अपश्चिमावस्थां सूत्रेणैव दर्शयति। एके प्राणाः प्राणिनोऽपद्रावं प्राणैर्विमुच्यँते। अत्र च कर्मबन्धं प्रति विचित्रता।

अथ कथमुपयुक्तस्य सूक्ष्मविराधना स्यादित्याशँक्याह। सव्वत्थावत्थासु जओ, पायं बंधो भवत्थजीवाणं। भणिओ विविहभेओ पुव्वायरिआ तहा बा(चा)हु॥३९॥ सर्वावस्थासु सरागवीतरागादि समस्तपर्यायेषु यदो-यस्माद्धेतोः प्रायो बाहुल्येनायोग्यवस्थायां बंधो न स्यादपीति सूचनार्थम् प्रायोग्रहणं॥ बन्धः कर्मबन्धो भवस्थजीवानां-संसारिजन्तूनामसिद्धानां भणितः उक्तः सिद्धान्ते। किंविध इत्याह-विचित्रभेदो बहुप्रकारः। कुत एतत्सिद्धमित्याह। पूर्वाचार्या-अतीतसूरयः तध्यव (तदध्यवसायात्?) कर्मबंधविचित्रार्थत्वेनाहुर्ब्रुवते इति गाथार्थः॥

तथा सर्वावस्थासु कर्मबन्धो कर्मबंधानुमेया च विराधना इष्यते चासौ द्रव्यतो वीतरागस्यापि छद्मस्थस्य चतुर्थमपि (भंगो) भवति। इति द्वितीयपक्षे। तथाहि-शैलेश्यवस्थायां मशकादीनां कायसंस्पर्शेन प्राण-त्यागेऽपि बंधोपादानकारणयोगाऽभावान्नास्ति बन्धः। 'योगा पयडी पएसं, ठिई अण (णु) भागं कसायओ कुणइ'त्ति वचनात्। उपशान्त-क्षीणमोहसयोगिकेवलिनां स्थितिनिमित्तकषायाभावात् सामायिकः, अप्रमत्तयतेर्जघन्यतोऽन्तमुहूर्त्तं उत्कृष्टतश्चांतःकोटाकोटी स्थितिरिति, प्रमत्तस्य त्वनाकुट्टिकयानुपेत्य प्रवृत्तस्य क्वचित् पाण्याद्यवसंस्पर्शात् प्राण्युपतापनादौ जघन्यतः कर्मबन्धः। उत्कृष्टतश्च प्रांक्तन एव विशेषिततरः। स च तेनापि भवेन क्षिप्यत इति सूत्रे दर्शयितुमाह॥०॥

"अणगारस्स णँ भंते ! भाविअप्पणो पुरतो जुगमाताए पेहाए रीयमाणस्स पायस्स अहे कुंक्कुडपोए वा वट्टापोए वा कुलिंगच्छाते वा परितावेज्जा। तस्स णं भंते ! किं ईरियावहिआ किरिया कज्जति।

संपराइआ किरिआ कज्जति ? गोयमा ! अणगारस्स जाव तस्स णं ईरियावहिआ किरिआ कज्जति, णो संपराइया किरिया कज्जति। से केणट्ठेणं भंते ! एवं वुच्चति ? जहा सत्तमसए संवुडुद्देसए जाव अट्ठो निक्खित्तो सेवं भंते ! जाव विहरति। भगवती शतक १८ उ० ८।"

एतद्वृत्तिः। पुरओ त्ति अग्रतः, दुहओ त्ति द्विधा-अन्तरान्तरा, पार्श्वतः पृष्ठतश्चेत्यर्थः। जुगमायाए ति युग (यूप *) मात्रया दृष्ट्या, पेहाय त्ति प्रेक्ष्य, रीयं ति गतं-गमनं, रीयमाणस्सत्ति कुर्वत इत्यर्थः। कुक्कुडपोयए त्ति कुर्क्कुटडिम्भं, वट्टापोएत्ति इह वर्त्तकः पक्षिविशेषः। कुलिंगच्छाए वत्ति पर्यापद्येत, एवं जहासत्तमसए इत्यादि। अनेन यत्सूचितं तस्यार्थलेश एवम् -अथ केनार्थेन भदन्त! एवमुच्यते? गौतम! यस्य क्रोधादयो व्यवच्छिन्ना भवन्ति तस्येर्यापथिक्येव क्रिया भवतीत्यादि जाव अट्ठो निक्खित्तोत्ति, से केणट्ठेणं भंते इत्यादि ॥०॥

अत्रैतद्रहस्यं गुणस्थानकविचारवेदिनां विप्रतिपत्तिरेव नास्ति। यतस्त्रयोदशगुणस्थानके ईर्यापथिकीं क्रियां बध्नातीत्यविवादम्। सा च योगप्रत्यया। योगश्च नहि स्वरूपसन्नेव क्रियानिमित्तं भवति, किन्तु व्यापारवान्। तद्व्यापारश्च एजनचलनस्पंदनादिकः ततो विराधना, ततोपि क्रिया। एतदर्थविस्ताररूपाः सर्वेऽप्यालापकाः ॥ किं बहुना ? महोपाध्यायश्रीधर्मसागरगणिभिरपीत्थमेव प्रतिपादितमस्ति। यथा-च पुनरर्थे अप्यर्थे वा, मुनीनां, शोभना मुनयः सुमुनयः-सुसाधवस्तेषां। अप्रमत्तगुणस्थानकादारभ्य त्रयोदशगुणस्थानकं यावदारंभे वर्त्तमानानामपि आरंभिकी क्रिया न भवति॥ यदागमः॥ तत्थणमित्यादि प्रवचनपरीक्षायां १४४ गाथावृत्तौ॥

एतदर्थानुकूलं कारिकाद्वयमिदम्॥ "आश्रवाणां निरोधो यः, संवर स प्रकीर्त्तितः। सर्वतो देशतश्चेति, द्विधा स तु विभिद्यते॥१॥ अयोगिकेवलिष्वेव, सर्वतः संवरो मतः। देशतः पुनरेक-द्विप्रभृत्याश्रवरोधिषु॥२॥" एतस्यैवार्थस्य संवादार्थमाह श्रीहेमसूरिः।

संव्रियत इति। द्वित्र्याद्याश्रवनिरोधस्तु देशसंवरः, स च सयोगिकेवलिनः संवरभावनायाम्। [१]एतेन यत्र क्वचन केवलिकाययोगाज्जीवविराधना निषेधोपलब्धिस्तत्र सर्वत्र शैलेश्यवस्थापन्नः केवली ग्राह्यः। तथैव ग्रन्थान्तरैः सह संवादात्। विशिष्टतमं च श्रीदशवैकालिकवृत्तौ द्रव्यभावपदाभ्यां हिंसामुद्दिश्य चतुर्भंगीमासूत्र्य 'चतुर्थो भंगः शून्य' इति व्याहृतवान् श्रीहरिभद्रसूरिः। यदि केवली चतुर्थभंगोवि(गान्वि)तो [भंगस्थितो]ऽभविष्यत् तदा केवलिनमेवोदाहरिष्यत्, न चोदाहृतस्ततो ज्ञायते भवत्यपि काचिद् विराधना।

अवस्थितपक्षस्तु दशवैकालिकवृत्तिश्राद्धप्रतिक्रमणवृत्ति अनुयोगद्वारवृत्तिचूर्ण्यादिषु द्रव्यभावपदाभ्यां हिंसामुद्दिश्य चतुर्भंग्यः कृतास्सन्ति ताश्चातीवगहना दुर्विचाराः, बहुश्रुतगम्यास्ततः :—[२]"केवलिनो विराधनामाश्रित्य सांप्रतं केनापि वार्तामात्रमपि न कर्त्तव्य' (व्या इति) मिति **परमगुरूणामाज्ञा**। तल्लोपे महत्प्रायश्चित्तम्, तत्पालने च जिनशासनस्य वचनीयता निवारिता भवतीति ज्ञेयम्॥

इत्थमपि विचार्यम्-नहि तपागच्छाधीशाः तीर्थंकरप्रतिरूपा अयथार्थवादिनो भवंति [अयथार्थवादिनो 卐प्रतौ नास्ति] अयथार्थमर्थं प्ररूपयन्तं निवारयंति, न वा मिथ्यादुष्कृतं दापयन्ति। तैश्चेद् द्वित्रिर्मिथ्यादुष्कृतं यस्यार्थस्य दापितं साधोः [सोऽर्थ 卐 प्रतौ] धर्मधनानां श्रवणगोचरीकर्त्तुमपि न युज्यत इति॥०॥

एवं सत्यपि भिन्नभिन्नग्रन्थेषु पृथक्पृथग्भावाकर्णनादात्मा

---

१—આ વિચારસરણીવાળા નહિ હોવા છતાં પ્રતિસ્પર્દ્ધિ મહોપાધ્યાયોના પરિબળના કારણે પૂ. હીરસૂરિજી મહારાજ, પૂ. સેનસૂરિજી મહારાજ બાહ્યવૃત્તિથી વિક્રમ સંવત્ ૧૬૭૨ સુધી અનિશ્ચિત વાત જણાવતા હતા અને તેથી બન્ને પક્ષોની યુક્તિ-પ્રયુક્તિનો શાસ્ત્રસંમત નિર્ણય કરીને 'કેવલીને જીવવિરાધના હોય કે નહિ ?' તેનો નિર્ણય સાધી શકતા ન હોવાના કારણે નં. ૨ વાળું ફરમાન પણ બહાર પાડવું પડેલ છે. (ન. સા. સૂ.)

संदेहदोलायां न स्थापयितव्यः। सति च संदेहे गाथाद्वयमिदं भावनीयम्। "तत्थ य मइदुब्बलेण, तव्विहायरियविरहओ वावि। नेयगहणत्तणेण य नाणावरणोदयेण च ॥१॥ हेऊदाहरणासंभवे, असइ सुट्ठु जं न जाणिज्जा। सव्वन्नुमयमवितहं, तहावि तं चिंतये मइमं ॥२॥" ध्यानशतके [१]मतेदौर्बल्यात्, [२]तथाविधाचार्यविरहात्, [३]ज्ञेयस्य गहनत्वात्, [४]ज्ञानावरणीय कर्म्मण उदयात्, [५]हेतूदाहरणासंभवात्। एतेषां पंचानां हेतूनां संभवे सामग्र्या अभावे यदि कश्चित्सूक्ष्मार्थो मनसि नायाति, तथापि मतिमानेवं चिन्तयेत्- सर्वज्ञमतमवितथमेव-यथास्थितमेवेति। सम्यक्स्थिरतां विधत्ते। ततोनाग्रहपरेण केनापि भाव्यम्॥ आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा। पक्षपातरहितस्य तु युक्तिः, यत्र तत्र मतिरेति निवेशम्॥१॥

'यत्त्वेकेन्द्रियादिमव्यक्तानामेवाकामनिर्जरा न तापसादीनामिति' वचस्तत् कपोलकल्पितताभेवाभिव्यनक्ति। स्थानानुपलंभात्, प्रत्युत ग्रन्थि-देशप्राप्तिं यावदकामनिर्जरा भवतीत्युक्तं श्रीहेमसूरिणा-चतुर्थप्रकाशे। तच्च-'अकाम-निर्ज्जरारूपात्, पुण्याज्जन्तोः प्रजायते'। इत्यादिना पूर्व लिखितमेवास्ति। श्रीहरिभद्रसूरिणापि 'न सर्वथानयोर्ज्ञानक्रिययोः साधनत्वं नेष्यते देशोपकारित्वमभ्युपगम्यते' एवेत्युक्तं आवश्यकवृत्तौ। तत्रैवाग्रे- यथाप्रवृत्तकरणं ग्रन्थिदेशं यावदुक्तं तदेवाकामनिर्जरा।

किंच-श्रीस्थानांगे चतुर्थस्थानके त्रयोदशगुणस्थानकं यावद्देश- निर्जरा उक्ता, तथा श्रीभगवतीसूत्रे सर्वेष्वपि दंडकेषु निर्जरोक्ता। अन्यच्च-मिथ्यात्वगुणस्थानके ११७ (१११)प्रकृतयो बँध्यते, सास्वादने १०१, मिश्रे ७६ बध्यंते, ता किं बद्धा अवतिष्ठंति उत परिशटन्तीत्यादि स्वयमालोचनीयम्। अपि च-सम्यग्दृशां तपोऽनुष्ठानादिकं ज्ञान- कष्टमुच्यते, तत्फलं तु सकामनिर्जरा। मिथ्यादृशां तु तपोऽनुष्ठानादिकं- अज्ञानकष्टं, तत्फलं त्वकामनिर्जरेत्यत्र कार्यकारणभावस्तद्विदां सुगम एव उक्तमपि। 'अन्नाणकट्ठकम्मरवओ उ जायइ मंडूकचुण्णतुल्लत्ति।

सम्मकिरिआइ सो पुण, नेओ तच्छारसारिच्छो ॥१॥ त्ति सम्यग्विचार्यम् ॥ [अज्ञानकष्टं कारणं, कर्म्मक्षयः कार्यः मंडूकचूर्णतुल्यः तद्धि खंडीकृतमपि पुनरुद्भवति। सम्यक्तया कारणं, कर्मक्षयः कार्यः, स कार्यकारणभावः तद्भस्मसदृशः। तद्धि कदापि न पुनरुद्भवति = ह.लि.३=卐 प्रतौ ]

मरीचेस्तु दुर्वचनोत्सूत्रयोरेकत्वमेव पर्यायरूपत्वात्। यदुक्तं-च शब्दःपूर्वापेक्षया, [१]विवरीअं-वितहं-उस्सुत्तं भण्णइ, पण्णवणा-परूवणा-देसणत्ति पज्जाय त्ति। तथा उत्सूत्रप्ररूपणायाः संसारहेतुत्वात्। यदुक्तं-'फुडपागडमकहँतो' इत्यादिपाक्षिकचूर्णौ। एतासु चोत्सूत्र-भाषणार्हद्दुर्वाविज्ञादिर्मत्याशातना (?) अनंतसंसारहेतुश्च सावद्याचार्य-मरीचिजमालिकादेरिव। यतः। 'उस्सुत्तभासगाणं' प्रतिक्रमणसूत्रचूर्णि-प्रान्ते। उन्मार्गदेशनादिकं हि चतुरन्तादभ्रभवभ्रमण-हेतुर्मरीच्यादेरिवेति श्रावकदिनकृत्यवृत्तौ। एवं उपदेशरत्नाकरेऽपि दशमतरंगे। किं बहुना? [२]वाचकचरणैरपि मरीचिवचनं उत्सूत्रतया निबद्धमस्ति ततो नात्र विप्रतिपत्तिः।३।

'जमाली णं भंते ! अणगारे आयरियपडिणीये'त्यादि 'जाव चत्तारि पंच तिरिक्खजोणिअ-देव-मणुस्स भवग्गहणाइं संसारमणुपरिअट्टा तओ पच्छा सिज्झिहि त्ति' एनमालापकमुपश्रुत्यैकान्ततो भवानन्त्यकल्पनं [नं स 卐] भित्तिचित्रायितमेव। यतो मरीचेर्वचनस्योत्सूत्रत्वे 'दुर्वचनोत्सूत्र-योरेकत्वे' च भवानंत्यनियमो व्युच्छिन्नसंकथ इवावभासते। एकान्तपक्षाश्रयणेन यदुच्यते तदुत्सूत्रमेवानुविधत्ते। एतच्च "पडिसिद्धाणं करणे"इत्यादि पूर्वं प्रतिपादितमेव। [ततोऽत्र न केनाप्याग्रहबुद्धिना भाव्यं 卐 प्रतौ ] किन्तु क्वचित् 'कियतः' क्वचिच्चानन्ता अपि। तत्र 'तिर्यङ्-

---

१- 'विवरीअ'मित्यादि साक्षीपाठे दुर्वचनशब्दस्य पर्यायरूपेण कथनं नास्त्येव। तेन दुर्वचन-उत्सूत्रयोरैक्यं कथं भवेत् ? तस्माद्विचारणीयमेतद् वाक्यम्।

२- कस्मिन्ग्रन्थे इत्थं कथितम् ? (न. सा. सू.)

मनुष्य-देवेषु भ्रान्त्वा स कतिचिद्भवान् भूत्वा(भ्रांत्वा) महाविदेहेषु दूरान्निवृत्तिमेष्यति' [१]इत्युपदेशमालाकर्णिकादिषु 'कियन्त' उपलभ्यते, तद्वृत्त्यन्तरेषु चानन्ता अपि। [२]ततो यावद् यद् दृश्यते तावदेव प्ररूप्यते, निष्प्रयोजनं कार्यमुपादाय किमर्थमात्मा दुर्गतिप्रणयी विधीयते ?। यदि श्रीहेमसूरिप्रभृतिभिरनंततानियमो न बद्धस्तदान्येषां तस्य का तप्तिरित्यादि स्वयमालोचनीयम्। छ।

यत्तु-'मिथ्यादृशां ब्रह्मचर्य-साधुभक्ति-जिनभवनरक्षण-सहाय्य-दानादि किमपि नानुमोदनार्हम्' तदपि विचार्यम्। प्रकारांतरस्यापि ग्रन्थेषूपलंभात्। स यथा। अरिहंतं अरिहंतेसु साहूण साहुचरियं एताभ्यां गाथाभ्यां यत्र यदनुमोदनीयं तदवसितं शेषेष्वपि जीवेषु किंचिदनुमोदनीयमस्तीति अत आह। 'अहवा सव्वं चिअ वीयराय-वयणाणुसारि जं सुकडं। कालत्तये वि तिविहं अणुमोएमो तयं सव्वं ॥१॥ एतद्वृत्तिर्यथा-

'अथवे' ति सामान्यदर्शने 'चिअ' एवकारार्थे। ततः सर्वमेव जिनवचनानुसारि-जिनवचनानुयायि यत्सुकृतं जिनभवन्-बिम्बकारण-तत्प्रतिष्ठा-सिद्धांतपुस्तकलेखन-तीर्थयात्रा-संघवात्सल्य-जिनशासन-प्रभावना-ज्ञानाद्युपष्टंभ-धर्मसांनिध्य-क्षमा-मार्दव-संवेगादिरूपं मिथ्या-दृक्संबन्ध्यपि मार्गानुयायिकृत्यं कालत्रयेऽपि त्रिविधं मनोवाक्कायैः कृतं कारितं अनुमतं यदभूद् भवति भविष्यति तकत् इति तच्छब्दात् 'स्त्यादिसर्वादिस्वरेष्वन्त्यादि'ति सूत्रेण स्वार्थे कप्रत्यये रूपं तदित्यर्थः।

---

१ भवानंत्यकथनं उपदेशमालावृत्तावेति न, किंतु बहुषु ग्रंथेषूपलभ्यँते। द्रष्टव्यं १८ प्रश्नग्रंथे

२ 'ततो यावद्....दुर्गतिप्रणयी विधीयते' पर्यन्तकथनानुसारेण वर्त्तनेन न कस्यापि वस्तुनः निर्णयो भविष्यति, तथा तदर्थनिश्चयेपि जीवः प्रवृत्तस्सन् सुगर्निभागेवम् भवतीति मंतव्यं (न. सा. सू.)

तत्सर्वं-निरवशेषमनुमोदयामो-अनुमन्यामहे-हर्षगोचरतां प्रापयाम इत्यर्थः। बहुवचनं चात्र पूर्वोक्तचतुःशरणादिप्रतिपत्योपार्जितपुण्यसंभारत्वेन स्वात्मनि बहुमानसूचनार्थम्।।५८।।'

नन्वस्या गाथायाः को विषयः? को विभाग?। यतो विषय-विभागमजानाना ये सूत्रं व्याख्यानयंति ते स्वं च परं दुर्गतिप्रणयिनं विदधति। उक्तं च। विहि[1] उंज्जम[2] वन्नय[3] भय[4] उस्सग्ग[5] ववाय[6] तदुभयगयाइं[7]। सुत्ताइं बहुविहाइं, समये गंभीरभावाइं।।१।। तेसिं विसयविभागं अमुणंतो नाणावरणकम्मुदया। मुज्झइ जीवो तत्तो, सपरेसिमसग्गहं कुणइ।।२।। इति। अतः परस्पराविरोधेन द्रव्यक्षेत्र-कालभावानपेक्ष्य स्थाद्वादमुद्रामनुल्लंघयद्भिर्विचार्यम्। तच्छंकितादिपदं विषयं च विध्यादिसूत्रगोचरे यत्रानुपतति (तत्) तत्र स्थापयितव्यमिति। श्रावकदिनकृत्यवृत्ताविति। एवं प्रतिक्रमणसूत्र (त्रे) नन्वस्या० इत्यादि। चूर्णावपीत्यंतः पूर्वपक्षः, सत्यमित्याद्युत्तरं चूर्णावपीति चेत्सत्यम्। परमस्या गाथाया मिथ्यादृक्संबंधिकर्त्तव्यविषयः। तद्विभागश्च मार्गानुसारि तदनुमोदनीयं नान्यत् इति।

अथ तदेव न ज्ञायते किं मागानुसारीत्याशंकामपाकर्त्तुमेवाह वृत्तिकारः। जिनभवनेत्यादि संवेगरूपमिति पर्यंतम्। अत्र कृत्यमिति विशेष्यं, संवेगादिरूपं१ मिथ्यादृक्संबन्ध्यपि२ मार्गानुसारी३ इति त्रीण्यपि विशेषणानि। तत्र प्रथमं विशेषणं समासान्तं, ततो 'द्वद्वान्ते श्रूयमाणं पदं प्रत्येकसंबध्यते' इति वचनात् जिनभवनोपष्टंभ-बिम्बकारणोपष्टंभ इत्येवं योजना कार्या।

ततोत्रैदमैदंपर्यम्-जिनभवनादिषु उपष्टंभदानं १. धर्मसांनिध्यकरणं २. स्वाभाविक क्षमामार्दवसंवेगादि ३. च अनुमोदनार्हम्, न तु तत्प्रयुक्तमिथ्याक्रिया। बोधिप्राप्तिमंतरेणैकस्यापि व्रतस्यासंभवात्। तदनुमोदने सर्वेषां दर्शनानामेकत्वप्रसंगश्च। परं 'किमपि फलं न भवतीति' न वक्तव्यं। जं अन्नाणी कम्मं, खवेइ बहुएहिं वासकोडीहिं।

तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेण।।१।। इति वचनात्। किन्तु 'ज्ञानपूर्वकमेवं विधत्ते तदा महते फलाय भवतीति' वक्तव्यम्। अकामनिर्जराया अपि बोधिहेतुत्वेन सिद्धान्ते प्रतिपादनात्। अणुकंप-कामनिज्जर-बालतवो दाण विणयविब्भंगे। संयोगविप्पओगे, वसणुसव इड्ढिसक्कारे।।

यत्तु 'असद्ग्रहपरित्यागेन तत्त्वप्रतिपत्ति'रिति व्याख्यानमुपलभ्यते स तु मार्गः, न तु मार्गानुसारी। स तु मार्गः प्रार्थनाधिकार एव घटते नात्रेति बोध्यम्। दृश्यते चानुमोदितं निरतिचारं चरणमनुचरद्भिर्महामुनिभिः तद्यथा। आउसंतो गाहावती णो खलु मम गामधम्मा उब्बाहंति सीअफासं च, नो खलु अहं संचाएमि अहिआसित्तए, णो खलु मे कप्पइ ति अग्गिकायं उज्जालेत्तए चेत्यादिसूत्रं। एतद्वृत्तिः। भिक्खुपडिलेहाए। भिक्षुः प्रत्युपेक्ष्य विचार्य स्वसंमत्या परव्याकरणेन अन्येषां चांतिके वा श्रुत्वाऽवगम्य तं गृहपतिमाज्ञापयेत् प्रतिबोधयेदनासेवनया यथैतन्ममायुक्तमासेविंतु भवता पुन(:) साधुभक्त्यानुकंपाभ्यां पुण्यप्राग्भारार्जनमकारीति। विमोक्षाध्ययने तृतीयोद्देशके।

तथा-गोयमा! जो दाणं दलयति सो दुक्करं करेइ, दुल्लभं लभति, दुच्चयं चयति, जीवियं चयति, बोहिं बुज्झतीत्यादि भगवत्यामपि। किंचाद्यापि धनसार्थवाह-धनधनवती-नयसार-धनादिदानान्यनुमोद्यन्ते। संप्रत्यपि च दुर्लभतायां दानादिदातुर्मुनयः कथयँतः 'संति अहो अद्य तव महान् लाभोऽभूत् यत्साधवोऽमी दुस्तरान्निस्तारिता' इत्यादि सूक्ष्मेक्षिकया विमर्शनीयम्।

न च परपाषँडिप्रशंसने दूषणमवादि सूरिभिः। यदुक्तं। सर्वसमक्षममीषां गुणवर्णनं कुर्वन् तेषामन्येषां च तद्भक्तानाँ तद्धर्मोन्मुखानां च मिथ्यात्वपथे स्थैर्यमुत्पादयन्ननन्तमात्मनः संसृति-संसरणमुपचिनोतीति वाच्यं। अत्रापि 'सर्वसमक्ष' मिति पदेनाप-वादपक्षोऽपि दर्शितमस्ति। एवं महानिशीथालापकेऽपि। एवं

यत्रान्यत्राप्यपवादपक्षसूचकं पदं न दृश्यते तत्रापि तदनुसारेणाध्याहार्यम्। तदपि तदभिमतकृत्यविषयं तदा मार्गानुसारिकृत्यानुमोदने का चर्चा?

तथानुमोदनामाश्रित्य भट्टा० श्री हीरविजयसूरिभिर्द्वादशाजल्पान्तर्गत द्वितीयजल्पेऽप्येवमेवार्थः समर्थितोऽस्ति। यथा–"परपक्षिकृत धर्मकार्यं सर्वथा नानुमोदनार्ह इति केनापि न वक्तव्यं'। यस्मात्स्वाभाविक-दानरुचित्वादिसाधारणगुणा मार्गानुसारिकृत्यानि च मिथ्यादृक्संबंधीनि जैनपरपक्षसत्कान्यपि अनुमोदनार्हाणि।" अत्र तेषां किंचिदनुमोदनार्हं किंचिन्नेति सर्वथापदस्य भावार्थः। स्वाभाविकपदं सहजस्था गुणाः, न तु तदुपदिष्टक्रिया इति सूचयति।

अत्रापि आराधनापताकायाः संमतिर्यथा–सेसाणं जीवाणं, दाणरुइत्तं सहावविणिअत्तं। तह पयणुकसायत्तं, परोवयारित्तभव्वत्तं॥१॥ दक्खिन्नदयालुत्तं, पिअभासित्ताई विविहगुणनिवहं। सिवमग्गकारणं जं तं, सुकडं कयकारिअमणुमोइअ महयं तं सव्वमणुमोए॥३॥ 'सिवमग्ग-कारणं जं'ति अत्र शेषाणां जीवानां कृतकारितादि च अनुमोदनार्हं किं सर्वं? नेत्याह–यत् शिवमार्गकारणं शिवमार्गः–सम्यक्त्वं जिनशासनं वा, तस्य कारणं हेतुः विनीतत्व–दयालुत्वादि च अनुमोदनार्हं, नान्यदिति परमरहस्यम्। एवं मार्गमात्रानुसार्यपीति। हेमसूरयोऽपि–'यत्कृतं सुकृतं किंचिद्रत्नत्रितयगोचरं। तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि।१। वीत-रागस्तवे १७॥ एवं सत्ति ये वदन्ति–'मिथ्यादृक्संबंधि क्रियादिकं सर्वमपि अनुमोदनीयं' तदतीवासमंजसमिवाभाति। ये च केचनापि 'नानुमोदनीयमिति' प्ररूपयन्ति तदपि तथैव॥

भूताब्धिरसेन्दुमिते (१६७५), वर्षे श्री विजयदेवसूरीणां। तुष्टिकृते गणमध्ये, प्ररूपणाभेदनुदिहेतोः॥१॥ अल्पधिया समदृष्ट्या, श्रुतानुसारेण तत्त्वमधिगम्य। पक्षोऽयं निर्णीतो, मध्यस्थाः शुद्धिकर्त्तारः॥२॥ जिनशासनानुरागात्, कठोरमपि गुम्फितं वचः किंचित्। मिथ्या-दुःकृतदानात्, तद्गुणिनः क्षंतुमर्हं ति॥३॥ गच्छे प्ररूपणाभेद–मपाकर्त्तुं

विनिर्मिता। जीयाद्दुःप्रसहं यावद्, **उपाधिमततर्जना**॥४॥ श्रीमज्जैन-प्रवचनवचनरहस्यप्रकाशिवचनगुणाः। श्रीविजयदेवसूरिर्जियतु चिरं संघ-हितकर्त्ता॥५॥ विचारितोऽयं द्वितीयपक्षोऽपि। परं संप्रति जिनमत-हितमनतिक्रमेण प्रसारणीयः॥ स्याद्वादमेवादरणीयः। तस्यैव सर्वेषां सर्वत्र सर्वदा श्रेयस्करत्वात्। यदवादिषमहं स्तुतौ॥

शान्तिं सृजन्नैव जगज्जनाना-मवातरद्भूरितरार्जितायः। अनन्य-सामान्यकृपापराय, श्रीशान्तिनाथाय नमोऽस्तु तस्मै॥१॥ स्याद्वाद-मुद्रामुल्लंघ्य, ये जल्पंति प्रमादतः। तेषां वचांसि वैतथ्यं, लभन्ते प्राज्ञपर्षदि॥२॥ येन स्यात्सर्वशास्त्रेषु, संपृक्तेन प्रमाणता। स्याद्वादं तं प्रपद्यन्ते, न कथं बुद्धिशालिनः ?॥३॥ भूधवगणकचिकित्सकसामुद्रिक-शाब्दिकादिशास्त्राणि। यमपेक्षन्ते नियतं कथं न तं जैनवचनानि ?॥४॥ स्याद्वादप्रतिभासवासितवपुर्योगप्रयोगोद्भवन्, वाग्योगः प्रतिनादसत्त्य-सुभगप्रास्तः परामुन्नतिं। अन्तर्गूढपदार्थसार्थविगलद्भेदप्ररोहक्रमात्, संख्यातीतरसानवाप्य जनतां प्रीणाति नभ्राडिव॥५॥ स्याद्वादमार्गः सकलेष्टसिद्धेः, निबंधनं बुद्धिविशुद्धकारी। प्रदर्शितो यैः करुणां दधद्भि-र्देवाधिदेवत्वमतोऽस्ति तेषाम्॥६॥ युग्मं॥ स्याद्वादेऽपि कथंचिन्ना स्याद्वादस्य सयुक्तिका। चक्रे यैस्ते जिनाः सर्वे, सन्तु कल्याणसंपदे॥७॥ इति प्रवचनप्रशंसा॥ एकान्तवादनिरासेन स्याद्वादवादिनो जयन्तु जिनाः॥ इति प्ररूपणाविचारे द्वितीयपक्षनिर्णयः॥ संपूर्णः॥ श्री श्री श्री श्री श्री शुभं भवतु॥ कल्याणमस्तु॥

## ॥ इति प्ररूपणाविचारः ॥

अज्ञातकर्ता कृत-

# प्ररूपणा विचार ग्रंथानुवाद

અનુવાદક :—'શાસનકંટકોદ્ધારકસૂરિશિશુઃ

आर्हन्त्यमाध्याय चिरं स्वचित्ते। प्रयुज्य तान् सुश्रुतसिद्धियोगान्।
प्रपीडितां (तान्) किंचन दुर्विदग्धै-निर्दोषतां बोधिमहं नयामि ॥१॥

અર્હત્‌પણાના ભાવને પોતાના ચિત્તમાં લાંબાકાળ સુધી ધારણ કરીને, દુર્વિદગ્ધ એવા આત્માઓ વડે કરીને સારી રીતે પીડિત કરાયેલાઓને કાંઈક પ્રયોગો કરીને નિર્દોષતા પમાડવા માટે પ્રયત્ન કરું છું.

જેમ રોગરૂપી દોષથી પીડાયેલા આત્માઓને સુશ્રુત નામના વૈદ્યક ગ્રંથમાં કહેલા યોગોના ઉપચારોથી નિર્દોષતા=રોગરહિત કરાય છે, તેવી રીતે નિર્દોષ એવા બોધીબીજની પ્રાપ્તિને માટે હું પણ તેઓને (સન્માર્ગે) પ્રયોગો દ્વારા લઈ જાઉં છું. ॥૧॥

અત્રે આ પ્રવચનની અંદર જે કોઈ પોતાની બુદ્ધિના વિપર્યાસથી વ્યાપન્નદર્શનવાળા=એટલે કે સમકિતથી ભ્રષ્ટ થયેલા અર્થાત્ મિથ્યાત્વને પામેલા આત્માઓને વિષે મૂલરૂપ, નિર્નાયક અને પ્રબલતર મિથ્યાત્વ મોહનીયના ઉદયને વશ બનેલો અને પાંચમા આરાએ પણ જેમને સહાય કરેલી છે એવો આ આત્મા (સોમવિજય) "ગણનો ભેદ કરો નહિ" એવી શંકાને લઈને ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિ મહારાજે જેમને ઘણું માન આપેલું છે અને એ બહુમાનથી ઉત્પન્ન થયેલું છે અજીર્ણ જેને એવો તે આત્મા, સૂત્ર, અર્થ કે તદુભયના રહસ્યને વિચાર્યા સિવાય અને લોકલજ્જાનો પણ ત્યાગ કરીને તેમજ દુર્ગતિમાં પડવાની વાતને પણ અવગણીને–

सेअंबरो अ आसंबरो अ, अहव अन्नो वा।
समभावभाविअप्पा, लहइ मुक्खं न संदेहो त्ति॥

એ ગાથાને આગળ કરીને લોકોમાં પ્રચારે છે કે "હે લોકો! તમે જુઓ", આ ગાથામાં માધ્યસ્થ-જેનું બીજું નામ સમભાવ છે, તે સમભાવ વડે કરીને સર્વ દર્શનોને વિષે પણ મોક્ષ જણાવેલ છે. તેથી કરીને માધ્યસ્થ ભાવને જ ધારણ કરવો જોઈએ. પરંતુ 'આ જ ધર્મ સાચો છે, બીજો નથી' તે પ્રમાણે રાગ-દ્વેષથી ઉત્પન્ન થયેલ વચન બોલવું નહિં,"

એવી રીતના માયાગર્ભિત કોમલ વચનો દ્વારા ભોળા લોકોને ઠગીને અર્હત્ પ્રણીત ધર્મમાર્ગનું આચ્છાદન કરતો અને બીજા દર્શનોની સાથે મિત્રતા રાખતો ફરે છે; પરંતુ તે આત્મા, એ નથી જાણતો કે—ક્યો સમભાવ? અને તે ક્યારે? અને કેવી રીતે થાય? એ જાણવા માટે કંઈક કહું છું —જેમકે પતંજલિ પ્રમુખ ગ્રંથોને વિષે યમ-૧, નિયમ-૨, આસન-૩, પ્રાણાયામ-૪, પ્રત્યાહાર-૫, ધારણા-૬, ધ્યાન-૭, સમાધિ-૮એ પ્રમાણે યોગના આઠ અંગો કહેલા છે, તેમાં યમ આદિના અભ્યાસના ક્રમે કરીને અંતે સમાધિ થાય છે, તે જ સમભાવ; અને ન્યાયશાસ્ત્રને વિષે શ્રવણ આદિના ક્રમે કરીને જે સાક્ષાત્કાર થાય, તેનો બીજો પર્યાય સમભાવ છે; અને આ અર્થ, યોગશાસ્ત્રને વિષે સાક્ષાત્ સમર્થન કરેલો છે. જે આ પ્રમાણે-

एवं क्रमशोभ्यासावेशाद् ध्यानं भजेन्निरालंबं।
समरस भावं प्रासः परमानंदलः ततोऽनुभवेत्॥१॥

આ પ્રમાણે ક્રમશઃ-ક્રમપૂર્વક અભ્યાસના પ્રયત્નથી ધ્યાનની સિદ્ધિ થાય છે, અને તે ધ્યાન જ્યારે નિરાલંબન થાય છે ત્યારે સમરસભાવને પામે છે અને તે સમરસભાવથી પરમ આનંદને ભોગવવાવાળો જીવ થાય છે.

આ શ્લોકમાં "क्रमशो अभ्यासवशात्" એ પ્રમાણે જે કહેલું છે તે ચિત્તનું ડામાડોલપણું અટકાવીને, સ્વાભાવિક સ્થિતિમાં લાવવાનો જ

અભ્યાસ કરવો તે અભ્યાસ પણ વિશ્લિષ્ટ–વિશેષ પ્રકારે અને તેથી પણ તદ્દન લીનતાભાવમાં આવી જાય એવી રીતનો વારંવાર અભ્યાસ ચાલુ રહે ત્યારે નિરાલંબન ધ્યાનને ભજે અને ત્યાર પછી સમરસની પ્રાપ્તિ થાય અને તે સમરસભાવની પ્રાપ્તિ થયે છતે ઉત્કૃષ્ટ આનંદનો અનુભવ કરે છે. જ્યારે બીજા ગ્રંથમાં—

यदा संलीयते प्राणो, मानसं च प्रलीयते, तदा समरसं चेति ॥

જ્યારે પ્રાણો, તદ્દન–સદંતર લીન થઈ જાય= એટલે કે ઇન્દ્રિયોના દ્રવ્યવ્યાપારથી મુક્ત થઈ જઈને મનોવ્યાપારમાં લીન થઈ જાય, ત્યારે સમરસ પ્રાપ્ત થાય એમ કહેલું છે.

અને જૈનમતે તો ક્ષપક શ્રેણિ માંડ્યા વગર કોઈ સિદ્ધ થયો નથી અને થશે પણ નહિં અને તે ક્ષપકશ્રેણિનો પ્રારંભ જીવ જ્યારે કરે છે તે ૪થે–પાંચમે–છટ્ટે અને સાતમા ગુણઠાણે રહેલો જીવ ક્ષપક શ્રેણી માંડે અને દશમે ગુણઠાણે રાગ-દ્વેષના અંશમાત્રને પણ નિરવશેષ કરી નાંખે છે, અગિયારમાં ગુણઠાણાને તો સ્પર્શે પણ નહિં, તેથી બારમે–તેરમે અને ચૌદમે ગુણઠાણે જેમણે સમભાવ રસ પ્રાપ્ત કર્યો છે તે જીવ તેવા મોક્ષને પામે છે. અને તેથી જ मुक्तिरष्टांगयोगेन એ જે વચન છે તે સર્વ સામાન્ય વચન જાણવું.

અને વળી બીજી વાત (તે ઉપાધ્યાય બોલે છે કે) "હે હલે! હે સખી! મારા મનમાં તો બધા પુરુષો સરખા જ છે અને જે રાગદ્વેષથી વીંટાયેલો આત્મા 'આ મારો છે, આ પારકો છે', એવું બોલે છે ત્યાં માધ્યસ્થભાવ નષ્ટ થાય છે," આમ બોલે છે. હવે આવી રીતે બન્નેની વચ્ચે માધ્યસ્થભાવને ધારણ કરનારી એવી પહેલી જે સ્ત્રી હોય તેમાં 'સતીત્વ અને શીલશાલિની છે' એમ માનવું? કે બીજી સ્ત્રીમાં? એનો તમારે સૂક્ષ્મ રીતે વિચાર કરવાથી બધી વાત સ્પષ્ટ જણાઈ આવે તેમ જ છે. તેથી કરીને વિપ્રતારક એવા વાક્યને સાંભળવું નહિં, પરંતુ ફેંકી જ દેવું જોઈએ, આ પ્રમાણે પહેલું અર્થમૂલક ઉત્સૂત્ર દૂર કર્યું.

હવે નિર્મૂલક બીજું ઉત્સૂત્ર કહુ છું. કે-જે 'માઘસ્નાન-પંચાગ્નિતપ આદિ કષ્ટ અનુષ્ઠાન કરતાં એવા મિથ્યાદષ્ટિઓને (પણ) સકામ નિર્જરા થાય છે' એમ કહે છે, તેનું નિરાકરણ આ પ્રમાણે :— જે 'વ્યુત્પત્તિમાત્રે કરીને સકામનિર્જરા થાય છે' એમ જે વ્યુત્પત્તિ માત્રે કરીને સકામનિર્જરા કહેતાં હો તો તાપસ, સંન્યાસી–ફકીર–બાવા આદિને પણ સકામ મરણ પણ કહેવું જોઈએ, સકામમરણ થાય એમ જો કહીએ તો આગમની સાથે વિરોધ આવે છે તે આ પ્રમાણે

संति मे अदुवा ठाणा, अक्खाया मारणंतिआ ॥
अकाम मरणं चेव, सकाम मरणं तहा ॥१॥
बालानां अकामं तु, मरणं असई भवे ॥
पंडिआणं सकामं तु, उक्कोसेण सई भवे ॥२॥

અર્થ :—મારણાંતિક એવા સ્થાનો મારે ઘણાં છે-તેમા અકામ મરણ અને સકામમરણ પણ કહેલાં છે. બાલજીવોને અકામમરણ અસકૃત હોય છે કે જે-ઘણા ભવો વધારનારા અને પંડિતોને 'સકૃત્ ભવ' કહેતાં ઉત્કૃષ્ટ એક ભવે (પણ) મોક્ષ જાય તેવું સકામમરણ હોય છે. ॥૧-૨॥

मरणंपि सपुन्नाणं, जहामेतमणुस्सुअं ।
विप्पसन्नमणाघायं संजयाणं बुसीमओ ॥१॥

(ઉત્તરાધ્યયન ૫)

અર્થ :—ઈન્દ્રિયો જેમને વશવર્તી છે તેવા સુપુણ્યવંતોનું મરણ વિપ્રસન્ન, અનાઘાત અર્થાત્ અત્યંત પ્રસન્નતાવાળું અને આઘાત રહિતનું એવું પ્રાયઃ હોય છે. ॥૧॥

આ બે ગાથાની અંદર 'પંડિત' શબ્દ વડે કરીને સૂત્રકારે સંયમી જ સ્પષ્ટ કહેલો છે. જેમકે-ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અધ્યયનમાં મરણંપિ૦ એ ગાથા જણાવી છે તેમાં પણ જીતેન્દ્રિય એવા સંયમીઓને જ સકામ નિર્જરા જણાવી છે. યોગશાસ્ત્રના ચોથા પ્રકાશને વિષે શ્લોક

૧૮૬-૧૮૭માં જણાવ્યું છે કે-સંસારના બીજભૂત એવા કર્મોની ઝરણા થવાથી નિર્જરા કહેવાય છે,તે નિર્જરા બે પ્રકારની કહેલી છે, એક સકામ અને બીજી અકામ.

તેમાં સંયમી સાધુઓને સકામ નિર્જરા અને બાકીના દેહધારીઓને અકામ નિર્જરા હોય છે. કર્મોનું પરિપક્વપણું જે થવું તે ઉપાયથી અને સ્વતંત્ર પણ થાય છે. નિર્જરા કર્મનું ઝરી જવારૂપે જે ઝરવું તેનું નામ નિર્જરા, તે બે રૂપે હોય છે, ૧-સકામ અને ૨-અકામ : તેમાં સંસારીજીવોને અકામ અને સંયમીઓને સકામ નિર્જરા હોય છે; ફળની જેમ કર્મનો પરિપાક (પણ) સ્વયં તથા ઉપાયો દ્વારા થાય છે એમ નવતત્ત્વની અવચૂરિમાં જણાવેલ છે. તથા પ્રવચનસારોદ્ધારવૃત્તિમાં પણ આ પ્રમાણે જણાવેલ છે કે "નિર્જરા ભાવના; સંસારના હેતુરૂપ એવા કર્મોની પરંપરાનો ક્ષય થવો તે નિર્જરા છે, તેમાં તે નિર્જરા બે પ્રકારની છે. અકામ અને સકામ, તેમાં સંયમીને સકામ નિર્જરા અને સંસારીઓને અકામ નિર્જરા હોય છે અને કેરીની જેમ કર્મો સ્વયં પરિપક્વ થાય અથવા ઉપાયથી પણ પરિપક્વ થાય છે."

'અમારા કર્મોનો ક્ષય થાવ' એવા આશયવાળા આત્માઓની તપસ્યાદિ ક્રિયાઓ જે કંઈ કહી છે તેને સકામ નિર્જરા કહેલી છે; એ પ્રમાણે તે વૃત્તિના ૧૦૦માં પત્રપર આ વાત જણાવી છે, વળી ત્યાં જ આ પ્રમાણે જણાવેલ છે કે—

अविरयमरणं बालं-मरणं विरयाणं पंडिअं बिंति ॥
जाणाहि बाल पंडिअ, मरणं पुण देस विरयाणं ॥१॥

વિરમવું એટલે પાછા ફરવું, હિંસા-અનૃત આદિથી પાછા ફરવું તે જેઓને નથી, તેવા તે બધા આ અવિરતો, બાલની જેવા હોવાથી તે બધા બાલ અને મરણ સમયે પણ દેશવિરતિ નહિં સ્વીકારનારા એવા તે મિથ્યાદષ્ટિઓનું જે મરણ તે બાલમરણ છે, એ પ્રમાણે કહ્યું છે એમ સંબંધ જાણવો. આ પ્રમાણે પ્રતિક્રમણસૂત્ર અતિચારાદિમાં મિથ્યાદુષ્કૃત

આપવાનું પણ દેખાય છે. તેથી કરીને રુઢિનો જ આશ્રય કરવો. રુઢિ-પ્રક્રિયા-પ્રતીતિ-પરિભાષા' આ બધા અર્થાન્તર=પર્યાયવાચી શબ્દો છે. તેમાં શાબ્દિકોનો=ત્રિફલા એમ રૂઢિથી જણાવેલ છે, ન્યાય જાણકારોમાં સ્મૃતિ રહિતનું જે જ્ઞાન તેને 'પ્રમા' કહી છે, તાર્કિકોમાં 'પ્રતીતિ' એ જ બલવાન ભગવતી છે, અને જૈન સિદ્ધાંતમાં 'પૌષધ' એટલે આઠમ આદિ પર્વ દિવસો-એની અંદર અભક્તાર્થ એટલે ઉપવાસ કરવો, તેનું નામ પૌષધોપવાસ–એ પ્રમાણેની વ્યુત્પત્તિથી જ આ શબ્દો થાય છે.

આહાર–શરીરસત્કાર–અબ્રહ્મચર્ય અને વ્યાપારનું પરિવર્જન આદિને વિષે, આ પ્રમાણે સમવાયાંગ સૂત્રમાં જણાવેલ છે અને એ પ્રમાણે સ્થાનાંગસૂત્રના બીજા સ્થાનમાં પણ જણાવેલ છે. ઈર્યાપથિકીની વ્યાખ્યામાં આ ગાથાનુસાર પરિભાષા જાણી લેવી.

सदसदविशेषणाओ, भवहेऊजहित्च्छिओवलंभाओ;
नाणफलाभावाओ, मिच्छद्दिट्ठिस्स अन्नाणं ।।१।।

અર્થ :—સદ્-અસદ્‌ના અવિશેષથી, યાદચ્છિક ઉપલંભની પ્રાપ્તિથી અને જ્ઞાનફલના અભાવથી મિથ્યાદૃષ્ટિઓનું જે જ્ઞાન તે ભવહેતુક છે અને તેથી જ મતિ-અજ્ઞાન-શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાન-બાલતપ-અકામમરણ–સકામમરણ–સકામ-અકામ નિર્જરા આદિ વ્યવહારો પ્રવચન=સિદ્ધાંતોમાં નિયત જણાય છે.

અને આ જે–'માઘસ્નાન આદિની ક્રિયાના કરનારા એવા મિથ્યાદૃષ્ટિઓને અણુમાત્ર સકામનિર્જરા થાય છે. એવું કોઈના વડે કરીને અને પરંપરાએ પણ સાંભળ્યું નથી અને જો એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિઓને નિર્જરા થતી હોય તો માઘસ્નાન આદિની ક્રિયા, સમ્યગ્દૃષ્ટિ આત્માઓને તો પંચગુણી, સાતગુણી નિર્જરાનું કારણ બનશે. આગમમાં કહેલું છે કે—

जं अन्नाणी कम्मं, वक्खवेइ बहूएहिं वासकोडिहिं ।।
तन्नाणी तिहीं गुत्तो, खवेई ऊसासमित्तेण ।।१।।

અર્થ :—જે કર્મ, અજ્ઞાની આત્માઓ ઘણાં ક્રોડો વર્ષોએ કરીને

ખપાવે છે, તે કર્મ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો જ્ઞાની આત્મા શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવે છે. ૧.

તેઓ જણાવે છે તેમ માઘાદિકસ્નાનથી સકામનિર્જરા થતી હોય તો પોતે વશ કરેલા એવા પોતાના શ્રાવકોને 'માઘ સ્નાનાદિ નિર્જરાનું કારણ છે' એ પ્રમાણે ઉપદેશ કેમ નથી આપતા? વળી બીજી વાત તપ અનુષ્ઠાન આદિ કરતા મિથ્યાદૃષ્ટિઓને અકામ નિર્જરા જ પ્રતિપાદિત કરેલી છે, નહિ કે સકામ નિર્જરા.

'અવ્યક્ત એવા એકેન્દ્રિય આદિને જ અકામ નિર્જરા છે, પરંતુ તાપસ આદિને નથી' તેવું બોલવું નહિ. કારણ કે જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી બધે જ સ્થલે અકામ નિર્જરાનું શ્રવણ થતું હોવાથી. શ્રી હેમચંદ્રસૂરિજી મ. કહે છે કે :—

अकाम निर्जरारूपात्, पुण्याज्जंतोः प्रजायते ।
स्थावरत्वात् त्रसत्वं वा, तिर्यक्त्वं वा कथंचन ।।२।।

અર્થ :—અકામ નિર્જરારૂપ પુણ્યથી જંતુને સ્થાવરપણામાંથી ત્રસપણું અથવા તિર્યંચપણું કેમે કરીને પ્રાપ્ત થાય છે. ૧.

અકામ નિર્જરા તે છે કે યથાપ્રવૃત્તિ કરણ કરવા વડે કરીને નદી પાષાણ ઘોલના=પર્વત ઉપરથી પડતા નદીના જલ પ્રવાહથી પત્થરનું પડવું, ઘસાવું અને ગોળ થવું વગેરે સહજ થાય છે તે ન્યાયે કરીને કોઈપણ રીતે અકામ=એટલે અભિલાષા વગરના એવા આત્માની જે નિર્જરા=કર્મના પ્રદેશોનું ખરવાપણું થાય છે તે અકામનિર્જરા. તે અકામનિર્જરાના પુણ્યથી શરીરધારી આત્માઓને 'કર્મોની લાઘવતા' જેમાં છે તેને લઈને શું થાય છે તે કહે છે. પુણ્ય થાય છે. (જે પુણ્ય કહ્યું છે તે 'પુણ્ય પ્રકૃતિરૂપ' નથી લેવાનું) પરંતુ 'કર્મની લાઘવતારૂપ પુણ્ય' લેવાનું છે.

આ પુણ્યથી એકેન્દ્રિય જાતિનું જે સ્થાવર નામકર્મ તેના ઉદયથી પ્રાપ્ત થયેલું જે સ્થાવરપણું તેમાંથી સ્થાવર સહચારિ એવા ત્રસનામકર્મ ઉદયજનિત એવું ત્રસપણું–બેઇન્દ્રિયાદિનું અને તેના સહચારીપણું એવું

પંચેન્દ્રિય તિર્યંચપણું. વિશિષ્ટ વિશિષ્ટ કર્મની લાઘવતાથી થાય છે.

અને તેવી જ રીતે મનુષ્યપણું–આર્યદેશ–સારી જાતિ–બધી જ ઇન્દ્રિયોની પટુતા અને આયુષ્યની પ્રાપ્તિ આ બધું કર્મની લાઘવતાજન્ય પુણ્યથી જ થાય છે. તેમાં પણ આ બધું પ્રાપ્ત થયા પછી પણ પુણ્યની વિશિષ્ટતાથી 'કહેનારમાં શ્રદ્ધા અને સાંભળવામાં શ્રદ્ધા' થાય છે અને શ્રદ્ધા થયા પછી તત્ત્વનિશ્ચયરૂપ જે બોધિ તે બહુજ દુર્લભ છે, પુણ્યથી-કર્મલાઘવ લક્ષણરૂપ પુણ્યથી મેળવેલા આ બધામાંથી કોઈકને જ બોધિરત્નની પ્રાપ્તિ થાય એમ યોગશાસ્ત્રની વૃત્તિમાં જણાવેલ છે, અને એથી જ આ. મ. શ્રી હરિભદ્રસૂરિજી મ. વડે સાચું જ કહેવાયું છે કે વિજ્ઞાન અને ક્રિયા બન્નેની પ્રાપ્તિ હોવા છતાં પણ નિર્વાણ સાધક એવા સામર્થ્યની પ્રાપ્તિ થતી નથી, તેનો અભાવ હોવાથી 'રેતીમાંથી તેલની જેમ' એ પ્રમાણે જે કહેવું છે તેના જવાબમાં જણાવે છે કે 'આ બન્નેનો ઉપયોગ અને ક્રિયાનું સાધનપણું નથી મળતું' એવું સર્વથા નહિં. જે 'સાધનોનું શુભકાર્ય સ્વીકારેલું છે' અને એથી જ કરીને કહેલું છે કે :—

अंधो अ पंगू अ वणे समिच्चा० ॥

આંધળો અને પાંગળો એ બન્ને જંગલમાં ભેગા થયા અને બંને એકબીજાના મદદગારરૂપે સાથે રહ્યા તો ધાર્યું ફળ મળ્યું! અને એ જ વ્યાખ્યાને અહિં તથા આગળ જણાવે છે કે આ 'યથાપ્રવૃત્તિકરણની વાત છે તે ગ્રંથિ પ્રદેશ સુધીની વાત છે એમ કહેલું છે, અને તેથી કરીને 'અકામ નિર્જરાવાળા મિથ્યાદષ્ટિજીવો ભવનપતિ આદિમાં જ જાય, વૈમાનિકમાં ન જાય' તેમ (પણ) ન કહેવું, મિથ્યાત્વને ભજવાવાળા અને અકામ નિર્જરાવાળા એવા આત્માઓ નવમા ગ્રૈવેયક સુધી પણ જાય છે તેમ સિદ્ધાંતમાં કહેલું છે.

બીજી વાત સમ્યગ્દષ્ટિઓનું તપ કે અનુષ્ઠાન આદિ જે છે તે જ્ઞાનકષ્ટ કહેવાય છે, અને તેનું ફળ, સકામ નિર્જરા અને મિથ્યાત્વીઓનું તપ–અનુષ્ઠાન આદિ જે છે તેને અજ્ઞાન કષ્ટ કહેવાય છે. તેનું ફળ અકામ નિર્જરા છે.

અહિંયા કાર્ય અને કારણ ભાવ તેના જાણનારા આત્માઓને માટે સુગમ જ છે, કહેલું પણ છે કે :—

अन्नाण कट्ठ कम्मक्खओ जायई मंडुक्क चुण्ण तुल्लत्ति ॥
सम्मकिरिआइ सा पुण तच्छारसारिच्छोत्ति ॥१॥

અર્થ :—અજ્ઞાનકષ્ટથી કર્મનો ક્ષય થાય છે પણ તે કર્મ ક્ષય, દેડકાના ચૂર્ણ જેવો જ જાણવો (એટલે તે ચૂર્ણમાંથી બીજા દેડકાઓ થાય) અને સમ્યગ્દષ્ટિનો કર્મક્ષય જે છે તે મંડુકના ચૂર્ણની રાખ જેવો જાણવો. ૧. જે કોઈ અહીંયા તત્ત્વાર્થવૃત્તિનું આલંબન લઈને સકામ નિર્જરાનું વ્યવસ્થાપન કરવા ઈચ્છે છે તે તૃષા-તરસને છીપાવવા માટે-દૂર કરવા માટે મરિચિકાના જલનું પાન કરવા જેવું છે. કારણ કે ત્યાં સકામ કે અકામ નિર્જરાનું નામ પણ નથી. હવે તત્વાર્થવૃત્તિનો જે અધિકાર છે તે તાડપત્રમાં જેમ લખ્યોં છે-તેના ઉપરથી લખીયે છીએ. તે આ પ્રમાણે : હવે નિર્જરા અનુપ્રેક્ષા કહે છે. તમાં 'નિર્જરા–વેદના–વિપાક' આ બધા પર્યાયવાચક શબ્દો છે,આ નિર્જરા અનુપ્રેક્ષા બે પ્રકારની છે. એક અબુદ્ધિમૂલ અને બીજી કુશલમૂલ.

તેમાં નારકી આદિમાં પાપના કારણોરૂપ કર્મના વિપાકોનો જ ભોગવટો જે છે તે અબુદ્ધિપૂર્વકનો છે, તેને તે ભોગવે છે. અને કુશલાનુબંધ જે છે તે તેને કુશલમૂલ કહેવાય અને તે તપ અને પરિષહ જયકૃત કુશલમૂલ ગુણથી=ઉપકાર કરે છે તેમ આ 'શુભાનુબંધ કે નિરનુબંધ છે' એ પ્રમાણે નિર્જરા અનુપ્રેક્ષા જાણવી; આ પ્રમાણે તત્વાર્થ ભાષ્યમાં કહેલું છે. એની વૃત્તિ આ પ્રમાણે :— નિર્જરાનુપ્રેક્ષા એટલે સ્વરૂપનું અવધારણ=નિશ્ચય કરવો. 'નિર્જરા વેદના' આદિ પર્યાયો છે કર્મનું નિર્જરવું તે નિર્જરા.

એટલે કે આત્મપ્રદેશોવડે અનુભવાયેલો છે રસ જેનો એવા જે કર્મપુદ્ગલો તેની પરિશાટના=તેનું છૂટાં પડવું તે નિર્જરા, આ વેદના અને વિપાક જે છે તે નિર્જરાના જ અર્થને જણાવનારા છે, તેમાં વેદનાનુભવ

એટલે તેવા કર્મના રસનો આસ્વાદ અને विपचनं विपाकः પાકવું તેનું નામ વિપાક, એટલે કે કર્મના પુદ્ગલોનું ઉદયાવલીમાં પ્રવેશ થયે છતે અનુભવેલા કર્મના જે રસો તેનું ભાવિકાળમાં પરિશાટન તે નિર્જરા છે.

તે વિપાક બે પ્રકારનો છે, એક અબુદ્ધિપૂર્વકનો અને બીજો કુશલમૂલ.તેમાં જે અબુદ્ધિપૂર્વકનો છે તે કર્મના વિપાક સમયે 'હું આ કર્મોનું પરિશાટન કરું' એવા પ્રકારની બુદ્ધિ જેમાં નથી તે અબુદ્ધિપૂર્વક.

હવે તેમાં તે બન્નેનો વિપાક આ પ્રમાણે :—તેમાં જે અબુદ્ધિપૂર્વકનો આત્મા છે તે નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવને વિષે જ્ઞાનાવરણીયાદિ જે કર્મો તેનો જે વિપાક, તેના ઉદયે જે ફળ આચ્છાદનાદિરૂપ તે ફળ અબુદ્ધિને હોય છે અને તેથી કરીને તે કર્મના પરિપાક વખતે જે કર્મની નિર્જરા લક્ષણ ફળ છે, તે અબુદ્ધિપૂર્વકનો થાય છે. એટલે કે તે તપ, પરિસહજય વગેરે નારકી આદિના અજ્ઞાની જીવો વડે તપ (ભૂખ્યા રહેવું પડે) પરીષહ જય (સહન ન કરવાની ઈચ્છા છતાં તે) ઉપદ્રવોને 'સહન કરવા ઈચ્છાયું' નથી; પરંતુ (તેથી) તે કર્મના વિપાકે અવદ્યથી (તો) પાપબંધ હોય છે, તેથી કરીને એ જે વિપાક છે તે <u>સંસારનું અનુબંધિ</u> જ જાણવો. એટલે કે ભવપરંપરાવર્ધક જાણવો. તેવા પ્રકારની નિર્જરાવડે કરીને 'મોક્ષે જવાની શક્યતા છે.' એમ જણાતું નથી અને એથી જ કરીને કહેલું છે કે તે અકુશલાનુબંધવાળા આત્માને તે અબુદ્ધિપૂર્વકની કર્મની નિર્જરા કરવા છતાં પણ તે કર્મનું ફળ, ફરી ફરી સંસારમાં પરિભ્રમણ માટે જ થાય છે.

અને જે કુશલાનુમૂલ વિપાક છે તે બાર પ્રકારના તપ વડે કરીને અને પરિસહના જયવડે કરેલ છે. અને તે વિપાક, અવશ્યપણે કરીને બુદ્ધિપૂર્વકનો જ છે. આવા પ્રકારના તે બુદ્ધિપૂર્વકના ગુણથી એટલે 'આ ઉપકાર કરનાર છે,' એમ ચિંતવે જેથી કરીને તેવા પ્રકારનો જે કર્મવિપાક છે તે શુભનો અનુબંધ કરે છે અને તેથી દેવ થાય તો દેવોને વિષે ઈન્દ્ર કે સામાનિકાદિના સ્થાનને પામે છે, અને મનુષ્યોને વિષે ચક્રવર્તી, બલદેવ-મહામાંડલિક આદિ પદોને મેળવીને, સુખની પરંપરાને

ભોગવીને મોક્ષને પામે છે : અહિંયા જે वा શબ્દ લખેલો છે તે, પૂર્વ વિકલ્પની અપેક્ષાએ લીધેલ છે. તપ અને પરિસહના જયથી કરેલી જે નિર્જરા તે નિર્જરા, સકલકર્મના ક્ષયના લક્ષણવાળી એવી સાક્ષાત્ મોક્ષના જ કારણભૂત થાય છે.

અહિંયા પ્રશ્ન કરે છે કે જો તે બુદ્ધિપૂર્વકનો જે શુભાનુબંધ વિપાક છે તેનું ફળ દેવાદિ છે, એમ કહો તો તે વાતનો આગમ સાથે વિરોધ આવશે. કારણ કે—આગમમાં કહ્યું છે કે—नो इह लोगट्ठियाए तवमहिट्ठिज्जा ॥ આ લોક કે પરલોકની વાંછનાએ તપ કરવાનો નિષેધ છે, તો તેનું શું?' તેના જવાબમાં કહીએ છીએ કે—

મુમુક્ષુ વડે ઈષ્ટ એવા દેવાદિફલ સહિતનું ફલ જે મોક્ષાદિ છે તે માટે જ યત્ન કરે છે તેવું નહિં, પરંતુ જે દેવાદિફળ છે તે આનુષંગિક ફળ છે, જેવી રીતે શેરડીના વનનું સિંચન કરે તેમાં ઘાસ આદિનું સિંચન થાય છે તેવી રીતે : તેથી કરીને તપ અને પરિસહજય વડે કરીને મોક્ષ જ મેળવવા જેવો છે, અને તેથી કરીને તપની અંદરની પ્રવૃતિ તથા પરિસહજયમાં જે પ્રવૃત્તિ છે તે બુદ્ધિપૂર્વકના હેતુવાળી છે, એ પ્રમાણેનું ચિંતવન કરતો આત્મા, કર્મ નિર્જરા માટે જ પ્રયત્ન કરે છે, એ પ્રમાણે નિર્જરાનુપ્રેક્ષા તત્ત્વાર્થવૃત્તિમાં જણાવેલ છે, આ વૃત્તિમાં અબુદ્ધિપૂર્વક અને કુશલાનુબંધરૂપ બે ભેદ જ બતાવ્યા છે, નહિ કે સકામ અકામ નિર્જરાના અને જે બે ભેદ બતાવ્યા છે તેમાં જે સમ્યગ્ શબ્દનું ગ્રહણ કરેલું છે, તે બાલતપના પ્રતિષેધ માટે છે.

આમ કહેવા વડે કરીને અકુશલબંધના સ્વામીના જે ચાર ભેદ છે તેને જુદા કર્યા, અને બાકીના કુશલાનુબંધ સ્વામીના જે બે ભેદ છે તે જુદા કર્યા, આ વાત પણ જણાવે છે, એની પ્રવૃત્તિ આ પ્રમાણે અનશન–ઉણોદરિ–વૃત્તિપરિસંખ્યા–રસપરિત્યાગ–વિવિક્ત શય્યાસન–કાયક્લેશ આ છ પ્રકારનો બાહ્ય તપ છે અને તેની પહેલાનું सम्यग्योग निग्रहो गुप्तिः વાળું જે સૂત્ર છે એ સૂત્રથી માંડીને 'સમ્યગ્' શબ્દની અનુવૃત્તિ ચાલુ જ છે અને એવા જે સમ્યગ્ બાહ્યતપ છે તે સંયમરક્ષા અને કર્મ નિર્જરા માટે

છે, એ પ્રમાણે તત્વાર્થ ભાષ્યમાં કહેલું છે. ચારિત્ર અને પ્રકીર્ણક તપ કહ્યા. હવે હમણાં અનશન આદિ તપ કહે છે.

અનશન–ઉનોદરિકા–વૃત્તિપરિસંખ્યાન–રસત્યાગ–વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એ બાહ્યતપ અને અભ્યંતર તપ એમ બંને તપ છ–છ ભેદવાળા છે,તેમાં બાહ્ય અને અભ્યંતર શબ્દનો અર્થ પહેલાં જણાવી દીધો છે. તે બાહ્ય અને અભ્યંતર તપના છ-છ ભેદ છે તેમાં બાહ્યતપના ભેદો ભાષ્યકાર જણાવે છે.

બાહ્યતપના જે છ ભેદ છે તેમાં સમ્યગ્ એ પ્રમાણે શબ્દ જોડવો. અહિં સમ્યગ્ શબ્દ જોડવાથી શું ફેર પડશે? (તે કહે છે.) રાજા–શત્રુ–ચોર આદિ વડે કરીને જે આહાર આદિનો નિષેધ કરાયો હોય તે તપ નથી. તેવી જ રીતે આજીવક આદિના પંક્તિના કારણે હણાઈ ગયો છે, ભાવદોષ જેનો એવા આત્માને જે અનશન થાય તે નથી તો સંયમરક્ષા કે નથી તો કર્મ નિર્જરા! માટે સમ્યગ્ શબ્દ ગ્રહણ કરવો અને 'જે પ્રવચનમાં=શાસ્ત્રમાં જણાવેલ શુદ્ધતા વડે કરીને પોતાના સામર્થ્યની અપેક્ષાવાળો, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને જાણનારો અને અહોરાત્રિની અંદર કરવા લાયક જે ક્રિયા તેને કરનારો આત્મા, અનશન વગેરે જે બાહ્ય તપને કરે છે, તે સકામ નિર્જરાવાળો થાય તે અર્થને જણાવે છે

સમ્યગ્ શબ્દનું ગ્રહણ કરવું તે બાલતપના પ્રતિષેધ માટે અને સંયમનો જે ૧૭ ભેદ આગળ કહેલાં છે અને પાંચ પ્રકારનું જે ચરિત્ર છે તેના પરિપાલન માટે રસપરિત્યાગાદિ કરે તે સમ્યગ્તપ કહેવાય એ પ્રમાણે તત્ત્વાર્થવૃત્તિમાં કહેલ છે.=

પૂર્વે કહેલા જે છ ભેદ જેવી રીતે કહેલાં છતાં પણ શબ્દની વિકલ્પતામાં છ પુરુષ પ્રકૃતિ જણાવી. તે કઈ કઈ? તે આ–૧–અધમાધમ, ૨–અધમ, ૩–વિમધ્યમ, ૪–મધ્યમ, ૫–ઉત્તમ, ૬–ઉત્તમોત્તમ આ છ પ્રકૃતિનું આચાર્ય મ. નિરૂપણ કરવા માટે જણાવે છે અથવા શું એવું કોઈ કર્મ છે કે જેથી વિશેષે કરીને કર્મબંધ થાય? હા...તે ચાર પ્રકારનું. કેવી રીતે જે છ પુરુષો કહેલાં છે તેમાંના પહેલા-બીજા-

ત્રીજા પુરુષને અકુશલાનુબંધ, ચોથાને કુશલાકુશલાનુબંધ, પાંચમાને કુશલાનુબંધ છઠ્ઠાને નિરનુબંધ એ પ્રમાણેની 'સ્વામીની કલ્પના' પીઠિકામાં જણાવી છે.

અહિં પહેલાં જે ચાર છે, તે મિથ્યાદૃષ્ટિ સંબંધીના છે, પાંચમો જે છે તે શ્રાવક અને સાધુ સંબંધીનો, છઠ્ઠામાં તીર્થંકર. અને તેથી કરીને મિથ્યાદૃષ્ટિ આત્માઓને સકામ નિર્જરાની આશા માત્ર પણ કરવા જેવી નથી. આ વાતમાં સમયસારનું પ્રદર્શન થાય છે, તે કાશકુશના આલંબનરૂપ જ છે તે આ પ્રમાણે...

सकाम निज्जरा पुण, निज्जराहिलासीणं ।
अणसण ओमोअरिया, मिक्खायरिआ रसच्चाय,
कायकिलेस संलीणया, भेदं छव्विहं आयरिअं ? पायच्छित्तमिति ।।२।।

નિર્જરાના અભિલાષીઓને સકામનિર્જરા પણ 'અનશન-ઊણોદરી-ભિક્ષાચર્યા-રસત્યાગ-કાયક્લેશ અને સંલીનતા' આદિ જે છ અને પ્રાયશ્ચિત્તાદિ પ્રકારના છ અભ્યંતર તપ ઈત્યાદિ : નિર્જરાના અભિલાષીમાં અનશન આદિ છ પ્રકારના જે બાહ્યતપ છે તે અને પ્રાયશ્ચિત્ત આદિ છ પ્રકારના અભ્યંતર તપ છે તે તપ કરતાં સકામ નિર્જરા થાય છે.

તપના ભેદની વ્યાખ્યા કરાય છે અને બાહ્ય છ ભેદની વ્યાખ્યા પછીનું અભ્યંતર બાહ્યપણું=બહારના જે દ્રવ્યો તેની અપેક્ષાવાળો હોવાથી અને બાહ્યથી શરીરને તાપ કરનારો હોવાથી અને પરપ્રત્યક્ષ હોવાથી તે બાહ્ય કહેવાય છે. કુતીર્થિકો અને ગૃહસ્થો (પણ તે) કરી શકતાં હોવાથી બાહ્યતપ : આ જે અનશનનું સૂત્ર છે તે સમ્યગ્દૃષ્ટિઓ અને મિથ્યાદૃષ્ટિઓને (માટે) સર્વ સાધારણ છે, તેથી કોણ કઈ નિર્જરાનો સ્વામી છે? તેનો વિભાગ કરવાથી ખબર પડે, જ્યાં સુધી વિશેષે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી.

વિશેષ ઉપલબ્ધિ=પ્રાપ્તિ શ્રી યોગશાસ્ત્રમાં છે, ''ज्ञेया सकामा यमिनां, अकामा त्वन्यदेहिनाम्'' સકામ નિર્જરા યમી=વ્રતધારીઓને હોય

છે અને એ સિવાયના આત્માઓને અકામ છે" તેવી જ રીતે તે યોગશાસ્ત્રમાં अकामनिर्जरारूपात् એ શ્લોકના વ્યાખ્યાનમાં 'ગ્રંથીદેશ સુધી અકામ નિર્જરા'નું જ પ્રતિપાદન કરેલ છે, એ પ્રમાણે બીજા ગ્રંથાન્તરોમાં પણ જણાવ્યું છે.

તેથી કરીને "सामान्याद्विशेषो बलीयान्" એ ન્યાયે કરીને જ આ સૂત્ર બાધિત થાય છે. જેમકે परदोषोपेक्षणमुपेक्षा–પારકાના દોષો જોવાં નહિં તે ઉપેક્ષા, १–पिट्ठीमंसं न खाइज्जा–પૃષ્ટિમાંસ ખાવું નહિં એટલે કોઈની પીઠ પાછળ નિંદા કરવી નહીં, ૨–ઈત્યાદિ સામાન્ય સૂત્રો છે. જ્યારે साहूण चेइयाण पडिणियत्तं अवन्नवायं वा जिणपवयणस्स अहिअं (करेइ) सव्वत्थामेण वारेइ= સાધુઓ કે ચૈત્યોનું જે પ્રત્યનીકપણું કરતો હોય અથવા અવર્ણવાદ બોલતો હોય, અથવા જિનશાસનનું અહિત કરતો હોય તો સર્વપરાક્રમ-બલે કરીને તેને વારે' ઈત્યાદિ વિશેષ સૂત્ર વડે તે બંને સૂત્રોનો બાધ=નિષેધ થાય છે, તેમ આ પણ જાણવું, સામાન્ય વિશેષે કરીને વિભાગ જાણ્યા સિવાય સૂત્રનું વ્યાખ્યાન કરવું. તે ઐહિક-પારલૌકિકદુ:ખનું કારણ છે. કહેલું છે કે विही उज्जम–વિધિ–ઉદ્યમ, વર્ણન-ભય-ઉત્સર્ગ-અપવાદ-તદુભયગત આમ સૂત્રો ગંભીરભાવવાળા ઘણાં પ્રકારના આગમમાં જણાવ્યા છે.

વળી આ ગ્રંથકારનો અભિપ્રાય, શબ્દનો અર્થ કરવાનો જ છે, નહિ કે તેનો વિભાગ કરવાનો—પ્રવચન સારોદ્ધાર આદિમાં તો બંનેય પ્રકાર જણાય છે, તે આ પ્રમાણે 'અમારા કર્મનો ક્ષય થાવ' એવા આશયવાળાઓથી કરાતો જે તપ અને પરિસહજય એ આદિ પદો વડે શબ્દનો જ અર્થ કરેલો છે, અને सकामा शमीनां એ પદ વડે કરીને રુઢિ અનુસાર વિભાગ કર્યો છે, તે અહિંયા નથી. મિથ્યાદષ્ટિઓને સકામ નિર્જરા ક્યાંથી હોય?

અને જો तपस्तप्यमानानाम् એ પદની અંદર ગૃહસ્થ અને કુતીર્થિકોને પણ સકામ નિર્જરા થઈ શકતી હોય તો સન્માર્ગમાં સ્થિર થયેલા આત્માને અભિનિવેશનો અભાવ હોવાથી સ્વીકાર કરવામાં કોઈ વાંધો નથી,

બીજી વાત–અહિંયા ગૃહસ્થ પદવડે કરીને મિથ્યાદૃષ્ટિઓ ગ્રાહ્ય છે. કારણકે કુતીર્થિક પદના સાનિધ્યમાં રહેલું હોવાથી : કાવ્યપ્રકાશકારે કહેલું છે કે 'સંયોગ કે વિયોગ એ બાજુમાં રહેલા બીજા શબ્દોને આધીન વાત છે' અને પ્રવચનમાં પણ એ જ રૂઢિ છે, गिहिलिंगकुलिंगदव्वलिंगेहिं– ઇત્યાદિમાં એ પ્રમાણે જ છે. તેથી કરીને સાધુઓ અને શ્રાવકો પણ અભ્યંતર છે તેથી તેઓ વડે કરાતા તપ આદિનું અભ્યંતરપણું છે અને ગૃહસ્થો તથા કુતીર્થિકો જે બાહ્ય છે તેના વડે કરાતો તપ એ બાહ્ય તપ છે, આ વ્યુત્પત્તિમાત્ર જ જાણવો.

હવે આ વાતની અંદર નિર્જરાની વાત ક્યાં આવી? અને કંઈ નિર્જરા કોને સંગત છે? તે પણ ક્યાં જણાવ્યું છે? તેવી રીતે पडिसिद्धाणं करणे એ ગાથાના વ્યાખ્યાનમાં

सियवायमये समये, परूवणेगंतवायमहिगिच्च ॥
उस्सग्गववायाइसु, कुग्गहरूवा मुणेयव्वा ॥१॥
पिंडँ असोहयंतो, अचरित्तो इत्थ संसओ नत्थि ॥
चारित्तंमि असंते, सव्वा दिक्खा निरत्थया ॥२॥

एवं उस्सग्गमेव केवलं पन्नवेई 'अववायं वा' निच्छयमेव वा 'ववहारं वा' किरियं वा' एवंविहा एग्गंतवाय परूवणाए । अप्पाणं परं च वुग्गाहेई इअमयुक्ततरा दुरंतानंतसंसारकारणं ॥१॥

"સ્યાદ્‌વાદ મતવાળા શાસનને વિષે શાસ્ત્રની પ્રરૂપણા કરવામાં એકાંતવાદને આગળ કરીને ઉત્સર્ગ, અપવાદ આદિને વિષે કુગ્રહ જાણવો= ખોટી પક્કડ જાણવી. પિંડની શુદ્ધિ નહિં કરતો આત્મા, અચારિત્રી છે જ છે, એમાં સંશય નથી, અને ચારિત્રના અભાવમાં તેની દીક્ષા નિરર્થક જ છે" એ પ્રમાણે એકલા ઉત્સર્ગને પ્રરૂપે અથવા એકલા અપવાદને પ્રરૂપે અથવા એકલા નિશ્ચયને પ્રરૂપે અથવા એકલા વ્યવહારને પ્રરૂપે, એ પ્રમાણે એકલી ક્રિયાને પ્રરૂપે! ઇત્યાદિ પ્રકારની જેઓ એકાંતવાદી પ્રરૂપણાઓ કરે છે તેઓ પોતાને અને પરને વ્યુદ્‌ગ્રાહિત કરે છે, અને તે દુરંત એવા અનંત

સંસારનું કારણ છે, તેથી કરીને સિદ્ધાંતની રીતિને અનુસરીને જ વ્યાખ્યા કરવી જોઈએ, એથી ઉલટી નહિં. જો કે આ વાતમાં કોઈનો પણ દોષ નથી. કારણકે મુગ્ધ બુદ્ધિવાળા જે આત્માઓ છે તેને આ સૂત્ર જોતાં ભ્રમણા ઉભી થાય એમ છે; પરંતુ તાત્પર્યાર્થ સુધી પહોંચવાની જેની બુદ્ધિ છે, તેને કોઈપણ રીતે વ્યામોહ થતો નથી. અને બધું સરખું થઈ જાય છે; વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ સમયસારનું સ્થળ મેળવવું જોઈએ, તે આ પ્રમાણે :

હવે સૂત્ર-અર્થ અને તદુભય મૂલક ઉત્સૂત્ર કહેવાય છે. જે આ પ્રમાણે—'કુપાક્ષિકોનું બ્રહ્મચર્ય-છટ્ઠ-અટ્ઠમ આદિ અનુષ્ઠાન અનુમોદનાને યોગ્ય કેમ નહિં? કારણ કે તે પણ જિન વચનને અનુસારે જ હોય છે, તો તેની અનુમોદનામાં શું દોષ?' એમ કહે છે તેમાં આ પ્રમાણે વિચારવું જોઈએ......

अरिहंतं अरिहंतेसु, जं च सिद्धत्तणं च सिद्धेसु ।
आयरिअत्तं आयरिए, उवज्झायत्तं उवज्झाए ॥१॥
साहूण साहूचरिअं, देसविरयं च सावयजणाणं ।
अणुमन्ने सव्वेसिं, सम्मत्तं सम्मदिट्ठीणं ॥२॥

અર્થ :—અરિહંતોને વિષે રહેલું જે અરિહંતપણું, સિદ્ધોને વિષે રહેલું જે સિદ્ધપણું, આચાર્યોને વિષે રહેલું આચાર્યપણું, ઉપાધ્યાયોને વિષે રહેલું ઉપાધ્યાયપણું, સાધુઓમાં રહેલું સાધુપણું, શ્રાવકોમાં રહેલું જે દેશવિરતપણું, તેમજ સમ્યગ્દૃષ્ટિમાં રહેલું જે સમ્યક્ત્વ, એ બધાની હું અનુમોદના કરું છું. ગાથા ॥૧-૨॥

આ બે ગાથામાં જે જે અનુમોદનીય હતું તે જણાવ્યું, હવે આ સિવાયના બાકીના સર્વ જીવોમાં જે કાંઈ અનુમોદનીય છે તે જણાવે છે.

अहवा सव्वं चिअ, वीयरायवयणानुसारि जं सुकडं ।
कालत्तए तिविहं, अणुमोएमो तयं सव्वं ॥१॥

આ ગાથાની વૃત્તિ આ પ્રમાણે છે, અથવા શબ્દ જે છે તે

સામાન્યતા બતાવવા માટે છે, ચિય શબ્દ એવકાર માટે છે, તેથી કરીને બધું જ જિનવચનને અનુસારે એટલે કે જે કાંઈ જિનવચનને અનુરૂપ સુકૃત હોય જેવા કે :—'જિનભવન કરાવવું, જિનબિંબ ભરાવવા, તેની પ્રતિષ્ઠા–તે જ પ્રમાણે સિદ્ધાંતના પુસ્તક લખાવવા, તીર્થયાત્રા કરવી, સંઘ-સ્વામીવાત્સલ્ય કરવું, જિનશાસનની પ્રભાવના કરવી, ધર્મનું સાનિધ્ય કરવું, ક્ષમા–માર્દવ–સંવેગ આદિ ગુણો' આ સર્વ મિથ્યાદૃષ્ટિ સંબંધીનું પણ જે માર્ગાનુયાયી કૃત્ય છે, તે ભૂત–ભવિષ્ય અને વર્તમાન કાળ સંબંધીનું મન–વચન અને કાય વડે કરીને કર્યું હોય–કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય અથવા કરશે, કરાવશે કે અનુમોદશે તે બધું જ નિરવશેષપણે અમે અનુમોદીએ છીએ, અથવા હર્ષ ગોચરતાને પમાડીએ છીએ.

અહિંયા જે બહુવચન વાપર્યું છે, તે પૂર્વે કહેલ ચતુઃશરણ આદિનો સ્વીકાર કરવા વડે કરીને ઉપાર્જન કરેલો છે પુણ્યનો સમૂહ જેમણે એવા પોતાના આત્માના બહુમાન સૂચક માટે બહુવચન છે.

અહિંયા तकत् શબ્દમાં तत् શબ્દથી સર્વાદિ સૂત્રથી क પ્રત્યય આવવાથી तकत् બનાવેલું છે, આ ગાથા ૫૮નો અર્થ.

હવે વાદી પ્રશ્ન કરે છે કે આ ગ્રંથનો શું વિષય છે? ક્યો વિભાગ છે? તે જાણવાની જરૂર છે. કારણ કે વિષય અને વિભાગ જાણ્યા વગર જે સૂત્રની વ્યાખ્યા કરે છે તે આત્માઓ પોતાને તથા પારકાઓને દુર્ગતિના ભાજન બનાવે છે.

विहि[१] उज्जम[२] वन्नय[३] भय[४] उस्सग्ग[५] ववाय[६] तदुभयगयाइं[७] ।
सुत्ताइं–बहुविहाइं, समये गंभीरभावाइं ॥२॥

કહ્યું છે કે :—વિધિ–ઉદ્યમ–વર્ણક–ભય–ઉત્સર્ગ–અપવાદ–તદુભય આ પ્રમાણે સૂત્રો, જિનશાસનને વિશે ઘણાં પ્રકારનાં અને ગંભીર ભાવોથી ભરેલાં હોય છે.

અહિંયા પરસ્પર અવિરુદ્ધભાવે કરીને, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ તેની અપેક્ષા રાખીને, સ્યાદ્‌વાદમુદ્રાનું ઉલ્લંઘન કર્યા સિવાય તે શંકિત

આદિ પદોને વિચારીને વિધિ આદિ સૂત્રગોચર વિષયમાં જે જ્યાં અનુકૂલ જણાય ત્યાં તે વાતને સ્થાપવી.

એ પ્રમાણે શ્રાદ્ધદિનકૃત્યસૂત્રની વૃત્તિમાં જણાવેલું છે અને એ પ્રમાણે પ્રતિક્રમણ સૂત્રની ચૂર્ણિમાં પણ જણાવેલ છે, એમ જો કહેતો હોય તો તારી વાતનો અર્ધ સ્વીકાર કરીએ છીએ; પરંતુ આ ગાથામાં માર્ગાનુસારી એ તેનો વિષય છે, આ વિષય-વિભાગને ધ્યાનમાં રાખીને મિથ્યાદૃષ્ટિનાં કાર્યોનું અનુમોદન કરવું.

હવે તે જ જણાતું નથી કે 'ક્યું માર્ગાનુસારી છે? અથવા ક્યું માર્ગ અનનુયાયી છે?' તેવી શંકાને દૂર કરવા માટે વૃત્તિકાર જ જણાવે છે કે 'જિનભવન છે આદિમાં જેને અને સંવેગાદિ અંતમાં છે જેને' તે કૃત્ય વિશેષ જાણવું અને ૧ સંવેગાદિરૂપ ૧–મિથ્યાદૃષ્ટિ સંબંધી ૨–માર્ગાનુસારિ ૩ આ ત્રણે વિશેષણો છે, તેમાં ૧લું વિશેષણ દ્વંદ્વ સમસાન્ત છે, અને તેથી કરીને 'દ્વંદ્વ' સમાસવાળું જે પદ સંભળાતું હોય તે પ્રત્યેકની સાથે સંબંધ રાખે છે,' એ પ્રમાણેનું વચન હોવાથી જિનભવન ઉપષ્ટંભ–બિંબકારણ ઉપષ્ટંભ ઈત્યાદિ યોજના કરવી.

તેથી કરીને અહિંયા તાત્પર્ય એ જાણવું કે–જિનભવન આદિને વિષે જે સહાયદાન–૧–ધર્મનું સાનિધ્ય કરવું અને સ્વાભાવિક એવા ક્ષમા–માર્દવ–સંવેગ આદિ ગુણો એ અનુમોદનાને લાયક છે. નહી કે તેઓ વડે કરીને જે મિથ્યાક્રિયા કરાય છે તે અનુમોદના યોગ્ય છે! તે તો અનુમોદનાને લાયક નથી, કારણ કે જ્યાં સુધી બોધિબીજની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એક પણ વ્રતનો અસંભવ હોવાથી અને તેથી કરીને તેની ક્રિયાની અનુમોદના કરવામાં તો બધા જ દર્શનનો એકત્વ પ્રસંગ ઉભો થાય.

અને એથી કરીને આરાધના પતાકામાં પણ सिवमग्गकारणं जं કહ્યું છે એટલે કે શિવ=મોક્ષ તેનો જે માર્ગ જે જિનશાસન અથવા સાતક્ષેત્રનું કારણ અને તેને આશ્રીને જ પરપક્ષીઓ સંબંધીનું પણ જે કૃત્ય હોય તે અનુમોદનાને લાયક છે, અને આ વાતનો વિસ્તાર તો બીજા પક્ષની અંદર લખાયેલો છે તેમ સમજવું. કુપાક્ષિક સંબંધીના વિચારમાં તેની જે ક્રિયા

છે તે 'તત્ત્વત્રયીની અંતર્ગત= અંદર સમાયેલ છે? કે બહાર રહે છે?' જો પહેલો વિભાગ સ્વીકારીએ તો જૈનમાર્ગ અને મિથ્યાદષ્ટિમાર્ગ એ બન્નેના માર્ગના એકત્વની આપત્તિ આવશે. અને જો બીજો વિભાગ સ્વીકારીએ તો—જે મિથ્યાદષ્ટિની ક્રિયા તત્ત્વત્રયીની બાહ્ય છે, તે ક્રિયા, તત્ત્વત્રયી ક્રિયાની સાથેની જેમ તે અતત્ત્વત્રયીની ક્રિયા કેવી રીતે અનુમોદનાને યોગ્ય જણાય? તે પોતે જ વિચારી લેવું.

વળી બીજી વાત :—

सावज्जजोग परिवज्जणाओ, सव्वुत्तमो जइ धम्मो ॥
बीओ सावग धम्मो, तइओ संविग्गपक्खपहो ॥१॥
सेसा मिच्छादिट्ठी, गिहिलिंह-कुलिंग-दव्वलिंगेहि ॥
अह तिन्निअ मुक्खपहा, संसारपहा तहा तिन्नि ॥२॥

અર્થ :—સાવદ્યયોગના પરિવર્જન કરવા પૂર્વકનો યતિધર્મ-સાધુધર્મ તે સર્વોત્તમ છે, બીજો શ્રાવકધર્મ, ત્રીજો સંવિજ્ઞ પાક્ષિક; બાકીના ગૃહિલિંગી, કુલિંગી અને દ્રવ્યલિંગી આ બધા મિથ્યાદષ્ટિ છે. પહેલાના જે ત્રણ છે તે મોક્ષના માર્ગરૂપ છે અને બાકીના જે છે તે સંસારના માર્ગરૂપ છે.

तस्याः :—મિથ્યાદષ્ટિઓની ક્રિયાઓનો 'મોક્ષમાર્ગમાં અંતર્ભાવ કરવો? કે સંસારમાર્ગમાં અંતર્ભાવ કરવો?' આ બન્ને પક્ષમાં જે પૂર્વે કહેલું છે તે લાગુ પડે છે. વળી અતિચારમાં અને પ્રવચનસારોદ્ધાર આદિમાં પણ તે મિથ્યાદષ્ટિઓ અંગે મિથ્યાદુષ્કૃત આપેલો જણાય છે અને તેથી કરીને તેની ક્રિયાની અનુમોદના અને મિથ્યાદુષ્કૃત એ બંને યોગ્ય કેવી રીતે ગણાય? કહેલું છે કે :—दो पंथेहि न गम्मइ, दोमुहसूई न सीवई कंथा । એકી સાથે બે માર્ગેથી જવાય નહિં, બે મોઢાની સોયથી કંથા=ગોદડી કેમ સિવાય? ઇત્યાદિ જાણવું. જો એની અનુમોદના કરાય તો તેનું આસેવન કેમ ન કરવું? ભટ્ટારક શ્રી હીરસૂરિ મ. દ્વારા બનાવેલા બાર બોલના પટ્ટકની અંદર 'બીજા બોલમાં આ' જ અર્થનું સમર્થન કરેલું છે, તે આગળ કહીશું. ઇત્યાદિ યુક્તિવિસ્તારને જાણતા હોવા છતાં પણ

જેઓ પોતાની કપોલકલ્પિત વાતોને જ વિજયહીરસૂરિ મ. તથા વિજયસેન સૂરિ મ.ના નામે લોકોની આગળ પ્રગટ કરીને ફેલાવે છે તે અત્યંત દુઃખે કરીને સહન કરી શકાય તેવું છે; પરંતુ તેવા સ્વચ્છંદચારી આત્માનો કેવી રીતે અને કોના વડે નિગ્રહ કરી શકાય? તેથી કરીને ધર્મ એ જ ધન છે જેને એવા પુરુષોએ ઉન્માર્ગનો ત્યાગ કરીને માર્ગાનુયાયીપણે રહેવું યોગ્ય છે. કહ્યું છે કે–

यांति न्यायप्रवृत्तानां, तिर्यंचोऽपि सहायतां ॥
अपंथानं तुं गच्छन्तं, सोदरोऽपि विमुचंति ॥१॥

અર્થ :—ન્યાયમાં પ્રવૃત્ત થયેલ આત્માઓને તિર્યંચો પણ સહાય કરે છે, પરંતુ ઉન્માર્ગે જતા આત્માને સગો ભાઈ પણ છોડી દે છે : અને એથી કરીને માર્ગને નહિ છોડતો એવો આત્મા–એકાંતિક અને આત્યંતિક સૌખ્યને ભોગવવાવાળો થશે, એ પ્રમાણે તત્ત્વને જાણવું. [અહિં સુધીની બધી વાતો અક્ષરશઃ પૂર્વ પક્ષમાં આવી ગઈ છે.]

હવે ભ્રાંતિમૂલ ઉત્સૂત્ર કહે છે જે આ પ્રમાણે :—

जमाली णं भंते अणगारे आयरिअपडिणीए ॥ જમાલી નામનો સાધુ–જે આચાર્યનો પ્રત્યનીક છે તે ચાર પાંચ તિર્યંચોના ભવો તથા દેવભવો અને મનુષ્યના ભવો કરીને સંસારમાં રખડશે, ત્યાર પછી મોક્ષ પામશે. અહિંયા આ સૂત્રની અંદર 'પાંચને ત્રણ ગુણા કરીને પંદર ભવો થાય' એમ ઘટના કરીને ભોળા માણસોને જે આત્માઓ ભ્રમમાં પાડે છે તે યુક્તિયુક્ત નથી, જો એ પ્રમાણે ૧૫–ભવ કરીએ તો चत्तारि પદને ક્યાં જોડવું? અને જો चत्तारि પંચ–એટલે નવ એને ત્રણ ગુણા કરીએ તો ૨૭ થાય અને એકલા चत्तारि પદને ત્રણ ગુણા કરીએ તો બાર થાય. તેવી જ રીતે सरूपाणां एकशेषः એ ન્યાયથી લાખો અને કરોડો ભવની કલ્પનાનો પણ સંભવ છે.

બીજી વાત–"કેટલાક ભગવંતના પરમ ભક્તોને અંગે શાસ્ત્રોમાં ઘણાં ભવ દેખાય છે. તો ભગવાન મહાવીરના મહા પ્રત્યનીક એવા

જમાલિના પંદર ભવે જ જો મોક્ષ થઈ જતો હોય તો ભગવાનની સાથે પ્રત્યનીકતા રાખવામાં શું બીક છે?" અને પૂર્વાચાર્યોએ ઘણાં ગ્રંથોમાં બતાવેલું પણ છે.

વળી બીજી વાત 'પંદર ભવની' કલ્પના કરે છે તે પણ યુક્તતાને પામતી નથી. કારણ કે પંચ શબ્દને ફેંદીને પ્રત્યેક શબ્દની સહાય લઈને ૧૫ કહે છે એ સહાય લેવાનું છોડી દઈએ તો પાંચ કે ચાર જ ભવ થાય. તેનું શું? આ વાત કહેવા વડે કરીને <u>વીરચરિત્ર</u> આદિમાં કહેલી વાતનો પણ ઉત્તર અપાયો એમ સમજવું. તેથી કરીને અભયદેવસૂરિ, હેમચંદ્રસૂરિ આદિ મહાપુરુષો પણ આવી કલ્પનામાં પ્રવૃત્ત થયા નથી. તો કીટક પ્રાયઃ એવા આપણી જેવાને તેવી કલ્પના કરવાનો ક્યો અધિકાર છે? [અહિં સુધીની બધી વાતો અક્ષરશઃ પૂર્વ પક્ષમાં આવી ગઈ છે.]

ખેરખર 'અનંતા ભવવાળા પક્ષને વિષે પણ અસંખ્યાતા–સંખ્યાતા–૧૫ ભવો પણ સંભવે છે' તારી કહેલી વાત સાચી છે, સંભવે ખરા પરંતુ એ ઓઘ આદેશ વડે જ, નહિં કે આ ભવોને આશ્રીને જેવી રીતે યથા पुव्वा नाभिस्स संखिज्जा નાભિને પૂર્વો સંખ્યાતા છે, અહિં ઓઘ આદેશ વડે કરીને જ સો હજાર આદિનો અંતર્ભાવ વિચાર્યો; પરંતુ નાભિરાજાને આશ્રીને સંખ્યા નિયમ કરીને કહી શકાય એમ નથી, તેથી કરીને 'તું તારા આત્માને શા કારણે ક્લેશને વશ કરે છે? પંદર ભવના કદાગ્રહને છોડીને સુખી થા' એ પ્રમાણે વૃદ્ધોનું વચન છે.—

વળી નિર્નામક એવા તે (ઉ. સોમ વિ. એ) શ્રી હીર ગુરુ મ. પ્રસાદિત કરેલા જે ૧૨ બોલ છે તેમાંના નવ બોલોનું તો સાક્ષાત્ ઉત્થાપન કરનારો છે, તે (વાત) બીજા પત્રો પરથી જાણી લેવું, તે નિર્નામક વડે કરીને સ્થપાયેલો જે ગચ્છ થયો છે તે મહાવીરદેવના વચનને, હીરગુરુના વચનને અને સંઘના વચનોને અવગણીને ઉત્સૂત્ર વાદીઓને વિષે પ્રથમ રેખાને પામ્યો છે તેવી રીતે તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલાં નામમાત્ર ગણાતા એવા ક્લેશને પણ –અસભ્ય બોલવા વડે કરીને, ખોટા આક્ષેપો મૂકવા વડે કરીને; પથરો ફેંકવા વડે કરીને યાવત્ રાજ્યસભા આદિમાં જવા

વડે કરીને મેરુતુલ્ય વધારી દીધો છે અને તે ત્યાં સુધી કે–શાહીસભા સુધી પહોંચ્યો! તેથી આનો સંપર્ક સર્વથા છોડી દેવા જેવો જ છે જેથી કરીને કહ્યું છે કે ભવેત્મલીનઃ મલીન આત્માના સંસર્ગથી નિજ આત્મા મેલો થાય છે, કનિષ્ઠિકા–આંગળીની છાયા ચંદ્રને કલંકિત બનાવે છે.

આટલાથી આને સંતોષ થયો નથી પરંતુ વિ. સં. ૧૬૪૩ની સાલમાં પુષ્કળ પૈસાનો વ્યય કરવા વડે કરીને પોતાના પક્ષના નવા આચાર્યને છૂપી રીતે થાપી દીધાં, તેના સૂરિપદને પણ શાહી (જહાંગીર બાદશાહ)ના સૂબાએ રાજનગર=અમદાવાદમાં ગધેડી પર બેસાડીને દૂર કર્યું હતું, તે સંબંધી ગાથાઓ આ પ્રમાણે...

श्रीमद् विक्रमतोऽग्निवारिधिरसग्लौ संमिते हायनेऽकस्मात् सोमल नामकेन विधीयादहसूरसद्वासरे ॥ पौषे रुद्रतिथौ कुजे कलिवशाद्भ्रष्टाद्दुराचारतः, क्रीत्वा द्युम्नबलेन रामविजयः सूरीकृतः स्तैन्यतः ॥१॥

અર્થ :—વિ. સં. ૧૬૭૩(૧૬૪૩) ના વર્ષે અકસ્માત્ 'સોમલ (સોમ વિ.) નામે કરીને અહસૂર (?) નામના દિવસે પોષ મહિનાની ૧૧ તિથિ અને મંગલવારે કલિકાલના પ્રભાવવડે કરીને ભ્રષ્ટ અને દુરાચારી એવા રામવિજયને પૈસાથી ખરીદીને તેને ચોરી છૂપીથી આચાર્ય બનાવ્યો અને ત્યાર પછી

श्रीमद् शाही सिलीमभूमिपतिना श्रृत्वा नवीना स्थिति–रन्यायेष्व सहिष्णुना वरचरादीदा (?) मिधे पर्वणि ॥

[१]रवर्य्यारोहणपूर्व्वकं कथनतः सूरित्वमुद्दालितं,
गच्छो रासभिको हसाविति जने प्राप प्रसिद्धिं ततः ॥२॥

અર્થ :—શ્રીમાન પાદશાહ સલીમરાજાએ=જહાંગીર રાજાએ આ નવીન સ્થિતિને સાંભળીને અન્યાયોને નહિં સહન કરનારા તેણે વરચરથી=પોતાના સુબાથી (?) ઈદના પર્વમાં ગધેડી પર બેસાડીને 'તમે

ખોટા આચાર્ય છો' એમ કહીને તેનું આચાર્યપદ ખેંચી લીધું! ત્યારથી માંડીને તે નિર્નામક પંથ રાજનગરમાં રાસભીગચ્છ તરીકે પ્રસિદ્ધિ પામ્યો!

આ પ્રમાણે કર્યે છતે લોકની અંદર ખૂબ જ નિંદાને પામ્યો હોવા છતાં પણ લજ્જાના લેશને પણ તે પામ્યો નહિં; પરંતુ ફરી વખત તે કેવી રીતે પ્રવર્ત્યો? જેથી કરીને શાહીની સભામાં ભરચોમાસામાં જવાનું થયું, અને તેના પક્ષને=નિર્નામક પક્ષને કપાળમાં આગ્નેય (અગ્નિથી) તિલક કરવાપૂર્વક તિરસ્કાર કરીને દૂર કર્યો અને તેવા પ્રકારના વિજય દેવસૂરિનું સૌમ્યદર્શન થવાથી અને લોકોત્તર ગુણ પ્રકર્ષ હોવાથી તેમજ યથોચિત વાણી વિલાસના વૈભવથી ખુશ થયેલા જહાંગીર બાદશાહે વચનમાં ન કલ્પી શકાય તેવા તેઓને મહત્તાના સ્થાન બનાવ્યા. તે આ પ્રમાણે :—

[१]अभ्याख्यानम[२]सभ्यभाषणमथो [३]आज्ञा [४]वचोत्थापनं,
[५]श्रीमत्साहि समक्षराटिकरणं [६]पैशून्यविस्तारणं ॥
[७]वीरात् पट्टपरंपरागतमथ श्रीसूरिमुद्दिरुय हा ।
क्रोधाविष्टमनाः स सोमविजयश्चक्रे न किं वैशसम् ? ॥३॥

અર્થ :—[૧]અભ્યાખ્યાન, [૨]ખોટી આળો આપવી, [૩]અસભ્ય ભાષણ કરવું, [૪](ગુરૂની)આજ્ઞા અને [૫]આગમના વચનો લોપવા, [૬]શ્રીમદ્ બાદશાહ આગળ ફરીયાદ કરવી, [૭]પૈશૂન્યપણાનો વિસ્તાર કરવો, [૮]મહાવીર સ્વામીની પરંપરાએ આવેલા હોવાં છતાં પણ આચાર્ય મ. શ્રી વિજય દેવસૂરિજીને છોડી દઈને ક્રોધાવિષ્ટ મનવાળા એવા તે સોમવિજયજીએ વિપરીત કરવામાં શું બાકી રાખ્યું હતું? ॥૩॥

सर्व्वं प्रत्युत सद्गुरोः समभवत्तेजःपरिस्फूर्त्तये,
यज्जांगीरमहातपेति बिरुदं दत्वा स्वयं पश्यता ॥
निर्घोषेसु पतत्सु वाद्यनिवहैः संप्रापिताः स्वाश्रये,
किं चित्रं यदि वर्द्धतेऽग्निपतनात् स्वर्णे क्रमाद्वर्णिका ॥४॥

અર્થ :—પંરતુ તે બધું–વિજયદેવસૂરિ મહારાજના તેજની પરિસ્ફૂર્તિ માટે થયું છે કે–જે જહાંગીરે તેમને "જહાંગીરી મહાતપા"નું બિરુદ આપ્યું અને પોતાની નજર સામે શાહી વાજીંત્રો વડે કરીને ઠાઠમાઠથી તેઓને ઉપાશ્રયે મોકલ્યા. અગ્નિ પડવાથી સોનાની અંદર વર્ણિકા થાય=સોનું વધુ શુદ્ધ થાય, તેમ આવું બધું ધાંધલ કરવા છતાં પટ્ટપરંપરાગત આચાર્ય મ. ની તેજની સ્ફૂર્તિ થવા પામી. ॥૪॥

जिनशासनानुरागात् कठोरमपि गुम्फितं वचः किंचित् ।
मिथ्यादुष्कृतदानात्, तद्गुणिनः क्षन्तुमर्हंति ॥५॥

અર્થ :—જિનશાસનના રાગવડે કરીને કાંઈક કોઈક સ્થળે કઠોર વચન પણ કહેવાયું છે, તેનો મિચ્છામિ દુક્કડં આપું છું અને એવા કઠોર વચનોને ગુણી આત્માઓએ ક્ષમા આપવી યોગ્ય છે. ॥૫॥

भूताब्धिरसेन्दुमिते वर्षे, श्रीविजयदेवसूरीणां ।
तुष्टिकृते गणमध्ये प्ररूपणाभेदनुदिहेतोः ॥६॥

अल्पधिया समदृष्ट्या, श्रुतानुसारेण तत्त्वमधिगम्य ।
पक्षोऽयं निर्णीतो, मध्यस्थाः शुद्धिकर्त्तारः ॥७॥

અર્થ :—૧૬૭૫ વર્ષે શ્રી વિજયદેવસૂરિ મ. ના મનની તુષ્ટિ માટે અને સમુદાયની અંદર થઈ રહેલા પ્રરૂપણાભેદને દૂર કરવા માટે અલ્પબુદ્ધિવાળા એવા અને સારી દૃષ્ટિવડે કરીને શ્રુતને અનુસારે તત્ત્વને મેળવીને મેં આ પક્ષનો નિર્ણય કર્યો છે. તેમાં મધ્યસ્થોએ શુદ્ધિ કરી લેવી. ॥૬–૭॥

गच्छे प्ररूपणाभेद–मपाकर्त्तुं विनिर्मिता ॥
जीयाद् दुःप्रसहं याव–'दुपाधिमततर्जना ॥८॥

અર્થ :—સમુદાયની અંદરના પ્રરૂપણાભેદને દૂર કરવાને માટે બનાવેલી આ "ઉપાધિમતતર્જના" જેનું બીજું નામ "પ્રરૂપણા વિચાર" છે તે ગ્રંથ, દુપ્પસહસૂરિ સુધી જયવંતી વર્તો. ॥૮॥

श्रीमज्जैनप्रवचनरहस्यप्रकाशिवचनगुणैः ।
श्रीविजयदेवसूरि-र्जयतु चिरं संघहितकर्त्ता ॥९॥

અર્થ :—જિનેશ્વર ભગવાનના=જૈન શાસનના વચનોના રહસ્યોને પ્રકાશિત કરનારા એવા વચન ગુણો વડે કરીને અને સંઘનું હિત કરવાવાળા શ્રી વિજયદેવસૂરિજી મહારાજ ચિરકાળ જય પામો ॥૯॥

सन्मार्गः सर्वथा नैव, परित्याज्यो मनीषिभिः ॥
मार्गप्रणयिनां यस्मात्, सर्वत्र सुलभाः श्रियः ॥१०॥

અર્થ :—બુદ્ધિમાનોએ સન્માર્ગ સર્વથા છોડવો નહિં કારણ કે માર્ગને વફાદાર રહેનારા આત્માઓને બધે જ ઠેકાણે લક્ષ્મી સુલભ થાય છે. ॥૧૦॥

આ પ્રમાણે પ્રરૂપણા ગ્રંથની અંદર પ્રથમ પક્ષનો વિચાર કર્યો, બીજો પક્ષ પણ વિચારવા યોગ્ય જ છે. જો કે તે બીજા પક્ષનો સમ્યક્ નિર્ણય થઈ ગયેલો જ છે; પરંતુ સાપ્રતકાલે જિનેશ્વર ભગવંતે કહેલા વચનોનું ઉલ્લંઘન કર્યા સિવાય તેનો ફેલાવો કરવો જોઈએ. પરંતુ તેમાં સ્યાદ્વાદનો આદર કરવો જોઈએ. સ્યાદ્વાદનું બધાય આત્મા માટે બધાય સ્થળે અને હંમેશાને માટે શ્રેયસ્કરપણું છે. જે હું સ્તુતિમાં કહીશ તે આ પ્રમાણે

शांतिं सृजन्नेव, जगज्जनाना-मवातरद् भूरितरार्जितायः ॥
अलभ्यसामान्यकृपापराय, श्री शांतिनाथाय नमोऽस्तु तस्मै ॥१॥

અર્થ :—જગતના જીવોમાં શાંતિ સર્જવાને માટે જ ન હોય તેમ જેમણે જન્મ લીધેલો છે તેવા, ભૂરિતર= અત્યંત ઉપાર્જના કરેલી (શ્રેયની) આવક જેમણે અને કોઈની પણ ઉપમામાં ન આવી શકે તેવી અનન્ય-અસાધારણ કૃપામાં તત્પર એવા શ્રી શાંતિનાથ ભગવંતને નમસ્કાર થાવ. ॥૧॥

स्याद्वादमुद्रामुल्लंघ्य, ये जल्पंति प्रमादतः ॥
तेषां वचांसि वैतथ्यं, लभँते प्राज्ञपर्षदि ॥२॥

અર્થ :—સ્યાદ્વાદની મુદ્રાને ઓળંગીને જે આત્માઓ પ્રમાદથી પણ બોલી જાય છે તેઓના વચનો, પંડિતોની પર્ષદામાં વિતથતાને=ફોગટતાને પામે છે. ॥૨॥

येन स्यात्सर्वशास्त्रेषु, संपृक्तेन प्रमाणताः ॥
स्याद्वादं तं प्रपद्यँते, न कथं बुद्धिशालिनः ? ॥३॥

અર્થ :—જેના દ્વારાએ કરીને સર્વશાસ્ત્રોને વિષે પ્રમાણતા પ્રાપ્ત થઈ શકે છે તે સ્યાદ્વાદને બુદ્ધિશાળી આત્માઓ કેમ ન સ્વીકારે? અર્થાત્ સ્વીકારે જ. ॥૩॥

मूधवगणकचिकित्सक–सामुद्रिक–शाब्दिकादि शास्त्राणि ।
यमपेक्षंते नियतं, कथं न तं जैन वचनानि ? ॥४॥

અર્થ :—પૃથ્વીપતિઓ–જ્યોતિષીઓ–ચિકિત્સકો–સામુદ્રિકો અને શાબ્દિકો આદિના જે શાસ્ત્રો છે તે બધા જેની નિયત=નિશ્ચય અપેક્ષા રાખે છે. તે જૈન વચનોને કેમ ન સ્વીકારવા? ॥૪॥

स्याद्वादप्रतिभाववासितवपु–र्योगप्रयोगोद्भवन्,
वाग्योगः प्रतिनादसत्वसुभगः प्राप्तः परामुन्नतिं ॥
अंतर्गूढपदार्थसार्थविगलद्–भेदः प्ररोहक्रमात्,
संख्यातीतरसानवाप्य जनतां प्रीणाति नभ्राडिव ॥५॥

અર્થ :—સ્યાદ્વાદના પ્રતિભાસથી–છાયાથી વાસિત એવું શરીર, યોગ–પ્રયોગથી ઉત્પન્ન થયેલો એવો જે વાણીનો યોગ તેનો જે પડઘો તે પ્રતિનાદ, પ્રાણીઓને સદ્ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. તે વાણીના પ્રતિનાદથી ઉત્કૃષ્ટ એવી ઉન્નતિને પ્રાપ્ત કરે–મેળવે છે. અંદર ગૂઢ એવા પદાર્થોનો જે સમૂહ તેના જે ગળતાં–છૂટા પડેલા એવા ભેદોમાંથી ફણગા ફુટેલા

હોવાથી કેમે કરીને સંખ્યાતીત એવા રસોને પામીને મેઘને જોઈને મોરની જેમ પ્રાણીમાત્ર આનંદિત થાય છે. ॥૫॥

स्याद्वादमार्गः सकलेष्टसिद्धे-निर्बधनं बुद्धिविशुद्धकारी ॥
प्रदर्शितो यैः करुणां दधद्भि-र्देवधिदेवत्वमतोस्ति तेषां ॥६॥

અર્થ :—સકલ ઈષ્ટ સિદ્ધિનું જે કારણ છે, અને બુદ્ધિની વિશુદ્ધિ કરનારો છે, એવો સ્યાદ્‌વાદમાર્ગ, જેઓએ કરુણા ધારણ કરવા પૂર્વક બતાવેલો છે અને તેથી કરીને તેવા ઉચ્ચ આત્માને વિષે જ દેવાધિદેવપણું રહેલું છે. ॥૬॥

स्याद्वादेऽपि कथंचित्ता, स्याद्वादस्य सयुक्तिका ॥
चक्रे यैस्ते जिनाः सर्वे, संतु कल्याणसंपदे ॥७॥

અર્થ :—સ્યાદ્‌વાદને વિષે પણ સ્યાદ્‌વાદનું યુક્તિ સાથેનું જે કિંચિત્‌પણું જિનેશ્વરોએ જણાવેલું છે, તે કલ્યાણની સંપત્તિ માટે થાવ. ॥૭॥

એ પ્રમાણે <u>પ્રવચનની પ્રશંસા</u> કરી! એકાંતવાદને ફેંકી દેવા પૂર્વક સ્યાદ્‌વાદને કહેનારા જિનેશ્વરો જય પામો, એ પ્રમાણે <u>પ્રરૂપણા વિચાર</u> ગ્રંથના વિષે પહેલાં પક્ષનો નિર્ણય કર્યો. હવે બીજો પક્ષ પણ વિવેચનને યોગ્ય જ છે.

કારણ કે કેવલીને આશ્રીને ભિન્ન ભિન્ન રીતે કેવલીનો સ્વીકાર કરાયો છે; તેમાં કેટલાકનો આશય એવો છે કે–'કેવલીની કાયાના યોગથી એકેન્દ્રિયાદિ કોઈપણ જીવોનો સર્વથા નાશ થતો નથી' ત્યારે બીજો પક્ષ એમ કહે છે કે 'કેવલીની કાયાના યોગથી કોઈક જીવ નાશ પામે જ' આમાંનો પહેલો પક્ષ જે છે તે આ પ્રમાણે—

તેમાં પ્રથમ પક્ષવાળા 'केवली णं पंच अणुत्तरा पन्नता, तं जहा– अणुत्तरे नाणे जाव अणुत्तरे चरित्ते ।' કેવલીને જે પાંચ અનુત્તર કહ્યા છે, અનુત્તર જ્ઞાન યાવત્ અનુત્તર ચારિત્ર છે' એ પ્રમાણેના આલાવાઓ બતાવે

છે. જ્યારે બીજા પક્ષવાલા એમ કહે છે કે જિનેશ્વર ભગવાનના વચનથી વાસિત થયેલા ચિત્તવાળા આત્માઓએ વિશેષ સૂત્રથી પ્રાપ્તિ થયે છતે સામાન્ય સૂત્રને આગળ કરવું યોગ્ય નથી. જિનાજ્ઞાનો વિલોપ થવાનો પ્રસંગ હોવાથી અને "सामान्यात् विशेषो बलीयान्" સામાન્ય કરતા વિશેષ બળવાન છે; उत्सर्गादपवादो बलीयान्—ઉત્સર્ગ કરતાં અપવાદ બલવાન છે, એ પ્રમાણેના ન્યાયોની અવગણના થવાની આપત્તિ આવે છે, વળી एगन्ते होइ मिच्छत्तं,– એ પ્રમાણેનું વચન હોવાથી એકાંત પક્ષનો આશ્રય કરીને=એનો આધાર લઈને જે કાંઈ કહેવાય છે તે સર્વ ઉત્સૂત્રભાવને ભજે છે. આનો વિસ્તાર એ સૂત્રની વૃત્તિથી જ જાણી લેવો.

पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे अ पडिक्कमणं ॥
असद्दहणे अ तहा, विवरीयपरूवणाए अ ॥१॥

વ્યાખ્યા :—પૂર્વની અપેક્ષાએ ચ શબ્દ વાપર્યો છે, વિપરીત–વિતથ એ ઉત્સૂત્ર કહેવાય છે. 'પ્રરૂપણા–પ્રજ્ઞાપના અને દેશના' આ પર્યાયો છે; વિપરીત અને પ્રરૂપણા આ બે મલી–વિપરીત પ્રરૂપણા, તે થઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરવું પડે તે વિપરીત પ્રરૂપણા આ પ્રમાણે;

सिअवायमए समए, परूवणेगंतवायमहिगिच्च ॥
उस्सग्गववाईसु, कुग्गहरूवा मुणेअव्वा ॥१॥

पिंडं असोहयंतो, अचरित्तो इत्थ संस्रओ नत्थि ।
चारित्तम्मि असंते, सव्वा दिक्खा निरत्थया ॥२॥

एवं उस्सग्गमेव केवलं, पन्नवेइं अववायं ता ॥
'चेईअ पूआ कज्जा, जईणावि वईर सामिव्व' किल ॥३॥

'अन्निअसूरीव वनियवासेवि नहु दोसो तहा ॥
लिंगावसेसमित्तेवि, वंदणं साहुणावि दायव्वं ॥४॥

मुक्कधुरा से पागड–सेवि इच्चाई वयणाओ ॥
अहवा पासत्थो ओसन्नो अहछंदो कुसीले सबलेई ॥५॥

दिट्ठंतो को अन्नो, वड्ढेई अ मिच्छतं ।
परस्स संकं जणेमाणो, इच्चाई निच्छयमेव पुरओ करेई ।।६।।

किरिआ कारणं न नाणं वा, न किरिया कम्मं पहाणं ।
न ववसाओ वा न कम्मं, एगंतेणं निच्चमनिच्चं वा ।।७।।

दव्वमयं पज्जायमयं, सामन्नरूवं वा वत्थुं पयासेई ।
एवंविहा एगंतवाय-परूवणा अओ तेसिं पडिक्कमणं ।।८।।

અર્થ :—સ્યાદ્વાદ મતવાલા આગમને વિષે એકાંતમાર્ગનો (જ) આશ્રય લઈને એકાંતની પ્રરૂપણા કરવી, ઉત્સર્ગ અને અપવાદને વિષે એકાંત પ્રરૂપણા કુગ્રહરૂપ જાણવી. પિંડની શુદ્ધિને નહિં કરતો એવો આત્મા અચારિત્રી છે એમાં સંશય કરવો નહી અને ચારિત્રના અભાવમાં તેની દીક્ષા પણ નિરર્થક જાણવી. એ પ્રમાણે કેવલ <u>ઉત્સર્ગને જ</u> પ્રરૂપે અથવા <u>અપવાદને</u> જ પ્રરૂપે, જેમકે 'વજસ્વામીની જેમ ખરેખર સાધુએ પણ ચૈત્યપૂજા કરવી જોઈએ', અથવા 'અન્નિકાપુત્ર આચાર્યની જેમ એકસ્થાને રહેવું તેમાં દોષ નથી' તેમ જણાવવું ને 'લિંગાવશેષ માત્ર હોય તેવાઓને પણ સાધુઓએ વંદન કરવું જોઈએ' કારણ કે मुक्कधुरा से पागडसेवी એવું વચન હોવાથી : પાર્શ્વસ્થ, અવસન્ન, યથાચ્છંદ, કુશીલ, સબલચારિત્રી એ બધા પ્રત્યક્ષ છે તેથી બીજું ક્યું દૃષ્ટાંત જોઈએ? એવું બોલતો અને તે બીજાને શંકાશીલ બનાવતો તે આત્મા એ પ્રમાણે નિશ્ચયવાદને જ આગળ કરીને એકાંતે મિથ્યાત્વને વધારે છે, નિશ્ચયવાદને આગળ કરે છે.

"ક્રિયા કારણ નથી, અથવા જ્ઞાન કારણ નથી" न किरिया कम्मं ક્રિયા-કર્મ પ્રધાન નથી. અથવા વ્યવસાયથી કર્મ નથી, એકાંતે કરીને નિત્ય જ છે, અથવા અનિત્ય જ છે, દ્રવ્યમય છે, પર્યાયમય છે, અથવા સામાન્યરૂપે વસ્તુને પ્રકાશે છે", આવા પ્રકારની બધી એકાંતવાદની પ્રરૂપણા જે કોઈ કરી હોય તેનું પ્રતિક્રમણ કરવું, એ પ્રમાણેનો ચોથો હેતુ (વંદિતાસૂત્રનો) કીધો.

આવી બધી એકાંતવાદની પ્રરૂપણા કરવી તે અયુક્તતર છે, અને

દુરંત એવા અનંત સંસારનું કારણ છે. આગમમાં પ્રતિક્રમણસૂત્રની વૃત્તિના છેડે કહ્યું છે એ જ પ્રમાણે શ્રાવકદિનકૃત્યવૃત્તિમાં પણ કહ્યું છે કે આ બધાની અંદર ઉત્સૂત્ર ભાષણ વડે કરીને અરિહંત અને ગુરુ આદિની અવજ્ઞા, મતિ (મહતી મોટી) આશાતના, સાવદ્યાચાર્ય–મરીચિ–જમાલી આદિની જેમ અનંત સંસારનો હેતુ થાય છે. જેથી કરીને "उस्सुत्त-भासगाणं" ઉત્સૂત્ર ભાષણ વડે ઉત્સૂત્રના ઉપદેશ વડે કરીને ચતુરંત એવા ભવના ભ્રમણનો હેતુ મરીચિ આદિની જેમ થાય છે' એ પ્રમાણે શ્રાવકદિનકૃત્યની વૃત્તિમાં કહ્યું છે.

જો આ પ્રમાણે છે તો 'કોઈપણ જાતના પ્રયોજન સિવાય ફોગટ આત્માને ક્લેશ અને આવેશની પરંપરામાં કેમ પાડે છે? ' કોઈ પણ પ્રયોજન ન હોય તો મૂર્ખ આત્મા પણ પ્રવૃત્તિ કરતો નથી. તો પછી તું બુદ્ધિશાળી થઈને કેમ પ્રયત્ન કરે છે?

હવે તે વિશેષ સૂત્ર ક્યું? એમ પૂછતો હોય તો સાંભળ

जीवे णं भंते सया समियं एयति वयति–चलई–कंपइ, घट्टइ–वक्खुभई उदीरई तं तं भावं परिणमई ? हंता मंडिअपुत्ता। जीवे णं सदा समिओ एअति जाव तं तं भावं परिणमइ तावं च णं से जीवे आरभति सारभेति समारभति, आरंभे वट्टति सारंभे वट्टति समारंभे वट्टति, आरभमाणे सारभमाणे समारभमाणे–आरंभे वट्टमाणे सारंमे वट्टमाणे समारंभे वट्टमाणे बहवे पाणाणं भूयाणं जीवाणं सत्ताणं दुक्खावणयाए सोयावणयाए झूरावणयाए तिप्पावणयाए परितावणयाए वट्टति से तेणट्ठेणं मंडिअपुत्ता! एवं वुच्वई–जाव च णं से जीए सयासमियं एयति जाव परिणमिति तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया ण भवति। जाव च णं भंते ! से जीवे णो एयति, जाव णो तं तं भावं परिणमई तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवति हंता जाव भवई इत्यादि द्वितीय सूत्रमपि ज्ञेयं" भगवतीसूत्र २१. २३ ॥

હે ભગવંત! હંમેશા समियं પ્રમાણસર સયોગીજીવ एयइ કંપે છે,

वेयइ વિવિધ રીતે કંપે છે, चलइ એકસ્થાનેથી બીજે સ્થાને જાય છે. फंदइ કાંઈક ચાલે છે, वट्टइ સર્વદિશાઓમાં ચાલે છે અથવા બીજા પદાર્થનો સ્પર્શ કરે છે खुब्भइ ક્ષોભ પામે છે આદિ उदीरइ પ્રબલતાપૂર્વક પ્રેરે છે અથવા બીજા પદાર્થનું પ્રતિપાદન કરે છે तं तं भावं पारिणमेइ ઉત્ક્ષેપણ, અવક્ષેપણ આકુંચન અને પ્રસારણ વગેરે પર્યાયોને પામે છે ત્યારે તે જીવ આરંભ કરે છે, સંરંભ કરે છે, સમારંભ કરે છે, આરંભમાં પ્રવર્તે છે, સંરંભમાં પ્રવર્તે છે, સમારંભમાં પ્રવર્તે છે, આરંભ કરતો, સંરંભ કરતો, સમારંભ કરતો થકો ઘણાં–ભૂતોને–જીવોને–સત્ત્વોને दुक्खावणयाए મરણરૂપ દુઃખ પમાડવું કે ઈષ્ટ વિયોગાદિના દુઃખના હેતુઓ પમાડવામાં सोयावणयाए શોકના–દીનતા પમાડવામાં जूरावणयाए શોકના વધારાથી શરીરને જીર્ણતા પમાડવામાં तिप्पावणयाए શોકનો વધારો થવાથી જ રોવરાવવામાં કે લાળ જરાવવામાં पिट्टावणयाए પીટાવવામાં કે શરીરને સંતાપ દેવામાં વર્તે છે. ત્યારે–હે મંડિતપુત્ર! તે સદા સમિતિ આત્મા જ્યારે હાલે-ચાલે કે ફરે ત્યારે તે આત્મા તે તે જીવની અંત ક્રિયા થાય કે નહિં? (તે પહેલું સૂત્ર અને) જ્યારે તે જીવ હલન-ચલન ન કરે તે તે ભાવોને ન પરિણમે ત્યારે તે જીવોને અંતક્રિયા થાય કે નહિં? તે બીજું સૂત્ર જાણવું, ભગવતીસૂત્ર; આ સૂત્ર વિશિષ્ટતર છે જ. તે આ પ્રમાણે :—से अभिक्कममाणे-पडिक्कममाणे-संकुचमाणे–पसारेमाणे-विणिअट्टमाणे' संपलिज्जमाणे एगया गुणसमियस्स रियंतो कायसंफासमणुचिन्नो एगतिया पाणा उद्दायंति इत्याचारांगे ।

તે જીવ આગળ જતો, પાછળ ફરતો, હાથ-પગનો સંકોચ કરતો અથવા પહોળા કરતો, અથવા પડખું ફરતો એવા ગુણ સમૃદ્ધ સમિતિધર આત્માની કાયાના સ્પર્શને પામતાં કેટલાક સંપાતિમ પ્રાણીઓને ઉપદ્રવ થાય છે એ પ્રમાણે આચારાંગસૂત્રના પહેલા શ્રુતસ્કંધના પાંચમા લોકસાર અધ્યયયના ચોથા ઉદ્દેશામાં કહ્યું છે, તેની વૃત્તિ આ પ્રમાણે :—

से इत्यादि=હંમેશા ગુરુના આદેશનું પાલન કરનારો એવો તે સાધુ આવા વ્યાપારવાલો થાય છે તે આ પ્રમાણે अमिक्रामन् જતો प्रतिक्रामन्

પાછો ફરતો, હસ્ત-પાદ આદિનો સંકોચ કરતો અથવા પહોળા કરતો એટલે હાથપગના અવયવોને સાંકડા જે હોય તેને પહોળા કરતો સમસ્ત અશુભ પાપ વ્યાપારોથી પાછો ફરતો સમ્યક્પ્રકારે ચારે બાજુ હાથ પગ આદિના અવયવોને અને તેના નિક્ષેપસ્થાનોને રજોહરણ આદિ વડે પ્રમાર્જના કરતો ગુરુકુલવાસમાં વસે' એ પ્રમાણે બધે સંબંધ જોડી દેવો.

તેમાં નિવિષ્ઠ=વિધિપૂર્વક ભૂમિ ઉપર એક ઉરુને= સાથળને સ્થાપન કરીને બીજા સાથળને ઉંચો રાખીને બેઠેલો સાધુ, નિશ્ચલ એવા સ્થાને રહેવાની અસહિષ્ણુતાએ કરીને ભૂમિને જોઈને અને ભૂમિને પ્રમાર્જીને કુકડીના દ્રષ્ટાંતે કરીને પોતાના અવયવોનો સંકોચ કરે અથવા પ્રસારે અને સુવે ત્યારે પણ મોરની જેમ સૂવે. મોર જે છે તે-ખરેખર બીજા પ્રાણીઓના ભયથી એક પડખે અને સચિંત રીતે સૂવે અને ચારે બાજુ જોઈને પડખાનું પરિવર્તન કરે-ફેરવે, વગેરે ક્રિયા કરે છે એ પ્રમાણે સાધુ પણ પરિમાર્જના પૂર્વક અપ્રમત્તપણાએ કરીને કરે...

આવી રીતે અપ્રમત્તપણે ક્રિયા કરવાં છતાં પણ ક્યારેક <u>અવશ્યંભાવિપણા</u> વડે કરીને જે થાય તે જણાવે છે.

एगया इत्यादि=એકદા ક્યારેક કોઈક વખતે ગુણ સમૃદ્ધ એવા અપ્રમત્તયતિને પણ रीयमाणस्स એટલે સમ્યક્ અનુષ્ઠાન પૂર્વક જતાં, પાછા ફરતાં-સંકોચ કરતાં અથવા હાથ-પગ આદિને પ્રમાર્જનાપૂર્વક લાંબા કરતા એવી કોઈક અવસ્થામાં કાયાના સ્પર્શને પામેલા સંપાતિમ આદિ જે જીવો છે તે કેટલાક પરિતાપને પામે છે, ગ્લાનિને પામે છે, કેટલાકના અવયવોના નાશ પામે છે અને તેની અપશ્ચિમ અવસ્થા, સૂત્ર વડે જ કરીને બતાવાય છે કે-કેટલાક જીવો પ્રાણોથી મુક્ત થાય છે' આમાં કર્મના બંધ પ્રતિ વિચિત્રતા રહેલી છે.

ઉપયુક્ત એવા સાધુને સૂક્ષ્મ વિરાધના કેવી રીતે થાય? તે શંકાને માટે કહે છે, सव्वत्थवत्था :-સર્વ અવસ્થાને વિષે સરાગ કે વીતરાગ આદિ સમસ્ત પર્યાયોને વિષે જે કારણથી પ્રાયઃ=બહુલતાએ કરીને 'અયોગી અવસ્થામાં બંધ ન થાય' એ બતાવવા માટે પ્રાયઃ શબ્દગ્રહણ

કરેલ છે. બાકી ભવસ્થ=સંસારમાં રહેતા અને સિદ્ધ નથી થયા તે પ્રાણીઓને કર્મબંધ સિદ્ધાંતમાં કહેલો છે. કેવા પ્રકારનો કહ્યો છે? તે જણાવે છે. વિચિત્રભેદ=ઘણાં પ્રકારનાં ભેદવાળો. આ વાત ક્યાંથી સિદ્ધ થઈ? તે જણાવે છે. ભૂતકાળના પૂર્વાચાર્યોએ साध्यं व (तदज्झवसाय) કારણ કે તે અધ્યવસાય આશ્રીને કર્મબંધની વિચિત્રતા પૂર્વાચાર્યોએ કહી છે. એ પ્રમાણે ગાથાર્થ :—

તથા સર્વ અવસ્થાને વિષે કર્મબંધ અને કર્મબંધાનુમેય વિરાધના જોવાય છે, અને તે દ્રવ્યથી છદ્મસ્થ વીતરાગને ચોથા ભાગે હોય છે. તે આ પ્રમાણે :—શૈલેષી અવસ્થામાં કાયાના સંસ્પર્શ વડે કરીને પ્રાણત્યાગમાં પણ બંધ ઉપાદાન એવા કરણના યોગ અને અયોગ पयडि पएसं ठिई अणुभागं कसायओ कुणई– પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ કષાયથી કરે છે' એ પ્રમાણે વચન હોવાથી (તેઓને) યોગનો ભાવ ન હોવાથી બંધ નથી. ઉપશાંત મોહ, ક્ષીણમોહ, સયોગી કેવલીઓને સ્થિતિનિમિત્તના કષાયનો અભાવ હોવાથી એક સમયનો બંધ, અપ્રમત્તયતિને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતઃકોડાકોડી સ્થિતિ હોય છે. અને પ્રમત્તયતિને તો અનાકુટ્ટિકાવડે પ્રવૃત્ત થયેલા જીવને ક્યારેક હાથ-પગ આદિ અવયવોના સ્પર્શથી પ્રાણીઓને ઉપતાપ આદિમાં જઘન્યથી કર્મબંધ છે, અને ઉત્કૃષ્ટથી પૂર્વે કહેલી અંતઃકોડાકોડીથી વિશેષતર સ્થિતિ હોય છે અને તે ઉત્કૃષ્ટસ્થિતિ તે ભવ વડે કરીને પણ ખપાવાય છે. એ વાત મૂલસૂત્ર વડે બતાવવાને માટે કહે છે.

"अणगारस्स णं भंते–હે ભગવંત! ભાવિત આત્મા એવા અણગારને આગળ યુગમાત્ર દૃષ્ટિએ કરીને ઈર્યાસમિતિ વગેરેથી ચાલતાં આત્માના પગનીચે કુકડીનું બચ્ચું અથવા વર્તકપક્ષિ જીવ વિશેષ તેનું બચ્ચું પગ નીચે આવે અને પરિતાપને પામે તો તે સાધુને હે ભગવંત! શું ઈર્યાપથિકી ક્રિયા કહી છે કે સાંપરાયિકા ક્રિયા કહી છે? ઉત્તર—ત્યારે હે ગૌતમ! તેવા પ્રકારના અણગારને ઈર્યાપથિકી ક્રિયા હોય છે. સાંપરાયિક હોતી નથી. હે ભગવંત? ક્યા કારણે આમ કહો છો?

ભગવતીસૂત્રના ૭-માં શતકના સંવૃત્ત નામના ઉદ્દેશામાં જે અર્થ કહ્યો છે તે અહિંપણ જાણવો. હે ભગવંત! તહત્તિ કહીને વિચરે છે", ભગવતી શતક-૧૮, ઉદ્દેશો-૫, સૂત્ર-૮ એની વૃત્તિ આ પ્રમાણે પૂરઓ-આગળ 'दुहओ'-બન્ને બાજુના પડખે અને પાછળ એ પ્રમાણે યુગમાત્ર અને યૂપમાત્રકની દૃષ્ટિએ કરીને જોઈને ગમન કરતાં સાધુને कुक्कडि पोइये-કુકડીનું બચ્ચું, વર્તક-પક્ષીવિશેષ, કુલિંગચ્છાએ પક્ષીવિશેષ पर्यापद्येत-એટલે નાશ પામે છે એ પ્રમાણે જ ૭મા શતકમાં કહ્યું છે તે પ્રમાણે જાણી લેવું. આના વડે જે સૂચવાયું છે તેનો અર્થલેશ આ પ્રમાણે—

હવે "ક્યા કારણવડે હે ભગવંત! આ પ્રકાર કહો છો? હે ગૌતમ! જેના ક્રોધ-માન-માયા અને લોભ નષ્ટ થયા છે તેને ઈર્યાપથિકીની જ ક્રિયા હોય છે" ઈત્યાદિ અર્થ આગળ કહેલો છે તે જાણી લેવો. અહિંયા આ જે રહસ્ય છે તેના અંગે ગુણસ્થાનકના વિચારને જાણનારા આત્માને વિપ્રતિપત્તિ હોતી જ નથી. કારણ કે-૧૩મા ગુણસ્થાનકે ઈર્યાપથિકી ક્રિયાનો અનુબંધ કરે એ નિર્વિવાદ વાત છે. અને તે યોગપ્રત્યિકી છે, અને યોગ જે છે તે સ્વરૂપે વિદ્યમાનપણાવડે કરીને જ ક્રિયા નિમિત્ત થાય છે; પરંતુ વ્યાપારવાળો નહિં, અને તે વ્યાપાર, જવું આવવું-ફરકવું, આદિ તેનાથી જે વિરાધના અને તેનાથી જે ક્રિયા આ અર્થના વિસ્તારરૂપે સર્વે આલાવા સમજી લેવા. વધારે કહેવાથી શું?

મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિએ પણ આ પ્રમાણે જ પ્રતિપાદન કરેલ છે, યથા ચ પુનર અર્થમાં અથવા अपि અર્થમાં લેવો. मुनीनां शोभना मुनयः सुमुनयः सुसाधवः-જે સુમુનીઓ=સુસાધુઓ છે તેઓ અપ્રમત્ત ગુણસ્થાનકથી આરંભીને-૧૩મા ગુણસ્થાનક સુધી આરંભમાં વર્તતા હોવા છતાં પણ આરંભિકી ક્રિયા ન થાય આ પ્રમાણે છે, तत्थ णं ઈત્યાદિ આ પ્રમાણે પ્રવચન પરીક્ષાની ૧૪૪મી ગાથાની વૃત્તિમાં કહ્યું છે અને આ અર્થને અનુકુલ બે કારિકા આ પ્રમાણે છે :—

आश्रवानां निरोधोयः, संवरः स प्रकीर्तितः ॥
सर्वतो देशतश्चेति, द्विधा स तु विभिद्यते ॥१॥
अयोगीकेवलिष्वेव, सर्वतो संवरो मतः ॥
देशतः पुनरेकद्वि–प्रभृत्याश्रवरोधिषु ॥२॥

અર્થ :—આશ્રવોનો જે નિરોધ તેનું નામ સંવર કહેલું છે, આ સંવર, દેશથી અને સર્વથી એમ બે ભેદે છે. ૧. અયોગી કેવલી વિષે તો સર્વથી સંવર કહેલો છો; અને દેશથી સંવર તે એક-બે આદિ આશ્રવના રોધ કરવાવાળા આત્માને વિષે છે; આ જ અર્થના સંવાદ માટે હેમચન્દ્રસૂરિજી મહારાજે કહ્યું છે. संव्रियत= એટલે બે ત્રણ આશ્રવનો નિરોધ કરતો હોય તે દેશસંવર છે. અને તે સયોગી કેવલીઓને સંવર ભાવનામાં હોય છે. આ પ્રમાણે વ્યવસ્થિત હોયે છતે જે કોઈક ઠેકાણે 'કેવલીની કાયાના યોગથી જીવ વિરાધનાના નિષેધ'ની પ્રાપ્તિ થાય છે. ત્યાં બધે સ્થાને શૈલેષી અવસ્થાને પામેલા કેવલી ગ્રહણ કરવા. અને તે પ્રમાણે જ કરવાથી બીજા ગ્રંથોનો સંવાદ થતો હોવાથી; અને વિશિષ્ટતમ એવા દશવૈકાલિકની વૃત્તિમાં દ્રવ્ય અને ભાવ પદ વડે કરીને હિંસાને ઉદ્દેશીને ચતુર્ભંગી આપેલી છે. તેમાં ચોથો ભાંગો શૂન્ય કહેલ છે. એ પ્રમાણે હરિભદ્રસૂરિજીએ કહેલું છે, જો કેવલી, ચોથા ભાંગામાં રહેલા હોત તો ચોથા ભાંગામાં કેવલીનું જ ઉદાહરણ આપ્યું હોત. તે આપ્યું નહિ હોવાથી જણાય છે કે કેવલીને પણ કાંઈક વિરાધના થાય છે. અવસ્થિતપક્ષ તો દશવૈકાલિકવૃત્તિ-શ્રાદ્ધ-પ્રતિક્રમણસૂત્રવૃત્તિ, અનુયોગદ્વારવૃત્તિ અને ચૂર્ણિ આદિને વિષે દ્રવ્ય-ભાવ પદ વડે કરીને હિંસાને ઉદ્દેશીને ચતુર્ભંગી કહેલી છે. અને તે ચતુર્ભંગી અત્યંત-ગહન-દુર્વિચારવાલી=દુ:ખે કરીને વિચારી શકાય તેવી અને બહુશ્રુતગમ્ય છે. તેથી કરીને કેવળીઓને વિરાધનાને આશ્રીને સાંપ્રતકાલે કોઈએ પણ વાર્તામાત્ર પણ કરવી નહિ'; એ પ્રમાણે પરમગુરુની આજ્ઞા છે, અને તે આજ્ઞાના લોપમાં મહાન્ પ્રાયશ્ચિત્ત છે. અને તેના પાલનમાં જિનવચનની નિંદા=અવહેલનાનું નિવારણ થયેલું છે. એમ જાણવું.—

આ પ્રમાણે પણ વિચારવું નહિ કે "તીર્થંકર પ્રતિરૂપક એવા તપગચ્છના અધિપતિઓ અયથાર્થવાદી હોય છે; અયથાર્થ અર્થને પ્રરૂપણા કરનારને નિવારતાં નથી; અથવા મિથ્યાદુષ્કૃત દેતાં નથી" તેવું વિચારવું નહિ. અને તે ગચ્છાધિપતિઓ વડે કરીને જે અર્થના બે ત્રણ વખત મિથ્યાદુષ્કૃત અપાવ્યા છે, તે વાત ધર્મરૂપી ધન છે જેને એવા આત્માઓએ શ્રવણગોચર પણ ન કરવી=કાને સાંભળવી પણ યોગ્ય નથી. આ પ્રમાણે હોય છતે ભિન્ન ભિન્ન ગ્રંથોને વિષે જુદા જુદા ભાવને સાંભળવા દ્વારાએ કરીને આત્માને સંદેહરૂપી હિંડોળામાં સ્થાપવો નહિ. અને કદાચ સંદેહ થાય તો આ પ્રમાણેની બે ગાથાની વિચારણા કરવી.

तत्थ य मईदुबल्लेणं, तव्विहायरियविरहओ वा वि ॥
नेयगहणत्तणेण य, नाणावरणोदयेणं च ॥१॥

हेऊदाहरणासंभवे, असई सुट्ठु जँ न जाणिज्जा ॥
सव्वन्नुमयमवितहं, तहावि तं चिंतये मईमं ॥२॥

અર્થ :—ધ્યાન શતકમાં કહેલું છે કે [૧]મતિની દુર્બલતાના કારણે, [૨]તેવા પ્રકારના આચાર્યનો વિરહ હોવાથી, [૩]જ્ઞેય પદાર્થનું ગહનપણું હોવાથી, [૪]જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી, [૫]હેતુ-ઉદાહરણ આદિનો સંભવ નહિં હોવાથી, આ પાંચ વસ્તુનો અસંભવના કારણે તેમજ સંભવ હોવા છતાં સામગ્રીના અભાવે જે કોઈક સૂક્ષ્મ અર્થ, મનમાં ન બેસતો હોય તો બુદ્ધિમાન આત્મા આ પ્રમાણે ચિંતવે કે 'સર્વજ્ઞ ભગવંતનો મત અવિતથ-સત્ય જ છે, યથાસ્થિત જ છે.' એ પ્રમાણે સમ્યગ્ સ્થિરતાને ધારણ કરે, અને તેથી કરીને કોઈપણ આત્માએ આગ્રહમાં તત્પર થવું નહિં. કહેલું છે કે-

आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ॥
पक्षपातरहितस्य तु युक्ति-र्यत्र तत्र मतिरेति निवेशं ॥

અર્થ :—આગ્રહી આત્મા પોતાની મતિ જ્યાં હોય ત્યાં યુક્તિને ખેંચી જાય છે; પરંતુ જેઓ પક્ષપાત રહિતના આત્મા છે તે, જ્યાં યુક્તિ

હોય ત્યાં પોતાની મતિને ખેંચી જાય છે. વળી જે 'એકેન્દ્રિય આદિ અવ્યક્ત જીવોને અકામ નિર્જરા હોય છે; પરંતુ તાપસ આદિઓને નથી હોતી;' એ પ્રમાણે બોલે છે તે પોતાની કપોલકલ્પિતાને જાહેર કરે છે, કારણ કે, શાસ્ત્રોમાં તેવા સ્થાનોની (અક્ષરોની) પ્રાપ્તિ નહિં થતી હોવાથી; બલ્કે ગ્રંથીદેશ સુધી અકામ નિર્જરા થાય છે, એ પ્રમાણે હેમચન્દ્રસૂરિ વડે યોગશાસ્ત્રના ૪-થા પ્રકાશમાં કહેવાયું છે અને તે વાત

अकामनिर्जरारूपात् पुण्याज्जंतोः प्रजायत्ते इत्यादि : પૂર્વે લખેલું છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ પણ આ બન્ને જ્ઞાન અને ક્રિયાનું સાધનપણું છે એ પ્રમાણેની ના નથી કીધી, દેશ ઉપકારીપણું જ સ્વીકારેલું છે. અને એ પ્રમાણે આવશ્યકવૃત્તિમાં કહ્યું છે, અને તે જ આવશ્યક વૃત્તિમાં આગળ જતાં 'યથાપ્રવૃત્તિ કરણ, ગ્રંથીપ્રદેશ સુધી કહેલું છે, અને ત્યાં સુધી અકામ નિર્જરા કહેલી છે.' વળી સ્થાનાંગસૂત્રના ૪–થા સ્થાનમાં તેરમા ગુણસ્થાનક સુધી દેશથી નિર્જરા કહેલી છે, તેવી જ રીતે ભગવતીસૂત્ર વિષે બધા જ દંડકોને વિષે નિર્જરા કહેલી છે, અને બીજી વાત મિથ્યાત્વ ગુણસ્થાનકે એકસો સત્તર (૧૧૧) પ્રકૃતિ બંધાય છે, સાસ્વાદન ગુણસ્થાનકે ૧૦૧ અને મિશ્ર ગુણસ્થાનકે ૭૬-પ્રકૃતિ બંધાય છે. આ બંધાયેલી પ્રકૃતિ તેમની તેમ યથાસ્થિત પડી રહે છે કે ઝરી જાય છે? ઈત્યાદિ પોતે જ વિચારી લેવું....

અને બીજી વાત સમ્યગ્દૃષ્ટિને તપ અનુષ્ઠાન આદિ જ્ઞાનકષ્ટ કહેલું છે, અને તેનું ફળ સકામ નિર્જરા કહેલી છે, મિથ્યાદૃષ્ટિઓને તપ, અનુષ્ઠાન આદિને અજ્ઞાન કષ્ટ કહેલ છે, તેનું ફળ અકામ નિર્જરા છે. અહિંયા કાર્યકારણભાવ તેના જાણકાર માટે સુગમ જ છે. કહેલું પણ છે કે —

अन्नाण कट्ठ कम्मक्खउ, जायई मंडुक्क चुण्ण तुल्लत्ति ॥
सम्मकिरिआई सो पुण, नेउ तच्छारसारिच्छोति ॥१॥

અજ્ઞાનકષ્ટવાળા તપ અનુષ્ઠાનથી કર્મનો ક્ષય થાય છે, પણ તે

દેડકાના ચૂર્ણ જેવો (તેમાંથી બીજા દેડકાઓ થાય છે) અને સમ્યગ્ ક્રિયાવાલાઓનો તો તે ચૂર્ણની રાખ જેવો થાય છે, તે વાત સમ્યગ્ વિચારી લેવી (૨)

હવે બીજી વાત મરીચિનું દુર્વચન અને ઉત્સૂત્ર આ બન્નેનું એકાર્થરૂપપણું હોવાથી; કહેલું છે કે અહિંયા च શબ્દ છે તે પૂર્વપદની અપેક્ષાએ જાણવો 'विवरीअं-वितहं-उस्सुत्तं भणइ', 'परूवणा-पन्नवणा-देसणत्ति, पज्जाया, પ્રરૂપણા પ્રજ્ઞાપના, દેશના આ પણ પર્યાયો છે, એવી જ રીતે ઉત્સૂત્રની પ્રરૂપણા પણ સંસારનો હેતુ કહેલો હોવાથી કહેલું છે કે–फुडपागडमकहंतो સ્પષ્ટ અને પ્રગટ નહિં કહેતો ઈત્યાદિ પાક્ષિક ચૂર્ણિમાં કહેલું છે, આ બધું ઉત્સૂત્ર ભાષણ, અરિહંત અને ગુરુ આદિની અવજ્ઞા અને મતિ (મોટી) આશાતના, અનંત સંસારનો હેતુ છે. સાવદ્યાચાર્ય–મરિચી–જમાલિ આદિની જેમ,

પ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિના છેડે उस्सुत्तभासगाणं કહેલું છે કે–ઉન્માર્ગ દેશના આદિ ખરેખર ચતુરંત એવા ભવભ્રમણના હેતુરૂપ છે મરિચી આદિની જેમ જ જાણવું... એ પ્રમાણે શ્રાદ્ધદિનકૃત્યની વૃત્તિમાં કહેલું છે, અને એ પ્રમાણે ઉપદેશરત્નાકરના ૧૦મા તરંગમાં પણ જણાવેલું છે.

વળી વધારે શું કહેવું? વાચક વર ઉપાધ્યાય ધર્મસાગરજી મહારાજે પણ મરિચિનું વચન ઉત્સૂત્ર કહેલું છે, તેથી કરીને અહિંયા કોઈ શંકાનું કારણ નથી. ''जमाली णं भंते अणगारे आयरिय पडिणीये' હે ભગવંત! જમાલી અણગાર આચાર્યાદિની પ્રત્યનીકતાએ કરીને તિર્યંચયોનિ, દેવગતિ-મનુષ્યના, ચાર-પાંચ ભવ ગ્રહણ કરવાપૂર્વક સંસારમાં ભમીને ત્યાર પછી મોક્ષે જશે.

આ આલાપકને સાંભળીને 'એકાંતથી અનંતભવની કલ્પના કરવી' તે ભીંતપર આલેખેલા ચિત્ર જેવું જ છે. કારણ કે મરિચિના વચનનું ઉત્સૂત્રપણામાં 'દુર્વચન અને ઉત્સૂત્ર' એ બન્નેનું એકપણું હોવાથી અનંતભવનો જે નિયમ છે તે વિચ્છિન્ન થઈ ગયેલો દેખાય છે, 'એકાંત પક્ષના આશ્રયવડે કરીને જે કહેવાય છે તે ઉત્સૂત્રતાને જ ભજે છે,' અને

તે पडिसिद्धाणं करणे એ ગાથામાં કહેવાપૂર્વક પૂર્વે કહેલું છે. વળી કોઈક ઠેકાણે કેટલાક ભવો અને કોઈક સ્થળે અનંતા પણ કીધા છે, પરંતુ તેમાં પણ તિર્યંચ–મનુષ્ય અને દેવમાં કેટલાક ભવો ભમીને મહાવિદેહક્ષેત્રમાં લાંબાકાળે મોક્ષે જશે. એ પ્રમાણે ઉપદેશમાલાકર્ણિકા આદિમાં કેટલાક ભવોની વાત પ્રાપ્ત થાય છે, અને તેની વૃત્તિમાં અનંતાભવો પણ પ્રાપ્ત થાય છે, તેથી કરીને જ્યાં જેવું દેખાય ત્યાં તેવી પ્રરૂપણા કરવી માટે 'નિરર્થક કાર્યને ઉત્પન્ન ઉભું કરીને આત્માને દુર્ગતિની સગાઈવાળો પ્રેમી કેમ બનાવવો?

જ્યારે શ્રી હેમચંદ્રાચાર્ય આદિવડે કરીને પણ અનંત ભવનો નિયમ બંધાયો નથી, ત્યાં બીજાઓનું તો શું ગજું? ઇત્યાદિ પોતે જ વિચારી લેવું, વળી તે 'મિથ્યાદષ્ટિઓનું બ્રહ્મચર્યપાલન, સાધુભક્તિ જિનભવન રક્ષણ, સહાય આપવી આદિ કાંઈપણ અનુમોદનાને યોગ્ય નથી' એમ જે કહે છે, તે પણ વિચારણાને પાત્ર છે, પ્રકારાંતરોનું પણ બીજા ગ્રંથોમાંથી પ્રાપ્તિ થાય છે, તે આ પ્રમાણે

अरिहंतँ अरिहंतेसु० सुसाहूण साहूचरियं આ બંને ગાથાની અંદર જે જેનું, જ્યાં અનુમોદનીયપણું છે તે જણાવ્યું છે, આ સિવાયના બાકીના જીવોમાં જે કાંઈક અનુમોદનીયપણું છે,તે ગ્રંથકાર જણાવે છે,

अहवा सव्वं चिय वीयराय वयणाणुसारि जं सुकडं ।
कालत्तयेवि तिविहं अणुमोएमो तयं सव्वं ॥

આ ગાથાની વૃત્તિમાં આ પ્રમાણે છે, અથવા તો ચિય=એવકાર માટે છે, જેથી કરીને બધું જ જિનવચનને અનુસારે ચાલનારું જિન વચનાનુયાયી એવું જે સુકૃત 'જિનભવન અને બિંબ કરાવવા, તેની પ્રતિષ્ઠા કરવી, સિદ્ધાંતના પુસ્તક લખવા, તીર્થયાત્રા કરવી, સંઘ વાત્સલ્ય કરવું, જિનશાસનની પ્રભાવના કરવી, જ્ઞાનાદિમાં સહાય કરવી, ધર્મમાં સાનિધ્યપણું કરવું, ક્ષમા-માર્દવ-સંવેગ-આદિરૂપમિથ્યાદષ્ટિ સંબંધીઓનું પણ માર્ગાનુયાયી જે ત્રણ કાલનું સંબંધી કૃત્ય કરવું, કરાવવું, અનુમોદવું–

જે કાંઈ હતું, છે અને થશે તે બધું અનુમોદીયે છીએ=હર્ષ ગોચરતાને પમાડીએ છીએ–આમાં જે બહુવચન છે તે પૂર્વે કહેલા ચતુઃશરણ આદિનો જે સ્વીકાર કરેલ તે સ્વીકાર કરવા વડે કરીને ઉપાર્જિત કર્યો છે પુણ્યનો પ્રાગ્ભાર જેણે એવા પોતાના આત્મામાં બહુમાન જણાવવા માટે બહુવચન વાપરેલું છે.

નનુ=એટલે આ ગાથાનો વિષય શું છે! અથવા ક્યો વિભાગ છે? કારણ કે 'વિષય અને વિભાગને જાણ્યા વગર જેઓ સૂત્રોની વ્યાખ્યા કરે છે તેઓ પોતાને અને પારકાને દુર્ગતિના સ્નેહી બનાવે છે'. કહેલું છે કે 'વિધિ–૧ ઉદ્યમ–૨, વર્ણક–૩, ભય–૪, ઉત્સર્ગ–૫, અપવાદ–૬, તદુભય–૭ આ પ્રમાણે શાસ્ત્રોને વિષે સૂત્રો ઘણાં પ્રકારના ગંભીર ભાવોથી ભરેલા હોય છે.' તેથી કરીને જ્ઞાનાવરણીય કર્મના ઉદયે કરીને તેના વિષય અને વિભાગને નહિં જાણતો જીવ મુંઝાય છે, અને તેથી કરીને પોતાને અને પારકાને અસદ્ગ્રહ ઉત્પન્ન કરે છે.' આથી કરીને પરસ્પર વિરોધ ન આવે તે રીતે રહીને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવ જોઈને સ્યાદ્વાદ મુદ્રાને ઉલ્લંઘન કર્યા સિવાય તે શંકા-કંખા આદિ પદો,વિધિ આદિ ગોચર એવા વિષયી સૂત્રો, તેમાં જ્યાં જે અનુકુલ હોય તેને ત્યાં સ્થાપવું જોઈએ' આ પ્રમાણે શ્રાદ્ધદિન કૃત્યની વૃત્તિમાં કહેલું છે, અને એ પ્રમાણે પ્રતિક્રમણ સૂત્રની ચૂર્ણિનાં અંતે નનુ અસ્યા એમ કરીને આ વાત કહેલી છે, નનુ અસ્યા ઈત્યાદિથી માંડીને પૂર્વપક્ષ જાણવો અને સત્યં એ પદથી ઉત્તરપક્ષ જાણવો, એ પ્રમાણે ચૂર્ણિમાં પણ જણાવેલ છે, પરંતુ આ ગાથામાં મિથ્યાદૃષ્ટિ સંબંધીનું જે કર્તવ્ય છે તે <u>વિષય</u> છે. અને જે માર્ગાનુસારી હોય એ અનુમોદનીય છે, તે સિવાયનું બીજું નહિ. તે <u>વિભાગ</u> છે.

આ વિષય અને વિભાગનની વાત તમે કરી; પરંતુ તે જ નથી જણાતું કે 'ક્યા કૃત્યોને માર્ગાનુસારી કહેવું?' એ શંકાને દૂર કરવાને માટે વૃત્તિકાર પોતે જ કહે છે કે જિનભવન આદિથી માંડીને સંવેગ આદિરૂપ સુધીનું જે કૃત્ય,તે વિશેષ્ય જાણવું. અને સંવેગાદિરૂપ–૧, મિથ્યાદૃષ્ટિ સંબંધીનું–૨, માર્ગાનુસારી–૩—આ ત્રણ <u>વિશેષણો</u> જાણવા, તેમાં ૧લું જે વિશેષણ છે

તે દ્વન્દ્વ સમાસાન્ત છે, અને એથી કરીને 'દ્વન્દ્વ સમાસવાળું વાક્ય બધાને લાગું પડે છે.' એવું વચન હોવાથી જિનભવન ઉપાષ્ટંભ–બિંબ–કારણ–ઉપષ્ટંભ,' એ પ્રમાણે બધામાં યોજના કરી લેવી, અને તેથી કરીને આ વાતનું તાત્પર્ય એ છે કે—'જિન ભવન આદિ જે બનતાં હોય તેમાં ઉપષ્ટંભ-સહાય કરવી–૧, ધર્મમાં સહાયપણું કરવું, અને સ્વાભાવિક રીતે ક્ષમા–માર્દવ–આદિ હોય તે અનુમોદના લાયક છે' પરંતુ મિથ્યાદ્રષ્ટિઓએ કરેલી જે ક્રિયાઓ છે તે અનુમોદના લાયક નથી. કારણ કે જ્યાં સુધી બોધિ=સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિઓને એક પણ વ્રતનો અસંભવ હોવાથી તે ક્રિયાનું અનુમોદન કરવામાં 'કાંઈ પણ ફલ થતું નથી' એવું બોલવું નહિં, પરંતુ 'જ્ઞાનપૂર્વક જો આ પ્રમાણે કરે તો મોટા ફલને માટે થાય છે', તેમ બોલવું. કહ્યું છે કે—

जं अन्नाणी कम्मं, खवेई बहुएहिं वास कोडीहिं ॥
तं नाणी तिहिं गुत्तो, खवेई ऊसासमित्तेण ॥११॥

અર્થ :–તે અજ્ઞાની આત્મા ઘણાં એવા ક્રોડો વર્ષો સુધીમાં, અકામનિર્જરાએ જે કર્મ ખપાવે છે તે કર્મ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવો જ્ઞાની આત્મા એક શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવે છે ..૧..' એ પ્રમાણેનું વચન હોવાથી : અકામ નિર્જરા પણ સમ્યક્ત્વનું કારણભૂત હોવાથી. એવું સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલું છે.

, अणुकंपकामनिज्जर बालतवो दाण विणय विष्भंगे । संयोगे विप्पोगे वसणुसय इड्ढि सक्कारे ॥ અનુકંપા-અકામ નિર્જરા-બાલતપ-દાન-વિનય-વિભંગ-સંયોગ-વિયોગ-વ્યસન-ઉત્સવ-ઋદ્ધિ-સત્કાર; વળી જે અસદ્ગ્રહ ખોટી પક્કડના પરિત્યાગ કરવા વડે કરીને તત્ત્વની પ્રાપ્તિ એ પ્રમાણેના વ્યાખ્યાનને મેળવે છે. તે માર્ગ માટે છે, નહિં કે માર્ગાનુસારી માટે, અને એ જે માર્ગ છે તે પ્રાર્થનાના અધિકારમાં જ ઘટે છે, એ પ્રમાણે જાણવું, અને નિરતિચાર ચારિત્રને આચરતા એવા મહામુનિઓ વડે આ અનુમોદાયેલું છે, આચારાંગ સૂત્રમાં કહેલું છે તે આ પ્રમાણે : आउसंतो गाहावतीणा खलुमम गाम धम्माउ बाहंति सीअफासं च ना खलु अहं

संचाएमि अहिआसित्तए जो खलु मे कप्पईति अग्गिकाया । उज्जालत्तए,

હે આયુષ્યમાન! ગૃહપતિ વડે ખરેખર 'મારો ઈન્દ્રિયોને અથવા ગાત્રને શીતસ્પર્શ બાધ કરે છે, હું તેને સહન કરવા સમર્થ નથી'. એમ વિચારીને અગ્નિકાય=તાપણું કર્યું છે, પરંતુ તે અગ્નિકાયનું=તાપણાનું આત્મસેવન કરવું મને કલ્પતું નથી....

આ સૂત્રની વૃત્તિ આ પ્રમાણે ભિંખુ પડિલેહાઉં સાધુ પ્રતિલેખન કરીને પોતાની બુદ્ધિએ વિચારીને અથવા બીજાના કહેવા વડે કરીને અથવા સાંભલીને ગૃહસ્થની પાસે જાય અને તે ગૃહસ્થને પ્રતિબોધ કરે કે :—

'આ અગ્નિનું આસેવન કરવાનું અમારે અયુક્ત છે, તમે તો સાધુ પ્રત્યેની ભક્તિથી લઈને પુણ્યનો પ્રાગ્ભાર ઉત્પન્ન કર્યો છે, એ પ્રમાણે આચારાંગ સૂત્ર મોક્ષ અધ્યયનના ૩-જા ઉદ્દેશામાં કહેલું છે.

તેવી જ રીતે ''गोयमा जो दाणं दलयति सो दुक्करं करेई, दुल्लभं लभति, दुच्चयं चयति, जीवियं चयति, बोहिं बुज्जति :—હે ગૌતમ! જે દાન આપે છે તે દુષ્કર કરે છે, દુઃખે કરીને છોડી શકાય તેનો ત્યાગ કરે છે. દુર્લભને પ્રાપ્ત કરે છે. જીવિતનો ત્યાગ કરે છે, બોધિને પ્રાપ્ત કરે છે.'' એ પ્રમાણે ભગવતી સૂત્રમાં કહેલું છે.

વળી અત્યારે સાંપ્રતકાલે ધનસાર્થવાહ, ધન-ધનવતી, નયસાર, ધન્નાશેઠના દાનની અનુમોદના થયેલી છે, અને સાંપ્રતકાલે (દુષ્કાલની પરિસ્થિતિ હોય ત્યારે) જે સાધુઓને વહોરાવે છે, ત્યારે તે ગૃહસ્થને સાધુઓ પણ કહે જ છે કે 'અહો! તમને મહાન લાભ થયો છે, જે આ સાધુને દુષ્કર એવા કાલમાંથી (દુકાલમાંથી) પાર પમાડ્યો!' આ બધી વાતો સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા લાયક છે.

પર પાખંડીઓની પ્રશંસા કરવાથી દૂષણ પ્રાપ્ત થાય છે, એમ પૂર્વાચાર્યો વડે કહેવાયું નથી. કહેલું છે કે-''સર્વજન સમક્ષ આ બધા અન્ય દર્શનીઓના ગુણનું વર્ણન કરતો આત્મા, તેઓને-બીજાઓને અને પર પાખંડીના ભક્તોને અને તેના ધર્મથી પરાઙ્મુખ એવા આત્માઓને

મિથ્યાત્વમાં સ્થિરતા પ્રાપ્ત કરાવતો પોતાના આત્માને માટે અનંતો સંસાર ઉપાર્જન કરે છે" એ વાત અહિંયા કહેવાની જરૂર નથી. કારણ કે અહિંયા જે સર્વસમક્ષપદ મૂક્યું છે, તે પદવડે કરીને અપવાદ બતાવેલો છે, એ પ્રમાણે મહાનિશીથના આલાવમાં પણ એમ જ કહ્યું છે, બીજે કોઈપણ ઠેકાણે આવું અપવાદ પદ પક્ષ સૂચક પદ ન દેખાય ત્યાં પણ અધ્યાહારથી સમજી લેવું, તેથી કરીને તેને સંમત એવા કૃત્યને વિષે તેમજ માર્ગાનુસારી કૃત્યમાં શું ચર્ચા કરવાની?

અર્થાત્ ચર્ચા કરવાની કોઈ જરૂર નથી.

અનુમોદનાને આશ્રીને તેવી જ રીતે ભટ્ટારક હીરવિજયસૂરી મહારાજે ૧૨ બોલનો પટ્ટક બનાવેલ છે. તેમાંનો ૨-જા બોલમાં (જલ્પમાં) આ જ અર્થનું સમર્થન કરેલું છે, જે આ પ્રમાણે છે.

"પરપક્ષીકૃત ધર્મકાર્ય સર્વથા અનુમોદનાને યોગ્ય નથી એવું કોઈએ પણ બોલવું નહિં જેથી કરીને સ્વાભાવિક દાનરુચિ આદિ સાધારણ ગુણો અને માર્ગાનુસારી કૃત્યો, મિથ્યાદૃષ્ટિ સંબંધીના તેમજ જૈનોના પરપક્ષ સંબંધીના પણ અનુમોદનાને યોગ્ય છે" અહિંયા જે સર્વથા શબ્દ મૂકેલો છે. (બીજા જલ્પમાં) તેથી કરીને 'કાંઈક અનુમોદના લાયક છે, અને કાંઈક નથી' તેવો ભાવ જાણવો, અને 'સ્વાભાવિક' પદ જે મૂકેલું છે, તે 'સહજ પોતાની સાથે ઉત્પન્ન થયેલા જે ગુણો છે તે લેવાના છે, નહિ કે તેઓની કહેલી ક્રિયાઓ' એ પ્રમાણે સૂચવે છે, આ બીજા બોલ અંગે પણ આરાધનાપતાકની સંમતિ આ પ્રમાણે છે,

सेसाणं जीवाणं, दाणरुइत्तं सहायविणिअत्तं ।।
तह पयणुक सायत्तं, परोवयारिस्स भवस्सं ।।१।।

दक्खिन्न दयालुत्ते, पिअभासिताई विविह गुण निवहं ।।
सिवमग्ग कारणं जं, तं सव्वं अणुमयं मज्झं ।।२।।

एमाई अन्नंपि अ, जिणवर वयणाणुसारि जं सुकडं;
कय कारिअ मणुमोइअ, महयं तं सव्वमणुमोए ।।३।।

અર્થ :—બાકીના જીવોનું જે દાનરુચિપણું, સ્વાભાવિક વિનયીપણું તથા સૂક્ષ્મકષાયપણું, પરોપકારીપણું, ભદ્રપણું દાક્ષિણ્ય-દયાળુપણું, પ્રિય-ભાષિત્વ આદિ વિવિધ ગુણોનો જે સમુદાય કે શિવમાર્ગનું કારણ હોય તે બધું મારે અનુમોદનીય છે. ॥૨॥

આ બધા અને બીજું પણ જિનેશ્વર ભગવંતના વચનને અનુસારે જે કોઈ સુકૃત કર્યું-કરાવ્યું કે અનુમોદ્યું હોય તે સર્વની અનુમોદના કરું છું; આમાં બીજી ગાથામાં सिवमग्गकारणं એ પદ આપેલું છે.તેમાં બાકીનાં જીવોને મોક્ષના કારણભૂત થતાં એવા જે 'વિનીતત્ત્વ-દયા આદિ ગુણો તે જ અનુમોદનાને લાયક છે, બીજું નહિં', તે પરમ રહસ્ય જાણવું અને માર્ગમાત્રાનુસારી એ પ્રમાણે શ્રી હેમચંદ્રસૂરિએ પણ જણાવ્યું છે. તેમજ વીતરાગ સ્તોત્ર-૧૭માં પ્રકાશમાં यत्कृतं० આ ગાથાથી જણાવ્યું છે, આમ હોવા છતાં પણ જે કોઈ 'મિથ્યાદૃષ્ટિ સંબંધીનું બધું જ ક્રિયા આદિ અનુમોદનીય છે' એમ જણાવે છે તે અત્યંત અઘટિત-અસમંજસ જણાવે છે, તેમજ જે કોઈ 'મિથ્યાદૃષ્ટિ સંબંધીનું કાંઈપણ અનુમોદના લાયક નથી' એ પ્રમાણે પ્રરૂપે છે તે પણ તેની જેવા જાણી લેવા.

भूताब्धिरसेन्दुमिते वर्षे, श्री विजय देव सूरीणां ॥
तुष्टिकृते गणमध्ये, प्ररूपणा शुद्धि हेतोः ॥१॥

અર્થ :—સોલસો પંચોતેરની સાલના વર્ષમાં (૧૬૭૫) શ્રી વિજયદેવસૂરિ મહારાજની તુષ્ટિ—તેમની પ્રસન્નતા-શાંતિ ખાતર અને ગણની અંદરના પ્રરૂપણા ભેદને દૂર કરવા માટે ॥૧॥

अल्पधिया समदृष्टया, श्रृतानुसारेण तत्त्वमधिगम्य ॥
पक्षोऽयं निर्णीतो, मध्यस्था; शुद्धिकर्तारः ॥२॥

અર્થ :—અલ્પબુદ્ધિવડે કરીને, સમદૃષ્ટિ વડે કરીને,શ્રુતના અનુસારે આ પક્ષનો નિર્ણય કર્યો તેમાં તત્ત્વને જાણનારા શુદ્ધિ કરનારા મધ્યસ્થો છે. ॥૨॥

जिनशासनानुरागात्, कठोरमपि गुंफितं वचः किञ्चित् ॥
मिथ्यादुष्कृतदानात्-तद् गुणिनः क्षंतु मर्हंति ॥३॥

અર્થ :—જિન શાસનના અનુરાગથી કાંઈક કઠોર વચન પણ કહેલું છે, અને તેના મિચ્છામિદુક્કડંનું દાન કરવાથી ગુણી આત્માઓએ માફ કરવું યોગ્ય છે. ॥૩॥

गच्छे प्ररूपणा भेद-मपाकर्तुं विनिर्मिता;
जीयादूदुःप्रसहंयाव-दुपाधिमततर्ज्जना ॥४॥

અર્થ :—ગચ્છની અંદર પ્રવર્તતા પ્રરૂપણાના ભેદને દૂર કરવાને માટે બનાવેલ આ 'ઉપાધિમત તર્જના' યાને (પ્રરૂપણા-વિચાર) દુપ્પસહ સૂરિ સુધી જયવંતી વર્તો. ॥૪॥

श्रीमज्जैन प्रवचन वचन-रहस्य प्रकाशि वचन गुणाः ॥
श्री विजय देवसूरिर्ज्जयतु, चिरं संघ हितकत्ता ॥५॥

અર્થ :—શ્રી જિનેશ્વર ભગવાનના પ્રવચનના વચનના રહસ્યોને પ્રકાશિત કરવાના ગુણવાલા અને સંઘનું હિત કરનારા એવા શ્રી વિજયદેવસૂરિજી લાંબો કાળ જયવંત વર્તો. ॥૫॥

આ પ્રમાણે બીજો પક્ષ પણ વિચાર્યો; પરંતુ સાંપ્રતકાલે જિનેશ્વર ભગવાનના મતને ઓળંગ્યા સિવાય, તેનો પ્રચાર કરવો અને સ્યાદ્વાદનો જ આદર કરવો. કારણ કે તે સ્યાદ્વાદનું જ બધા આત્માઓને સર્વસ્થળે હંમેશને માટે શ્રેયસ્કરપણું હોવાથી.

જે સ્તુતિમાં હું કહું છું; કે જગતના જીવોની શાંતિ સર્જવાને માટે જ જેમણે જન્મ લીધો ન હોય તેવા અને ભૂરિતર લાભ જેણે પ્રાપ્ત કર્યો છે. અને સામાન્ય માણસો પર અસાધારણ કૃપાને ધારણ કરી છે, તે શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો.–૧ સ્યાદ્વાદની મુદ્રાનું ઉલ્લંઘન કરીને જે આત્માઓ પ્રમાદથી જે કાંઈ વચનોને બોલે છે, તે વચનો પ્રાજ્ઞ પર્ષદાની અંદર વિતથ ભાવને પામે છે–૨

જેના સંયોગે કરીને સર્વશાસ્ત્રોને વિષે પ્રમાણતા મેળવી શકાય છે. તે સ્યાદ્વાદને બુદ્ધિશાળીઓ કેમ ન સ્વીકારે? ૩

રાજા-ગણક-ચિકિત્સક-સામુદ્રિક-શાબ્દિક આદિ જે શાસ્ત્રો છે, તે હંમેશને માટે જેની અપેક્ષા રાખે છે તે જૈન વચનોની અપેક્ષા કેમ ન રાખવી? ૪

સ્યાદ્વાદના પ્રતિભાસથી વાસિત એવું શરીર છે જેનું, તે શરીરમાંથી યોગ અને પ્રયોગથી ઉત્પન્ન થયેલો જે વાણીનો યોગ, તે વાણીના યોગનો પ્રતિનાદ–પડઘો તે ભાગ્યશાળી પ્રાણીઓને ઉત્કટ ઉન્નતિને પમાડનારો થાય છે, અને જે વાણીના યોગની અંદર અત્યંત ગુપ્ત રહેલાં પદાર્થનો સમુદાય અને એમાંથી ઝરતા એવા ભેદ અને પ્રરોહના ક્રમથી સંખ્યાતીત એવા રસોને પામીને જનતા તર=તૃપ્ત થાય છે. જેમ વરસાદ વરસે તેમ.

સકલ ઈષ્ટ સિદ્ધિનું કારણ અને બુદ્ધિને વિશુદ્ધ કરનારો એવો જે આ સ્યાદ્વાદ માર્ગ, કરુણાને ધારણ કરનારા દ્વારા પ્રગટ કરાયો છે, અને તે કરુણાથી તેઓમાં જ દેવાધિદેવપણું રહેલું છે.

સ્યાદ્વાદની અંદર પણ કોઈ ઠેકાણે સ્યાદ્વાદ કે જેનું યુક્તિપૂર્વક (ખંડન) કરાયું છે, તે સર્વ જિનેશ્વર ભગવંતોના કલ્યાણની સંપત્તિ માટે થાઓ, એ પ્રમાણે પ્રવચનની પ્રશંસા કરી. એકાંતવાદનો નિરાસ કરવા વડે કરીને સ્યાદ્વાદને કહેનારા એવા જિનેશ્વર ભગવંતો જય પામો. એ પ્રમાણે પ્રરૂપણા વિચાર ગ્રંથમાં બીજા પક્ષનો નિર્ણય પૂર્ણ થયો.

આ પ્રમાણે 'પ્રરૂપણા ગ્રંથ'નો અનુવાદ પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી મુનીન્દ્રસાગરજી મહારાજ(વડીલબંધુ)ની પ્રેરણા થવાથી તે અનુવાદ કરતા ગ્રંથકારના આશય વિરુદ્ધ લખાવા પામ્યું હોય તો તેના મિચ્છામિદુક્કડં છે.

પ્રરૂપણાવિચારગ્રંથાનુવાદ

સમાપ્ત

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક–વાદિમદ ભંજક–
શાસનકંટકોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ. ના તથા તેઓશ્રીના
પટ્ટાલંકાર જ્યોતિર્વિદ પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.શ્રી
સંપાદિત તથા અનુવાદિત ગ્રંથો

**✲ આપે–ન વસાવ્યા હોય તો વસાવી–લેશો ✲**

૧. શ્રી પ્રવચનપરીક્ષાનુવાદ ભા. ૧લો ............................ રૂા. ૨૫૦=૦૦
૨. શ્રી પ્રવચનપરીક્ષાનુવાદ ભા. ૨જો ............................ રૂા. ૨૫૦=૦૦
૩. શ્રી સંવત્સરી શતાબ્દિ મહાગ્રંથ ............................ રૂા. ૧૦૦=૦૦
૪. શ્રી પિંડનિયુક્તિ ગ્રંથનો અનુવાદ ............................ અપ્રાપ્ય
૫. શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથ સાનુવાદ ............................ રૂા. ૪૦=૦૦
૬. પ્રાચીન-અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા ............................ રૂા. ૫૦=૦૦
૭. ભ્રામક વિધાનોના શાસ્ત્રીય ખંડન ભા. ૧ થી ૧૦ ...... રૂા. ૨૦૦=૦૦
૮. શાસન સુરક્ષા શ્રેણી મહાગ્રંથ ............................ રૂા. ૨૫=૦૦
૯. સાગરસમાલોચના સંગ્રહ ............................ રૂા. ૨૫=૦૦
૧૦. અનુભવસિદ્ધ ઔષધિઓ ભા. ૧--૨જો ............................ રૂા. ૧૦૦=૦૦
૧૧. શ્રી ઈર્યાપથિકી ષટ્ત્રિંશિકા સાનુવાદ ............................ રૂા. ૫૦=૦૦
૧૨. ઔષ્ટ્રીક મતોત્સૂત્ર પ્રદીપિકા સાનુવાદ ............................ રૂા. ૫૦=૦૦
૧૩. વિવિધ પ્રશ્નોત્તર શુદ્ધિ પ્રકાશક ભા. ૧--૨જો ............ રૂા. ૨૫=૦૦
૧૪. શ્રી હીરપ્રશ્નોત્તર ગ્રંથ ટિપ્પણીનો અનુવાદ ............ રૂા. ૩૦=૦૦
૧૫. કલ્યાણ સમાધાન શુદ્ધિ પ્રકાશ ............................ રૂા. ૧૫=૦૦
૧૬. સૂત્રવ્યાખ્યાન વિધિશતક સાનુવાદ ............................ રૂા. ૩૦=૦૦
૧૭. ઉપાધિમત તર્જના યાને પ્રરૂપણાવિચાર સાનુવાદ ........... રૂા. ૨૫=૦૦
૧૮. શાસનકંટકોદ્ધારક સૂરિજી સ્મૃતિ ગ્રંથ ભા ૧ થી ૩ ..... રૂા. ૧૦૦=૦૦
૧૯. શાસનકંટકોદ્ધારક સૂરિજી વ્યાખ્યાન સંગ્રહ ભાગ ૧--૨ . રૂા. ૨૫=૦૦
૨૦. શ્રી હીરપ્રશ્નોત્તર ટીપ્પણીકા ગ્રંથ ............................ રૂા. ૧૫=૦૦
૨૧. પર્યુષણા તિથિ વિનિશ્ચય સાનુવાદ ............................ રૂા. ૫૦=૦૦
૨૨. કુપતાહિવિષજાંગુલીમંત્ર તિમિર તરણી ............................ અલભ્ય
૨૩. શ્રાદ્ધપ્રતિક્રમણ યાને વંદિત્તા સૂત્રનો અનુવાદ ............... અલભ્ય
૨૪. શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથનો અનુવાદ ............................ રૂા. ૪૦=૦૦૦

: પ્રા...પ્તિ...સ્થા...ન :

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળા**

ઠે. ગિરિરાજ સોસાયટી, મુ. પાલીતાણા ૩૬૪૨૭૦

